અથ

બાલ કેળવણી રીતિ

પ્રથમ દર્શન.

"वरमेको गुणी पुत्रो न च मूर्खशतैरपि।
एकश्चन्द्रस्तमोहन्ती न च तारागणैरपि।
एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलंयथा॥"

બાલ કેળવણી રીતિ.

પ્રથમ દર્શન

કર્તા

કિશનલાલ ગોવિન્દરામ દેરાસરી.

नवल कमल सुपरिमलं महानपिन दर्दुरो विजानाति ।
स्वल्प शरीरो भ्रमरो निसर्गतो नीरजानिकर गुणज्ञः ॥

નવલ કમલનો પરિમલ, મોટો પણ મન્ડુક નહીં જાણે;
સ્વલ્પ શરિરનો ભ્રમરો, સ્વભાવથી જલજની મોજ માણે. ૧

અમદાવાદ.

યુનાઇટેડ પ્રિન્ટિંગ પ્રેસ.



Kipsantal Govindiam Derasary.

Born 6th July 1865.

મ્હારૂં વૃત્તાન્ત.

આનર્ત દેશના સર્વ બ્રાહ્મણ વર્ગમાં શ્રેષ્ઠ પંક્તિએ ગણાતા નાગર વિસનગરા એ નામાભિધાનવાળી જ્ઞાતીને-વિષે વિક્રમસંવત ૧૯૨૧ ના આશાઢ સુદ ત્રયોદશી ગુરૂવાર ને રોજ જેષ્ટા નક્ષત્રમાં બેંગલોર નામના એક પ્રખ્યાત શહેરમાં મ્હેસૂર સ્વસ્થાનમાં માનપામેલા માનવન્તા "લાલા" એ ઉપનામ ધારી કુટુમ્બમાં (તા૦ ૬ ઠ્ઠી જુલાઈ સને ૧૮૬૫) મારો જન્મ થયો હતો.

મારા વડીલો આશિરગઢ બુરાનપુરના મુખ્ય રહિશ (વતની) હતા. તેઓ ત્યાં તારકશનો ધન્ધો (પોતે નહીં પણ કારીગરોથી) કરતા હતા. તેમનું પ્રખ્યાત નામ સાંભલી મ્હૈસૂરના માહારાજાએ પોતાના રાજ્યમાં આવી રેહેવાની માંગણી કરી અને તે માંગણીનો મારા વડીલોએ સ્વિકાર કરી મ્હૈસૂર જઈ રેહેવા નિશ્ચય કર્યો અને ત્યાં જઈ રહ્યા.

માહારાજાએ યોગ્ય સન્માનસહિત તેમના કુટુમ્બીઓને મિલિટરી (લશ્કરી) ખાતામાં પ્રથમ વર્ગના સરદારની જગા આપી. એમ અનુક્રમે થોડા કુટુમ્બીઓ સુધી પ્રથમ વર્ગના સરદારની જગા ચાલતી આવી. એવામાં ઇંગ્રેજની સત્તાનો સમય આવ્યો, ને તે સમયમાં જે પ્રથમ વર્ગની

સરદારી અનુક્રમે ચાલતી આવતી તે બંધ પાડી એવો ઠ-રાવ તે વખતના લશ્કરી ખાતામાં કર્યો કે દરેક માણસનો અનુભવ—અને હોંશીઆરી જોઈ યથાઘટિત હોદ્દા આ-પવો. તેથી મારા પિતાને તેમની પોતાની હોંશીઆરી પ્રમાણે પ્રથમ વર્ગના રિસાલદારની જગા એક પછી એક એમ પા-છળના દરજ્જાઓ ચડતાં મળી. હાલ એ મહારાજ્ય તર-ફથી પેનશન (ઉદરનિમિત્ત આજીવિકા) પણ મળે છે.

મારો જન્મ કર્ણાટકમાં એટલે મારે તે દેશની કાનડી, તૈલંગી, મરાઠી વિગેરે ભાષાનો અભ્યાસ કરવો પડ્યો મારે મારી ૧૧ કે ૧૨ વર્ષની ઉમ્મરમાં કેટલાક કારણસર ગુજ-રાતમાં આવવું પડ્યું, ત્યારે હું ગુજરાતી ભાષાથી કેવળ અજાણ્યો હતો. પછી ધીમે ધીમે આંક, મૂળાક્ષર,—બાર-ખડી વિગેરે શિખતાં શિખતાં ગુજરાતી ભાષા શિખ્યો. હાલ મને ગુજરાતી ભાષા બરોબર આવડે છે કે નહીં તે જોવા એક લઘુપુસ્તકકાર તરીકે બહાર પડું છું. છેવટે સર્વે વિદ્વજ્જનો પાસે અતિ નમ્રતા સહિત માફ માગું છું કે મારા આ લઘુયત્નમાં કોઈપણ પ્રકારનો દોષ હોય તો તે સુધારી સાર સારનું સોધન કરી ત્વરિતથી ગ્રહણ કરશો.—અસ્તુ !

કિ૦ ગો૦ દેરાસરી,
ગ્રન્થકર્તા.

અથ પ્રસ્તાવના.

ઘણા વખતથી મારા મનમાં એમ આવતું કે મારે એકાદ નાનકડું પુસ્તક રચવું; અને તે એવું રચવું કે જેમાં સંસાર સમ્બન્ધીજ વિષયો આવે; અને વાંચનાર આર્યાવર્તવાસીઓને તેમજ અતરાપીને તે પુસ્તક ઉપર પ્રીતિભાવ ઉત્પન્ન થાય.

અરે ! અરે, મારે મારી પોતાની ન્હાની ઉમ્મરમાંથીજ પુસ્તકકર્તા તરીકે બહાર પડવું ન જોઇએ, કારણ કે હાલ મેં જે વિષય 'બાલ કેળવણી રીતિ' નામનો પકડ્યો છે તે મને છાજે તેવો નથી. અર્થાત્ એ વિષય લખનાર કોઇ વિદ્વાન્ પુરૂષ હોવો જોઇએ. પ્રસ્તુત વિષય ઉપર યથાસ્થિત વિવેચનરૂપે વર્ણન કરવા મારી મતી શું, મારૂં જ્ઞાન શું, મારો અનુભવ શું, મારી અવલોકન શક્તિ શું, મારૂં બહુશ્રુતપણું શું, મારૂં સંસારજ્ઞપણું શું, ઇત્યાદિમાંથી કંઇપણ નથી એમ કેહેવા જરાપણ ભમચાતો નથી, તોપણ એટલું તો હું બેધડક કહિ શકુંછું કે મારી યથામતી પ્રમાણે—અને મારા ધારવા પ્રમાણે આ લઘુપુસ્તક અવલોકન કરનારી સર્વ પ્રજાને કંટાળો આપનારૂં તો નહિ થઇપડે.

આ 'બાલ કેળવણી રીતિ' એ એક મહાન્ વિષય છે,

કારણ કે દરેક પ્રજા સારી અથવા નઠારી સ્થિતિમાં આ- વવાનો આધાર આપણી બાલ કેળવણી રીતિ ઉપર છે,— અને જે રીતિવડે કરીને આગળ ઉપર અવિચળ યશને પામી શકાય છે,—નીતિમાન્ થઈ શકાય છે,— જ્ઞાનવાન્ થઈ શકાય છે,—સદ્‌ગુણી થઈ શકાય છે,—દુર્ગુણ, લોભ, મોહ, મત્સર, જૂઠ, પ્રપંચ, ડાંડાઈ, ઇત્યાદિના નાશને કરી શકાય છે, મહાન્ વિદ્વાન્ વર્ગમાં ભારી યશને પામી શક્યા છે, સારાંશ, સર્વગુણ સમ્પન્ન પદને પ્રાપ્ત કરી શકાય છે એમ કેહેતાં કંઇપણ લૌકિક બાધ આડે આવતો નથી.

ઘણું કરીને આ પુસ્તક માબાપને વાંચવાનું છે, કારણ કે તેમની પાસે બાલ કેળવણી રીતિ બહુધા બહુ પ્રકારે આશ્રય સ્થાનરૂપે (જો માબાપે મૂળથીજ ઉંચા પ્રકારની કેળવણી લીધેલી હોયતો) રહેલી હોય છે; તેમજ આ પુ- સ્તક બાળકોના હમેશના પ્રસંગી (સહવાસી) ઓને પણ વાંચવાનું છે, વળી તે સાથે દરેક મેહેતાજીઓએ પણ આ પુસ્તક વાંચવું જોઇએ એમ કહિએ તો વિચાર કરતાં કંઈ હરકત જણાતી નથી. દરેક મેહેતાજીઓએ શા માટે વાંચવું જોઇએ તે અત્રે કેહેવાની જરૂર જણાતી નથી પણ એક વખત આ પુસ્તક અથથી તે ઇતિસુધી વાંચવામાં આવશે એટલે સાફ માલમ પડશે કે મેહેતાજીને પણ આ પુસ્તક વાંચવાની ઘણી જરૂર છે.

આટલું બધું કથન કથતાં મને જરા દિલગિરી ઉત્પન્ન થાય છે કે આ પુસ્તક વાંચવામાં બધી પ્રજાને એકસરખો લાભ આપી શકશે નહીં; કારણ કે આ પુસ્તકમાં ઘણાખરા સંસ્કૃત કઠિન શબ્દો તેના સમાસ સહિત આવી ગયા છે. મેં પ્રથમ વિચાર કર્યો હતો કે પ્રસ્તુત પુસ્તકની ભાષા ઘ- ણીજ સરળ અને દરેક પ્રજા મૂળ મતલબ યથાસ્થિત રી- તિએ જલદી સમજી શકે; પરન્તુ તેમ કરવું બનિ આવ્યું નથી માટે દિલગિર છું. વિશેષ મેં કંઈ જાણીજોઈને સં- સ્કૃત શબ્દો મુક્યા નથી પણ સ્વાભાવિક ભાષા—અને શબ્દોના પરિચયથી આવી ગયેલ છે.

મેં આ પુસ્તક છપાવતાં પેહેલાં થોડાએક સમ્ભાવિત વિદ્વાન્ મનુષ્યોને વાંચવા આપ્યું હતું. તે એવી ધારણાથી કે પુસ્તકમાંથી કંઇપણ ખોડખાંપણની મને સૂચના કરી યોગ્ય સુધારો વધારો કરવા પોતાનો અમુલ્ય અભિપ્રાય આપશે. તેજ પ્રમાણે એટલે મારી ધારણા પ્રમાણે જેજે વિદ્વાનોને મેં પુસ્તક વંચાવ્યું હતું તેતે વિદ્વાનોએ મારી માં- ગગણીનો સ્વિકાર કરી યથાઘટિત સૂચના કરી હતી પણ દરેક વિદ્વાનોની સૂચનામાં મૂખ્ય સૂચના કઠિન શબ્દો કા'ઢી નાંખી સરળ શબ્દો મુકવાની હતી. પણ મને એમ લાગ્યું કે સંસ્કૃત શબ્દથી ભાષા બહુ સારી દીપી નિકળશે. વળી જો ખરૂં પુછાવો તો સરળ શબ્દો તે કિયા અને તે કેવી રીતિએ

વપરાય તો ઇચ્છિત ધારણાની પ્રાબલ્યતામાં કોઇપણ પ્રકારનો વાંધો ન આવે તેની મને ગતાગમજ પડી નહીં તેથી, વળી બીજી રીતિએ જોઇએ તો મારા દુરાગ્રહી સ્વભાવથી અમુલ્ય સૂચનાનું મારાથી સન્માન ન થયું માટે અતિનમ્રતાથી આ ઠેકાણે તેઓની માફ માગુંછું.

આ પુસ્તક લખતી વખતે વિચાર કરતાં એમ માલમ પડ્યું કે આ પુસ્તકમાં જો પદ્ય દાખલ કરાય તો પુસ્તક અતિશે સારૂં થાય તેથીજ આ પુસ્તકમાં દરેક વિષયને છેલ્લે પદ્ય દાખલ કર્યાં છે. સાથે તે પદ્યો યમકઽલંકારવાળાં અને વર્ણ સગાઇવાળાં, તેમજ સારાં સારાં પ્રિયકર વૃત્તો તેની પોતાની સ્વરૂપ સૌંદર્યતામાં અતિશે માન પામે એ રીતિએ ગોઠવ્યાં છે એટલું છતાં પણ કોઈ સ્થળે દૃષ્ટીદોષ રહી ગયો હશે. પદ્યમાં દરેક પદ્યને મથાળે જુદાં જુદાં નિશાનો મુક્યાં છે તે એવા હેતુથી કે પદ્ય કરનાર ગૃહસ્થોનાં નામ માલમ પડી આવે, અને તે નામાભિધાન ઉપર મૂળ નિશાન સહિત આપ્યાં છે.

† બુ૦ ચ૦ દ્વિવેદી.
‡ ન૦ પુ૦ સંગવી.
※ ન૦ ન૦ પંડિત.
* કૃષ્ણશર્મા.

આ ઠેકાણે પદ્ય કરી આપનારનો મોટો ઉપકાર માનુંછું.

આ પુસ્તકની ગોઠવણી એક જૂદાજ પ્રકારની છે, તે માટે ગર્વરહિત એટલું કેહેવા રજા માગું છું કે આ પુસ્તકના જેવું ગુજરાતી ભાષામાં અદ્યાપિ સુધી પ્રકટ થયેલું

મારા જોવામાં કે સાંભળવામાં પણ ભાગ્યેજ આવ્યું હશે.

પોતાના પુસ્તકનાં પોતેજ વખાણ કરવાં તે બહુજ ખોટું છે એમ હું સારીપેઠે જાણુંછું પણ મારૂં કેહેવું ખરૂં છે અને ખરૂં કેહેવા માટે જરાપણ વિચાર કરવા સ્થિર છું. મારા યત્નને જોઈ વિદ્વાન્ મનુષ્યો તો નહીં પણ ઘણાખરા વિદ્યાહીન મનુષ્યો મારી પોતાની નિંદા કરશે એમ મને સંપૂર્ણ ખાત્રી થાય છે. તોપણ તેવા વિદ્યાશત્રુ અને વિચારશુન્યોની ગણનાને હું નક્કી કહુછું કે ગણનામાં લાવનાર નથી. તેમ છતાં મારા કૃત્ય ઉપર ઇર્ષા કરવી હોય તો ભલે, કોણ જોવા બેશી રહ્યું છે.

કેટલાએક માણસોએ મને મારા યત્ન સમ્બન્ધી—અને પુસ્તકની જૂદીજ તરેહની ગોઠવણી જોઈ નાખુશ થતા અને કેહેતા કે "આમ કરવામાં તમારી નિંદા થશે" તથાપિ તેમનું કેહેવું હું એક કાને સાંભળતો અને બીજે કાને કાઢી નાંખતો. વળી તે સાથે જરાપણ દિલગીર ન થતાં એવો જવાબ દેતો કે "ભાઈ, પુસ્તકની ગોઠવણી કેવી કરવી તે પોતાના વિચારો અને મનના ઉમળકા ઉપર આધાર રાખે છે; ત્યારે મારો ઉમળકો પણ મારા પુસ્તક માટે જુદીજ રીતિ ઉપર—અને જુદીજ ગોઠવણી કરવા અવલમ્બે છે, તો મારા ઉમળકાને કેમ ન પાર પાડું ?" એટલું કેહેતાં "ઠીક છે ત્યારે" એમ કહી મારી જોડે વિશેષ સમ્ભાષણ કરતા નહીં.

વળી અધૂરામાં પૂરી નિંદા પુસ્તકારમ્ભે મારી પોતાની છબી મુકી છે તેથી પણ થશે એમ માનુંછું, છતાં પણ તેની દરકાર રાખતો નથી. મારા મનમાં એમ આવ્યું કે મારે મારી છબી પુસ્તકારમ્ભે મુકવી ને તેથીજ હું આવી રીતે છબી મુકવા સહસા (સહસા તો નહીંજ ! પણ સહ-સા લોકો ગણે તો ભલે.) કરી બહાર પડું છું. સારા,—સભ્યતાવાળા,—નીતિમાન્,—વિવેકી,—ડાહ્યા,—ગુણજ્ઞ,-રસજ્ઞ,—વિદ્યાવિલાશી,—અને ખરાખોટાની પરીક્ષા કર-નાર મનુષ્યો તો મારી નિંદા નહીં કરે; પણ, એથી ઉલટા મનુષ્યો તે પણ ક્વચિત્ કરે ખરા—અને તેઓ કરશે તો મારે કોઇપણ પ્રકારે તેમના નીચ સ્વભાવને માટે ખોટું લ-ગાડવાનું નથી. હોય, "દુનિયાં દો રંગી છે"

આ પુસ્તકમાં પુસ્તકને પશ્ચાદ્ભાગે કઠણ શબ્દનો કોશ આપવા ધાર્યું હતું પણ આ પુસ્તકનું કદ ધારવા કરતાં વધારે થઈ જવાથી એ વિચાર બન્ધ રાખ્યો છે તે બદલ વિદ્વાન્ વર્ગને નમ્રતા પરત્વે યથાઘટિત અર્થ સમજી લેવા વિનતી કરવામાં આવે છે. પ્રસ્તુત યત્નની નવિન પ્રકારની ગોઠવણી કરવા "ગુજરાતી"ના એડીટરે પ્રકટ કરેલી "હિ-ન્દ અને બ્રિટાનિયા" નામના પુસ્તકની મદદ લીધી છે. તેમજ આ પુસ્તક રચતાં જુદી જુદી ભાષાનાં પુસ્તકોનું પણ અવલોકન કરવું પડયું છે પણ ઘણું કરીને આપણી

સંસારી સ્થિતિ અને હાલની માબાપની વર્તણુક જોઇનેજ—અને ખાસ કેટલાએક વખતસુધી આપણી રીતભાતનુ અવલોકન કરીનેજ આ પુસ્તકનું પ્રથમ દર્શન લખ્યું છે.

ઇતિ પ્રસ્તાવના.

અમદાવાદ. }
તા. ૧-૧-૮૬ }

કિશનલાલ ગોવિન્દરામ દેરાસરી.

બાલ કેળવણી રીતિ.

પ્રથમ દર્શન.

બાલ કેળવણી રીતિ

*વસંતતિલકા વૃત્ત.

આ 'બાલ કેળવણિ રીતિ' તણો પ્રસંગ,
જો ધારશે સુજન નાશ થશે કુઢંગ;
વાંચો અનૂભવથિ હોંશ વધારવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૧

છોટાપણે કુમળું વૃક્ષ કળેથિ વાળો,
કાચી મતી સમય તેમ કુટેવ ટાળો;
ધીમંત વીર ધરિ ધીર રહોજ શાને?
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૨

સંભાળિ કેળવણી ખામિ જરા ન રાખો,
વિદ્યા વિનોદ શિશુના દિલ મધ્ય દાખો;
દ્યો બોધ ભારિ દુઃખમાંથી ઉગારવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૩

સન્તાન માન અપમાન કશું ન જાણે,
તો માત, તાત શિર સૌ જન દોષ આણે;
લાગે વિવેકી જન ઉર વિચારવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૪

થાશો પ્રમોદિ શિશુ કેળવવાથી કેવા?

વાંચો બની નવિન ગ્રાહક સાર લેવા;
વિદ્વાન વા અભણુને મન ધારવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૫

બાળાપણે સુગમ નીતિ-રીતિ શિખાવો,
ને કેળવી સુખદ માર્ગ સિધો બતાવો;
સંસાર સાગરથી પાર ઉતારવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૬

શીખે શિખાવ્યું શુક પિંજર માંહ્ય જે'વું,
જેવો રિવાજ નિજ બાળક હોય તે'વું;
માટે કનિષ્ટ રીતિ સર્વ કરો રવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૭

માબાપ સ્વાધિનથી બાળકનો સુધારો,
માટે દુરાગ્રહિ બને નહિ તેમ ધારો;
ના ભૂલશો કથન સૂનિતિ જીતવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૮

અજ્ઞાનિ સ્વાર્થ નિજ બાળકનો બગાડે,
જ્ઞાની સુધારી સુખ-કેળવણી પમાડે;
લેજો પ્રયત્ન કુરિવાજ વિસારવાને,
આ ગ્રંથ કીધ શિશુ સર્વ સુધારવાને. ૯

બાલ કેળવણી રીતિ.

પ્રથમ દર્શન.

ઈશ્વર સ્તુતિ.

† વૈતાળિય વૃત્ત.

જય હે ! પ્રભુ પૂર્ણ કામદા,
કરજો સાહ્ય તમે હરી સદા;
વિનતી મમ ઉરમાં ધરો,
કરૂણાળૂ કરૂણા તમે કરો. ૧

આર્યાગિતી વૃત્ત.

જય જય પ્રભુ પરમાત્મા, આત્મા છો વિશ્વનાથ રે ! આપ;
પૂરણ બ્રહ્મ પ્રતાપી, વેદ પુરાંણે પ્રસિદ્ધ છે છાપ. ૧

રે ! સર્વાન્તરયામી, સુખધામી, શ્રીપતી સિદ્ધિ દાતા;
વંદુ તવ પદ પંકજ, રંકજ જાણી કરો તમે શાતા. ૨

જય જય જય જગજીવન, જય જય જ્યોતી રૂપ જગનાથ;
જય જશ દાતા જગપતિ, નાથ નિરંજન ગ્રહો તમે હાથ. ૩

પ્રભુ તવ અનુકંપાથી, પંગૂ પરવત શૃંગ ઉપર પૂગે;
મૂક મહા વક્તા બનિ અખંડ કિર્તિ પામે જુગ જૂગે. ૪

નથિ નથિ આશ્રય બીજો, રીઝો કે ખીજજો તમે સ્વામી;
પકડ્યો પલ્લવ ન તજું, આવ્યો તવ શરણે અંતરજામી. ૫

અવળી મતિના આર્યો, અયોગ્ય કામે ખરૂં દ્રવ્ય ખરચે;
શિશુ કેળવણી સારૂં, ચિત દઈ ચરચા કદી નહીં ચરચે. ૬

નિકળે નફ્ફટ—કુછંદી—કેફી—એદી—અસભ્ય—અજ્ઞાન;
લાયક દેશ લજાવે, મૂર્ખાઈમાં લહે ક્યાંથિ માન. ૭

અધમ દશા એણેથી, આર્ય દેશની આ વખતે આવી;
દાઝે દેશ હિતેચ્છુ, બોધે અનેક સુબોધ દરશાવી.

એ કારણથી આજે, શિશુ કેળવણી તણી સુલભ રીતિ;
નિરૂપણ થવા નિબંધે, પરમાર્થે મેં ધરી પરમ પ્રીતી. ૯

આવે ઉક્તિ રસાળી, એવી યુક્તિ કલમ વિષે આપો;
પામે બોધ પ્રજા સૌ, હડવે શિશુના અનેક સંતાપો. ૧૦

બાલ કેળવણી રીતિ પ્રવેશ.

વિષય પેહેલો.

આપણું આર્યાવર્ત હાલ દરેક બાબતમાં ઘણું પાછળ પ-

ડેલું જોવામાં આવેછે. પ્રથમની અને હાલની સ્થિતિ સરખાવીએ તો ઘણોજ ફેરફાર દિઠ્ઠો આવેછે. તે બધાંનું મુખ્ય કારણ ઊંચા પ્રકારની કેળવણી સિવાય છે એમ કહિએ તો ચાલે. ગમે તેમ હોય, એટલું તો ખરૂંજ કે પ્રથમ કરતાં હાલ આપણું આર્યાવર્ત પૃથિવીમાના બીજા વધારે સુધરેલા દેશો કરતાં ઉતરતી સ્થિતિમાં છે. દરેક દેશના શી રીતે ચડતી થાયછે? તે જો શોધવા બેશીએ તો ઘણુંકરીને આપણી **બાલ કેળવણી રીતિ** ઉપર આધાર રાખે છે કારણ કે બધી પ્રજા નાનાથી મોટી થાય છે. બાળકોને કેવી કેળવણી આપવી? અને માબાપે તેમની સાથે શી રીતે વર્તવું? તે થોડાજ લોકો જાણે છે અને વખતે નથી જાણતા એમ પણ કહીએ તો ચાલે.

બાળકોને શી રીતે કેળવવાં?—અને માબાપે તેમની સાથે શી રીતે વર્તવું? તેની માહિતી માબાપને ન હોવાથી તથા કેટલાકને માહિતી છતાં પોતાના બાળકો પર ધ્યાન ન આપવાથી તેઓ ઘણી ખરાબ વર્તણુકે ચડેલા જોવામાં આવે છે. પ્રથમ આ એક મોટી વાત લક્ષમાં રાખવાની છે કે પોતાનાં બાળકો સદ્‌ગુણી થવાં જોઇએ એવું ઇચ્છનારાં માબાપે સ્વતઃ ઘણાં સારાં આચરણો રાખવાં જોઇએ. બાળકો સારાં અથવા નઠારાં થવાનો આધાર એક રીતે જોવા જતાં માબાપ અને હમેશના સહવાસવાળાની વર્ત-

ણુક ઉપર આધાર રાખે છે.બાળકો ખરાબ હાલતમાં આ-
વી પડેછે તેનું ખરૂં કારણ પણ માબાપની બે પરવાઇ છે.
કેટલાક કુટુંબીઓ બાળકો પ્રત્યે પોતાની શી શી ફરજો છે?
અને તેમની સાથે શી રીતે બોલવું? કેવું અને કેટલું બોલ-
વું-કેવા પ્રકારનું બોલવું? કેવી અને કેટલી મર્યાદા રાખવી
તેથી કેવળ અજાણ્યા હોય છે.

નાનપણમાં બાળકો ઘણી ચંચળ વૃત્તિનાં હોય છે, કેમ-
કે તેમની એવી કેટલીક વૃત્તિઓ બહુજ સારી સ્થિતિમાં
હોય છે. બાળકો બે કે અઢી વર્ષનાં હોય, ને બોલતાં શિખ-
વાની તૈયારીમાં હોય તેવામાં તેમની અવલોકન શક્તિ ઘ-
ણીજ મોટી હોય છે પણ તે ઘણુંકરીને મોટા માણસોના
જાણવામાં આવતી હોય તેમ લાગતું નથી; તેથી માબાપ
એમ સમજેછે કે બાળકો કંઈ સમજતાં નથી પણ તેમનું
એ સમજવું ઘણું ભૂલ ભરેલુંછે.કારણ કે **લૉર્ડ બ્રૂહમ** નામના
એક વિદ્વાન પુરૂષે એક ઠેકાણે એમ કહ્યુંછે કે '**બાળકો દો-
ઢથી તે અઢી વર્ષનાં થાયછે ત પર્યંત એક વર્ષની અવધમાં
તેમને એટલું જ્ઞાનપ્રાપ્ત થાયછેકે તેટલું જ્ઞાન તેમની બાકીની
આખી જીંદગીમાં પણ પ્રાપ્ત થઈ શકતું નથી.**' આ વિ-
ષે ગમે તેમ હોય, પણ એટલું તો સાચુંજ કે નાનાં બાળકો
અવલોકન કરવામાં કુશળ હોય છે; તેમાં કોઇ પણ પ્રકારે
ખોટું માનવા કે સંશય રાખવા જેવું નથી. માટે માબાપે

સર્વ પ્રકારે અને સર્વ પ્રસંગે પોતાનાં આચરણો સારાં અને પવિત્ર રાખવાં જોઇએ. માબાપને માલમ પડે કે બાળકો જેવી રીતે વર્તે છે તેવી રીતે તેમને વર્તવા દિધાથી તેઓ દુરાચારી થશે, તો તેમણે તેઓને સુધારવા માટે સારો, સુરસિક—અને જ્ઞાનમય બોધ અહર્નિશ દેવો.

કેટલાક લોક એવા હોયછે કે પોતાનું છોકરૂં અન્ય બાળકને ગાળો દેતાં કિંવા ઉપહાસ્ય કરતાં જોવાથી ઘણાં ખુશી થાયછે, અને કેટલાકતો પોતાનાં બાળકોને ચોરી વા બીજી રીતે પુષ્કળ અનીતિનાં કર્મો કરવા સલાહ આપેછે; આથી તેઓનાં સંતાનો સેહેજ ખરાબ હાલતમાં આવી પડે છે ને મોટપણે તેમનાં દુરાચરણોનું નિવારણ થઇ શકતું નથી. માટે ઉપર લખેલા સર્વ પ્રકારથી તેમને નાનપણથીજ વેગળાં રાખવા પ્રયત્ન કરવો જોઇએ,તથાપિ પ્રસ્તુત યત્નને સમ્બન્ધે કેટલુંક વિવેચન કરવા યોગ્ય ધારૂંછું.

† વસંતતિલકા વૃત્ત.

સંતાનને સુધરવા પ્રભુ પ્રેમ ધારો,
તો વર્તણૂક નિજની પ્રથમે સુધારો;
એ દાખલેથી સુભ અર્ભક બોધ લેશે,
લખ્યો ન સંશય તમે વડુ વીર લેશે ૧
* લેશે સુબોધ અતિશે નિજ ભૂલ છાંડી,

છાંડી કુટેવ સઘળી, ગ્રહશે રસાળી,
થાશે સુખી દુઃખ ટળી કુડિ રીતિઓનાં,
ને દુષ્ટ શબ્દ મુખથી કદિ બોલશે ના. ૨

માબાપે બાળકો પ્રત્યે શી રીતે બોલવું?

વિષય બીજો.

માબાપે પોતાના કુટુંબમાં તથા મિત્ર મંડળમાં હમેશાં સારા, સભ્યતા વાળા અને નીતિયુક્ત બોલ બોલવા જોઇએ. કેટલાએક પોતાના મિત્ર મંડળમાં સ્વાભાવિક કાળક્ષેપ કરવા માટે નિરર્થક વાતોથી મશ્કરીમાં પરસ્પર લપડાકો મારતાં તથા બિભત્સ ભાષણો કરતાં-બીજી અનેક કુચેષ્ટાઓ કરતાં જોવામાં આવે છે. આ પ્રમાણે પોતાના કુટુંબીઓનું કૃત્ય જોઇ બાળકો પણ તેવી રીતે શિખે છે, અથવા તે પ્રકારની અસર તેમના મન ઉપર લાગૂ પડે છે. આવા અનેક અનીતિના ધડાઓ માબાપ પોતાનાં બાળકોને આપતા માલમ પડે છે. તેનાં કેટલાક ઉદાહરણો નીચે પ્રમાણેઃ-આપણે ઘણા કુટુંબોમાં જોયું છે કે બાળકની મા કિંવા બીજુ કોઈ સંબંધી બાળકને પાસે બેસાડી અતિ હેતથી એવી રીતે પૂછેછે કે "તારૂં લગ્ન કરીશું?" એમ કહી ઢીંગલા ઢીંગલી વિગેરે રમકડાં તેની પાસે મૂકી કહે છે "આ

તારી વહુ, આની જોડે તને પરણાવીશું !" ઇત્યાદી કહી બિચારાં અણસમજુ બાળકોને બગાડવામાં આવે છે. પ્રથમ તો પરણવું એ શું ? તેજ બાળકો સમજેલાં નથી, ત્યાર પેહેલાં આવી સંસારિક વાતની તેમનાં કુમળાં મન પર અસર કરી બાળ લગ્નના હાનિ કારક રિવાજના મોટા ધરામાં પધરાવી દે છે; વળી કોઇ કાંઈ વખત એવું પણ જોવામાં આવેલું છે કે બાળક હઠ કરીને કહે છે કે "મને પરણાવો" અથવા "મને ક્યારે પરણાવશો ?" વિગેરે અનેક પ્રશ્નો માબાપને પૂછે છે. આથી માબાપ ઘણાં ખુશી થઈ હસે છે !

આમ હસવામાં કેટલી હાનિ છે તે તેઓ સમજતાં નથી. જુઓ ! એવાં વાક્યોમાં કેટલું અનીતિનું સિક્ષણ છે વારૂ ? માબાપ પોતાના બાળકોને સેહેજ હાસ્ય કરતાં અને રમત ગમતમાં કેટલી બધી અનીતિની રીતિ શિખવે છે ? બાળકો પણ તે હોંશથી શિખે છે. પછી તેઓ પોતાના ભાંડુ પાસે, સોબતી પાસે અને માબાપ પાસે તુરત તેવી રીતે કરી દેખાડે છે, તો પણ અવિચારી માબાપ સમજતાં નથી. અર્થાત્—બાળક અનીતિનો ધડો લે છે અને તેનો લાભ માબાપ, સોબતી વિગેરેને આપે છે !! વળી અજાયબ જેવું એ છે કે લીધેલો ધડો પુનઃ કરી બતાવતાં બાળકોમાં કોઇ પણ પ્રકારનો ભેદ રહ્યો હોય તો સૂચના

આપી સુધરાવે છે. અરે! કેટલું બધું શરમ ભરેલું? પાડોશી વિગેરેના છોકરાં ભેગા થયાં કે એક એકને એવી રીતે પૂછે છે કે "તને ઢીંગલાં ઢીંગલીની રમત રમતાં આવડે છે?" ઇ૦ આવી અનેક પ્રકારની રમતો વિષે પૂછે છે. તેથી વખતે બાળકો કુછંદી થઈ અઘટિત કૃત્ય કરતાં શિખે છે. એ વિગેરે બીજી અનેક પ્રકારે બાળકોના મનમાં સદ્ગુણ, વિદ્યા ઇત્યાદિ અનેક ઉપયુક્ત વાતો માટે પ્રીતિ ઉત્પન્ન ન થતાં ઉલટી તે વિષયોને માટે અનાસ્થા ઉત્પન્ન થઈ તેમનાં કોમલ અંતઃકરણમાં અનીતિનો પાયો રોપાય છે. માટે આવી રીતના કઢંગા વિનોદ માબાપે મોટી કાળજીથી સર્વથા ત્યાગ કરીને તેને બદલે તેમણે પોતાના કુટુંબમાં અને મિત્ર મંડળમાં સારા, સુરસ, જ્ઞાનમય—નીતિયુક્ત બોલ બોલવા જોઇએ બાળકો તે બોલો સાંભળે કે જેથી તેમની બુદ્ધિ અને જ્ઞાનમાં વધારો થઈ નીતિને રસ્તે વર્તિ આગળ ઉપર તેઓ સારી હાલતમાં આવે.

*** વસંતતિલકા વૃત્ત.**

હે! માત તાત શિશુંનાં, શિશુ સૌ સુધારો,
ધારો દિલેથી હિત કાજ, વિવેક સારો;
સારો—સુબોધ દઇને, મતિ કૂડિ કા'ઢો,
કા'ઢો કલેશ મનથી, કટુ પાઈ કાઢો. (૧)

બોલો સુશબ્દ મુખથી, અતિશે વિવેકી,
દેખી, શિખી વરતશે, સહુ બાળ નેકી;
ને કીરણો સકળ સ્થાન, થશે પ્રદિપ્ત,
જેથી તિમીર મનનું જતું રે' સમસ્ત. (૨)

જે છાપ બાળપણમાં, પડિ તેજ રે'શે,
મોટા પણે જરૂર ના, ખસશે પડી તે;
જો બાળ બાળપણમાં, સુધર્યું સુધર્શે,
હૈ તો પછી કહિંથિ તે, શુભ બુદ્ધિ સ્પર્શે? (૩)

માબાપની બાળકોને ચાળા પાડતાં શિખવવાની કઢંગી વર્તણુક.

વિષય ત્રીજો.

આપણામાં કેટલાક એવા રિવાજ છે કે તે પ્રમાણે વર્તવાથી બાળકો બગડે છે. તેનું વર્ણન કરતાં ટૂંકામાં પાર આવે તેમ લાગતું નથી. તે પૈકી "**બાળકોને ચાળા પાડતાં શિખવવા**" એ એક નિંદ્ય પ્રકાર છે કે જેને આપણા લોકો મોટું લાડ માનેછે. કુટુંબના માણસો ઘણા આનંદથી બાળકોને પાસે લેઈ બેસે છે અને તેમને પૂછે છે કે "બાઇ, તારી માનુ મોં કેવુંછે ? તે હીંડેછે કેમ ? ખાય છે કેમ ! " વિગેરે અનેક હાનિકારક પ્રશ્નો પૂછે છે. ત્યાર બાદ

બાળકો પોતાનું મોં વક્ર કરી દાંત, આંખ, પગ ઇત્યાદિથી પૂછેલા પ્રશ્નાનુસંધાનિક ચાળા કરી બતાવે છે. આ જોઈ તેમની પાસે બેઠેલા માણસો ઘણા આશ્ચર્ય પામી ખડખડીને હસે છે! બાળકોના આવા ચાળા પાડવા એતો જાણે એક મોટું કોતુકજ હોયની તેમ માબાપને લાગે છે! તેથી બાળકોનાં મનમાં માબાપ વિનોદાસ્પદ છે એવું ઠસે છે. પછી બાળકો તેમનું અપમાન કરતાં શિખે છે, ને વખતે તેમની ધાક પણ બિલકુલ પત કરતાં નથી તેમજ ક્વચિત્ મશ્કરી પણ કરે છે. બાળકો તેમની પોતાની આવી ખરાબ વર્તણુકથી ભાંડુઓમાં પણ અણ ગમતાં થઈ પડે છે. આવા સર્વ પ્રકારોથી ઘણું નુકસાન છે. અને તે નુકસાનના કારણ ભૂત માબાપ થાયછે. જેને બાળકો હોતાં નથી તે મોટી પ્રાર્થનાથી,—વૃતાદિકથી,—ઉપાસનાથી,—માનતાઓથી ઈત્યાદિ, અનેક પ્રકારનાં દુઃખો સહન કરી ઇશ્વર પાસે માગે છે. પણ બાળકોને સંબંધે પોતાનું કર્તવ્ય કર્મ શું?—ને તેમને (બાળકોને) માટે પોતાની જવાબદારી શી? વિગેરે બાબતો માટે માબાપના મનમાં જરા પણ વિચારો ન આવતાં અને તેની સાથે બાળકો એ શું? તેનું પણ ભાન ન રાખતાં તેમને (બાળકોને) એક પોતાના સ્વાધિનનો મોજ કરવા લાયક પદાર્થ—અને સ્વાભાવિક રમત છે એમ સમજી ઉપર પ્રમાણે કઢંગી કેળવણી આપે છે.

" અરે ! બાળકોને કેળવવાં એ કેટલું જોખમ ભરેલું—વિ-ચારવા લાયક ને કેટલું શાંણપણાનું. કામ છે ? તે બાબત અદ્યાપિ સુધી કંઈ પણ માબાપે કાળજી રાખેલી જોવામાં આવતી નથી !!

બાળકોને સહનશિલતા, માનવ સ્વભાવ—ને તત્વ જ્ઞાન શિખવવાને માબાપ એક મોટું સાધન છે, એવી રાતનો વિ ચાર કરવા સારી પેઠે અવલોકન કરનારા—વિચાર કરનારા માણસો તેમને (માબાપને) એક પ્રકારની શાળા સમાન માને છે. તેવું જે માનવું હાલ આપણા લોકોમાં પરંપરાના અજ્ઞાનયુક્ત રિવાજથી એક શત્રુ રૂપ ગણના પકડે છે. અરે! ભાઈ, આપણામાં થોડાજ લોકો જાણે છે કે **બાલકોને શી રીતે કેળવવાં ?** તે માટે પાછળ કહેલી બાળકોને કઢંગી કેળવણી આપવાની રીતિ ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવશે.

† મનહર વૃત્ત.

આપીને અખૂટ છૂટ અઘટિત અર્ભકને,
ઓબાવલાં કરી, મુખ પર'ન ચડાવિએ;
બાળાપણ થકી બહુ સારી આપી શીખામણ,
સરસ સુનીતી પ્રીતી આણી સંપડાવીએ;
આપીને અયોગ્ય ઠપકો કે ભભકો કરીને,

રીસ અને રોફ વડે રતી ન રડાવીએ;
વાયક વદીને મીઠાં કાંઈક વિચાર કરો,
લાયક લાગે તે લાડ લાલને લડાવીએ. ૧

બાળકોના હાથમાં કઈ વસ્તુઓ આપવી જોઇએ?

વિષય ચોથો.

બાળકોના હાથમાં ઘાતક વસ્તુઓ (ચપ્પુ, સૂડી વિગેરે) ન આપતાં સ્લેટ (પાટી) પેન્સિલ ચોપડી ઇત્યાદી. અઘાતક વસ્તુઓ આપી જે વસ્તુનો જેવો ઉપયોગ થતો હોય તેવો માબાપ કે બીજા કોઇએ કરી બતાવવો. ઉદાહરણ૦ જો કલમ હોય તો અક્ષર કાઢતાં શિખવવા ઇ૦અર્થાત્—આજથીજ આવી સારી લાગણી બાળકોને કરવામાં આવી હોય તો આગળ ઉપર તેમને વિદ્યા વૃદ્ધિનાં સાહિત્યો હિતાવહ થવાનાં તેમજ બાળકોના હાથમાં નાના તરેહના-ઉપદેશની વાતોના તાત્પર્યાર્થાનુસંધાનિક ચિત્રો આપવાં, જેમકે માબાપ કુટુંબસહવર્તમાન બાળકોને લેઈ પ્રીતિથી પુસ્તકાદિ લઈ વાંચતાં બેઠાં હોય, કિંવા બાળકો પુસ્તકો લઈ નિશાળે જાય છે,—સભામાં વ્યાખ્યાન આપવા કોઈ મા-

ણસ ઉભો થએલ છે,—કોઇ ઉપદેશ શ્રવણ કરે છે. ઐ-ત્પાદ્યાનિક વાતોનાં જેમાં કેવળ નીતિરૂપ શુભ પ્રતિબિંબ હોય તેવાં રમણિક ચિત્રો તેમના હાથમાં આપવાથી તે-ઓ ખુશી થઈ તેમના પોતાના મન સાથે બોધ થવા,—સારી કેળવણી પામવા અને નીતિ રીતિ શિખવા ઉત્તેજન-રૂપ સાધન થાય.

બાળકોને સારી રીતે બોલતાં આવડ્યું એટલે માબાપે સદ્‌ઉપદેશ ઉપર કેટલીક કવિતા બોધ ઉપર વલણ લાવી મુખ પાઠ કરતાં શિખવવું, એટલે બાળકો પોતે શિખેલી કવિતા હર ઘડી બોલવાના અને ગોખવાના પરિચયથી ક-વિતામાં કહ્યા પ્રમાણે સારી શિખામણનો લાભ લઈ શકે. કદાપિ બાળકો કવિતા બોલવામાં ભૂલ કરે તો મુખ પાઠ કરેલી કવિતા અથવા કોઈ પણ વાતમાં સંપૂર્ણ અર્થાનુક્રમ પાડી કરેલી ભૂલ સુધારી આપી ફરી તેમ ન થવા અસર કારક બોધ કરવો જોઇએ. ઉદાહરણ. '**નિત્ય જવું નિશા-ળમાં;**' એમ હમેશાં તમે ગોખોછો ને નિશાળે જતા નથી એ કંઈ સારૂં કર્યું કહેવાય નહીં. જો તમારૂં પોતાનું બોલે-લું વચન તમે પોતે ન પાળો તો તમારૂં વચન કોણ પાળ શે ? અને બીજી રીતે જોઇએ તો તમે પોતે ઈશ્વરના ગુ-નેગાર થયા, કારણ કે **જ્યારે તમે પોતે બોલ્યા પ્રમાણે નવર્ત્યા ત્યારે તમારૂં બોલ્યું જૂઠાઈમાં ગણાયું.** તેથી બેહે-

તર છે કે જેવી રીતે જે બોલવું અથવા કહેવું તેવીજ રીતે વર્તવું. આવાં અનેક કારણોને સંબંધે બાળકોને બરોબર સમજ પાડવામાં આવે તો ને બાળકોને યથાસ્થિત સમજણ પડી તો પુનરપિ તેમ કરવા (બોલ્યુ અબોલ્યું કરવા) શરમ આવ્યા સિવાય રહેશેજ નહીં ને શરમ આવી એટલે ફરી બોલ્યું અબોલ્યું કરશેજ નહીં.

*** ભુજંગી વૃત્ત.**

શિશૂ હાથ આપો સુબોધીત ચિત્રો,
ન આપો કદિ હાનિ કર્તા કુચિત્રો;
સુભાષિત ચોપાનીઆં હાથ આપો,
અતી હેતથી બાળનું હીત તાકો. ૧

બાળકોની સમજુત કરવા વિશે.

વિષય પાંચમો.

બાળકોના હાથમાં ચપ્પુ-સૂડી વિગેરે આપવાં નહિ એવું આગળ કહેવામાં આવ્યું; પરંતુ બાળકો માબાપ પાસે જે કંઈ જુવે છે તે પોતાનું હિતાવહ છે કે અહિતાવહ છે તેનો વિચાર તેઓ ન કરતાં ઘણુંકરીને હઠ લઈ બેસે છે કે ફલાણી વસ્તુ અમને આપો. બાળક જે વસ્તુ માગે તે

વસ્તુ જો આપવા લાયક ન હોય તો હઠ કરી રડે એવો પરિપાઠ પ્રથમથીજ માબાપે રાખવો નહિ. કેટલાંક માબાપ બાળકો જે જે વસ્તુ માગે તે તે વસ્તુ આપી બગાડે છે, કદાચિત્ માગેલી વસ્તુ માબાપથી એકાદ વખત ન અપાઈ તો બાળકો તે મેળવવા હઠ લઈ બેસે છે અને જો તેમ કરતાં પણ તેઓ ન ફાવે તો ચોરી કરીને પણ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાની ધારણા રાખે છે.

બાળકો જે કંઈ માગે તે માગ્યા પ્રમાણે આપવાની માબાપની મરજી ન હોય તો તે "બિલકુલ આપતા નથી," અથવા "તેટલી આપવાની નથી." એમ બોલી કઠોર વચને કદી પણ માબાપે બાળકોનું મન દુખવવું નહિ, પણ કંઈ સુલભ ઉપાય સોધી કા'ઢી તેમનું મન શાન્ત થાય એમ કરવું જોઇએ. બાલકોમાં પુરતો વિવેક ન હોવાથી યોગ્યાયોગ્ય-હિતાહિતની સમજણ શક્તિની ખામીને લીધે માબાપની સારી સમજુતીના અસર તુરત થઇ શકતી નથી. વાસ્તવિક રીતે જોતાં માબાપે યુક્તિથી ગમે તેમ કરી મોટી સંભાળથી સારી શિખામણની અસર બાળકોના મનમાં ઠસાવવી જોઇએ. બાળકો ઘણા ન્હાના હોય તો હરેક અસરકારક તદબીર વડે જ્ઞાનબોધ કરવાથી ઇચ્છિતાર્થની પ્રાપ્યતામાં કોઈ પણ પ્રકારની ખામી જોવામાં આવશે નહીં.

ઉદાહરણ—એક વખત એક બાળકની મા માટલામાંથી

ગોળ કા'ઢતી'તી, તે જોઈ બાળકે તેણી પાસે ખાવામાટે થોડો ગોળ માગ્યો, એટલે જરા આપ્યો, ફરી બાળકે થોડો માગ્યો, વળી તેનું મન શાંત કરવા થોડો આપ્યો. વારે વારે માંગવાના દુરાગ્રહને લીધે કંટાળી જઈ તેની માએ અધિકાધિક આપવા માંડ્યો, તો પણ તેટલેથી સંતોષ ન થતાં અધિકાધિક માગવાનો દુરાગ્રહ બાળકે છોડ્યો નહીં—હઠ કરી ખૂબ રડવા માંડ્યું—જકનો પાર ન આણ્યો; તેવામાં પેલા બાળકની મ્હોટી મા (બાપની મા) એ આવી જરા ધીમેથી સમજાવી ફરી માટલામાંથી એક હાથમાં બોર જેટલો ને બીજામાં સોપારી જેટલો ગોળ લઈ પેલા હઠીલા બાળકને કહ્યું કે "ભાઈ ઉઠ, આ બે ગોળની ગાંગડીઓમાંથી તને જે પસંદ પડે તે લે." એટલું કહેતામાંજ તે બાળકે ખુશીથી પેલી સોપારી જેવડી ગોળના ગાંગડી લઈ રડવું મુકી દીધું ને વળી સભ્યતાથી તેણીએ બાળકને નાચે પ્રમાણે શિખામણ દીધી."ભાઈ, તું ડાહ્યો થઈને હઠ કરેછે એ સારૂં નહિ, જો વધારે ગોળ ખાધામાં આવે તો શરીરમાં ગરમી થાય, આંખો દુખે." ઇત્યાદ્યાનેક યોગ્ય કારણો તેને અસર કરે તેવી ઢબમાં કહ્યાં; તેથી ફરી કોઈ વખતે એની મા કે બીજા કોઈને ગોળ કા'ઢતાં જુવે તો તે બાળક જરા પણ માગેજ નહિ ને વખતે કા'ઢનાર આંપે તો થોડોજ લે.

આમ થવાનું મુખ્ય કારણ એ હતું કે બાળકને જે સ-

મેંજુત આપી હતી તે તેના મનમાં બરોબર ઠસેલી હતી. હવે આ વિષયને માટે એટલુંજ કહેવાનું કે ઉપરની વાત પ્રમાણે યુક્તિ અને ધોરણ વડે બાળકોની સમજુત કરી હોય તો સારૂં, અને તેમજ કોઇ પણ વાતને સંબંધે બાળકોની સમજુત કરવી હોય તો ખરૂં કારણ કહી સમજુતી કરવી એ શ્રેષ્ઠ છે.

બાળકનું માથું ન્હોળતાં વાળ ખેંચાયાને લીધે તે રડવા માંડે છે, તે પ્રસંગે કેટલીક સ્ત્રીઓ કહે છે કેઃ "ઠીક ન્હોળવા દે, નહિતો માથામાં જુવો વધશે,-અને તે મોટી થશે એટલે તને તાણી જઇ એક મોટા ખાડામાં નાંખી આવશે." આવું ખોટું કારણ બતાવવાનો હેતુ એવો દિશી આવે છે કે-બાળક દેહેશતને તાબે થઈ સેહેલથી માથું ન્હોળવા દે ને જક કરી રડે કે રંજાડે નહિ. પોતાને સેહેલથી કામ કરવા માટે બાળકને મોટી ભય ભરેલી સ્થિતિમાં નાંખવા જેવું એકે નીચું કામ જણાતું નથી. આવી રીતે દેહેશતને તાબે કરી પોતાનુ કામ ઝટ આટોપવું એ સમજુ—શાણા—વિવેકી—વિદ્વાન માબાપને છાજતું નથી. ખોટાં કારણો કહી બાળકોને ભયભિત સ્થિતિમાં લાવવાં એ નુકશાન કર્ત્તા છે.

ખાડામાં નાંખી દેશે, એ દેહેશતથી બાળકની ચિત્તવૃત્તિ સ્થિર રે'તી નથી, એટલુંજ નહીં પણ ભયને લીધે શારિર રક્ત ભ્રમણમાં વિકાર થઇ તન્દુરસ્તીને હાનિ પોહોંચે

છે; તે છતાં જો બાળક બહુજ જક્કી અને એવી દેહેશતને પત કરે તેવું ન હોય તો માથું પણ બરોબર ન્હોળાતું નથી.

તે માટે આ અને આવાં બીજાં ખોટાં કારણો બતાવી બાળકોને ભયભિત સ્થિતિમાં ન લાવતાં એવી રીતે તેમનું માથું ન્હોળવું કે જેથી તેઓ ખુશીથી ન્હોળવા દે, ને જો કદાચિત્ દુરાગ્રહથી વાળ ગુંચાયા હોવાને લીધે માથું ન ન્હોળવા દેવા હઠ કરે તો તેને કહેવું કે "જરા પણ દુખાયા કે ખેંચાયા વગર કેમ ન્હોળાય? જો તું ન્હોળવા નહિ દઉં તો માથામાં ઘણી જુવો થશે. એકના માથામાંની જુવો બીજાના માથામાં ચડવાના સંભવને લીધે તને કોઈ પાસે બેસવા દેશે નહીં,—ને જો વધારે જુવો થશે તો—ફૂલની વેણી ભરવી હશે તો તેનો લાભ તને મળી શકશે નહીં, કે જેથી તારે આનંદને માટે, સુખને માટે, સુવાસને માટે અને સુશોભિતપણાને માટે નિરંતર નિરાશ રહેવું પડશે. ખરેખરાં માનવા યોગ્ય કારણો કહી બાળકના મન ઉપર જેવી જોઇએ તેવી અસર કરી હોય તો આગળ ઉપર લાભ કર્તા થઈ પડે. "પોતાના સુખને માટે થોડું ઘણું દુખ તો સહન કરવું પડે." એમ જો બાળકોના સમજવામાં આવે,—અને તેવીજ રીતે સમજાવવા માબાપ તરફથી યુક્તિઓ વડે ઉપાયો લેવામાં આવે તો બાળકો દિવસાનુદિવસ સમજુ અને શાણાં થઇ સુધરશે, પણ જુઠાં કાર-

ણે કહી બાળકોની સમજુત કરવાનો પરિપાક રાખવામાં આવે તો સારૂં પરિણામ એક બાજુએ રહી ખરેખર ખોટું પરિણામ નીકળવાનો સંભવ રહે છે.

*** મનહર વૃત્ત.**

બાળકોની સમજુત કરવી જો કદિ હોય,
સુશીલ સ્વભાવ રાખી સમજુત કરજો;
જુઠ અને પ્રપંચથી સમજુત કરવાની.
રીતિ છોડિ, હોંશથી કુ રીતિ દૂર કરજો;
અઘટીત રીતિ વડે સમજુત કરવાનો,
પરિપાક તજી તમે, જ્ઞાન બોધ કરજો:
બાળકો ન જાણે પોતે યોગ્ય કે અયોગ્ય આ છે,
માટે મુજ શીખ મુખ—પાઠે નિત્ય કરજો. ૧

માબાપે બાળકોને ફોસલાવવાની કઢંગી રીતિ.

વિષય છઠો.

બાળકે એક વખત કોઈ પણ પદાર્થ માગ્યા છતાં તે આપવાની માબાપની મરજી ન હોય તો સાધારણ વિનોદને માટે હાથમાંનો પદાર્થ ફેંકી દીધા પ્રમાણે ચાળા કરીને "એતો

કાગડો લઈ ગયો. ઘોઘો લઇ ગયો." એમ કહી પોતાના હાથમાનો પદાર્થ તેઓ સંતાડે છે! પછી બાળકને પોતાનો હાથ બતાવી "જો, મારા હાથમાં કાંઇ નથી." એમ કહી તેને ફોસલાવે છે. આમ કરવાથી બાળકના મનની સમાધાની થતી નથી, એટલુંજ નહિ પણ બાળક મનમાં સમજેછે કે આવાં બાનાં બતાવી મને ફોસલાવે છે. માબાપની આવી રીતિ જોઈ બાળકો પણ પોતાના ભાંડુઓમાં જોએલી રીતિ પ્રમાણે ફોસલાવવાનો પ્રયત્ન કરે છે.કોઇ કોઇ વખત એવું પણ જોવામાં આવે છે કે એકાદ ચીજ માબાપ કોઇ ઠેકાણે સંતાડે છે, (આવું બાળકની અજાણમાં કરે છે) તેથી બાળક પૂછે છે કે "એ ચીજ ક્યાં છે." તો "જો ત્યાં છે." એમ કહે છે. માબાપના કહેવા પ્રમાણે તે વસ્તુ લેવા માટે બાળક શોધે છે અને તે જડે નહીં એટલે માબાપ બાળકના સામું જોઇ તે ઠગાયું એમ જાણી ઘણા આશ્ચર્યથી હસે છે. આ આશ્ચર્ય રૂપી વિનોદ ઘણોજ ઘાતક હોય છે. એવા નકામા વિનોદથી માબાપનો બોજ ઉતરી જાય છે, અને બાળકની સત્ય ઉપરની શ્રદ્ધા મનમાંથી નીકળી જઈ સ્વચ્છન્દી પણે વર્તે છે. માટે માબાપે આ અને આવા બીજા ખોટા વિનોદ સર્વદા ત્યાગ કરી, ખાસ રીતે સૂક્ષ્મ દ્રષ્ટીથી નિત્યાચરણ તરફ લક્ષ આપવું જોઇએ વળી કેટલાક માબાપ બાળકોને એવું કહેછે કે "તું આટલું કામ અ-

થવા પાઠ કરીશ તો હું તને અમુક વસ્તુ આપીશ.'' જ્યારે બાળક માબાપની આજ્ઞા પ્રમાણે સોંપેલું કામ કરે ત્યારે માબાપે પોતાના વચનથી ન ફરતાં કબુલ કરેલી વસ્તુ અથવા જે કંઈ કબુલ કર્યું હોય તે તેને શા કારણથી આપવામાં આવે છે તે સમજાવી આપવું જોઇએ. કેટલેક ઠેકાણે એવું જોવામાં આવે છે કે બાળક માબાપની જુડાઈ શોધી કાઢે કીંવા તે (બાળક) બીજા બાળકને ઠગે અથવા કાંઈ યુક્તિથી ડાંડાઇ કરે તો માબાપ અતિ હોંશથી બીજાના દેખતાં કહેછે કે "વાહ! કેવો પક્કો છે, જુવો, કેવી પક્કાઈ કરે છે?" આવી ખરાબ રીતને સારી માની માબાપ બાળકોની પ્રસંશા કરે છે. આવી પ્રસંશાથી બાળકોને ફરી તેમ કરવા ઉત્તેજન મળે છે અને એવી ખોટી ટેવથી મુક્ત ન થતાં અધિકાધિક શિખે છે. વળી બીજી એક હાનીકારક રીતિ માબાપ અથવા હમેશના સહવાસિઓમાં જોવામાં આવે છે. બાળકની નજર કોઈ બીજે ઠેકાણે હોય ત્યારે કુટુંબી કે બીજુ કોઇ તેને ઓચિંતાની ટપલી મારે છે—ચુંટી ભરે છે અથવા કેડ આગળ આંગળી ઘોચે છે. પછી પોતે અજાણ્યાનું ડોળ ઘાલી બીજી તરફ જુએ છે એટલે બાળક કહેછે કે " મને કોણે આમ કર્યું ?" ત્યારે "તેમણે(પાસે બેઠેલા કોઇ એક માણસ તરફ આંગળી કરીને)કર્યું." એમ કહી બીજાને બતાવે છે. તેથી બાળક સમજેછે કે તેઓ મને જુઠું કહી ફોસલાવે છે.

આવા પરિપાઠથી કેટલાક માણસો પોતાના નિરપરાધી બાળકોને રમત ગમતમાં જુઠાઇ—ઠગાઈ—લુચ્ચાઇ શીખવે છે. બાળકો પણ તે હોંશથી શિખે છે. કારણ કે તેમાં તેમને મોજ અને ઉલ્હાસ માલમ પડે છે; પણ માબાપ એમ નથી જાણતા કે આવી કટેવ શિખવવાથી આપણા ઉપરની બાળકોની શ્રદ્ધા અને આપણી મહતત્વતા ઓછી થઇ જશે અર્થાત્ નહીં જેવી થઇ જશે.

સારાંશ કે માબાપે ક્ષણિક સુખને માટે બાળકની આખી જીંદગી ખાતર શત્રૂ રૂપ થવું નહીં.

* શાલિનિ વૃત્ત.

જૂઠૂં બોલી, ફોસલાવે શિશૂને,
હાની મ્હોટી, થાય એમાંથી કોને ?
જો વિચારો, તો તમે જાણસો સૌ,
વારે વારે, શીખ શું શોભશે બ્હો? ૧

બાળકો કંટાળો આપે એવા સ્વભાવનાં શાથી થાય છે?

વિષય સાતમો

બાળકો કંટાળો આપે એવા સ્વભાવનાં શાથી થાય છે ?

તો તેનાં કારણો ઘણાં છે, પણ બાળકોને સંબંધે કેટલાક પ્રકાર ઘણે ઠેકાણે જોવામાં આવે છે. તેમાંનું આ એક ઉદાહરણ, બાળક પાસેથી કોઇએ કંઈ મોજની ખાતર લઈ લીધું કિંવા તેની મરજી પ્રમાણે ન ચાલ્યું તો તે રડવા માંડે છે; તેને શાંત કરવા માટે પાસે બેઠેલા કોઈ માણસના વાંસા ઉપર માર મારવાના ચાળા કરી હાથ ઉપર હાથ અફાળી બાળકને કહેછે કે "ભાઈ! છાનો રહે, મેં એને માર્યો. હત! તે ભાઇને માર્યો ? ઉભો રહે હું તારી વલે કરૂં છું." એમ કહી બાળકને છાનું રાખવામાં આવે છે. આમ કરવાથી ખરેખર બાળકો અનેક વખત રડતાં-જક કરતાં-રંજાડતાં બંધ પડે છે, પણ પરિણામે **બાળકો કંટાળો આપે એવા સ્વભાવનાં થઈ પડે છે.**

કેટલાંક બાળકો અન્ય બાળકો જોડે રમતાં રમતાં મારામારી કે લઢાલઢી કરી ઘેર લઢવાડ લાવે તો તે બાબતની સમજુતિ કરતાં માબાપને ઘણી વખત ભયંકર સ્થિતિમાં આવવું પડે છે આવા પરિણામો કેવળ માબાપની અજ્ઞાનતાથીજ થાય છે. તે વખત તેમનો જીવ ઘણો બળે છે પણ શું કરે પછીથી તેમનું કાંઈ ફાવી શકતું નથી. બાળકો રડવા માંડે એટલે તેમને હરેક યત્ને છાનાં રાખવામાં ન આવે તો તેઓ પોતાનું રડવું છોડતાં નથી, એટલુંજ નહીં પણ રડીને માબાપને ઘણી વખત પજવે છે. તે વ-

અતે તેમને બાળકો માટે અતિશય સ્વાભાવિક કંટાળો ઉત્પન્ન થાયછે, ને કંટાળાશા આવેશમાં ગુસ્સે ભરાઈ બાળકોને માર મારે છે. તે વખતે મારનાર ક્રોધાંધ હોવાથી શું મારવું? ક્યાં મારવું? અને કેવી રીતે મારવું? એનો વિચાર કરતા હોય એમ જણાતું નથી. તે માટે ઉપરની હરેક હરકતમાંથી બાળકોનો બચાવ કરવા પ્રથમથીજ બાળકોની સારીટેવ પાડી હોય તો તેઓ હઠ કરી કંટાળો આપનારાં થઈ પડે નહીં, અને માબાપની ફરજ છે કે બાળકો કંટાળો આપે એવા સ્વભાવનાં ન થવા ઘટતો પ્રયત્ન કરવો જોઇએ; કે જેથી ઉપર લખ્યા પ્રમાણે ભયંકર બનાવ બની શકે નહીં.

*** મન્દાક્રાન્તા વૃત્ત.**

ગાળાગાળી કરિ કદિ લઢિ બાળ આવે ગૃહે જો,
થાયે મ્હોડું કુપ્યિત મનડું માતપીતાતણું તો;
ચાલે ન્હૈ કૈં ચલણ નિજનું તેથિ કંટાળી જાયે,
ક્રોધાન્ધિ થઇ શિશુ હિત ભુલિ માર અત્યંત મારે. ૧
એવી રીતે કદિ ન કરશો ક્રૂરતા છેક ભાસે,
શારીરાદી અવયવ તણિ પૂરતી હાનિ થાશે;
શીશૂ પ્રત્યે મૃદુ સુવચને નીતિની રીતિ રાખો,
સર્વે સ્થાને—સકળ સમયે બાળશું પ્રીતિ દાખો. ૨

મહાલક્ષ્મી વૃત્ત.

બાળને શીખ દ્યો સૂધરે,

સૂધરે ના પડે કૂધરે;
કૂધરે જો પડે બાળકો.
શોચશે જીવને પાળકો. ૩

જુઠું ન બોલવા વિશે.

વિષય આઠમો.

આપણા લોકોમાં સત્ય બોલવા માટે આગ્રહ અને જુઠું બોલવા માટે તિરસ્કાર કદીએ માલમ પડેલો જોવામાં આવતો નથી. ગમે તેવું મોટું કામ હોય પણ એટલું તો શાસ્ત્ર સિદ્ધ છે કે અસત્ય બોલવું નહીં. તેમ છતાં આપણામાં તો કેવળ નિષ્કાળજીથી અનંત રીતે જુઠું બોલવાનો પરિપાઠ જોવામાં આવે છે. **ઉદાહરણ:—**

બાળક રડવા માંડે કે તેને છાનું રાખવા માટે "ભાઈ, આ જો, મામા આવ્યા; આ જો, મામી આવી; આ જો, બાવો આવ્યો; આ જો, ઘોઘો આવ્યો." ઇત્યાદિ ભયમિશ્ર મૃદુ વાક્યો કહે છે. શું કરીએ ભાઈ?! આપણને સોબતજ ખોટી મળી તેની સાથે આપણો પોતાનો ખોટો રિવાજ અનંત નાશકારક રીતિઓનું અજ્ઞાનવૃત્તિથી અને પરંપરાથી રક્ષણ થવાને લીધે અદ્યાપિ સુધી તે રીતિ ચાલૂ રહેલી છે. હજુ જ્યાં સુધી આ વિષયને માટે આપણને

કંટાળો માલમ પડ્યો નથી ત્યાં સુધી આપણામાંના ખ-રાબ રિવાજોનું ઉન્મૂલન થાય એમ લાગતું નથી; તેમજ જ્યાં સુધી આપણામાંથી એ રિતિ ખસવાની નથી ત્યાં સુધી કોઇ પણ સારા કામને માટે આપણી પોતાની ઉન્નતિ પણ થવાની નથી.

હાલ આ વિષયને માટે એટલાજ વિચારો બતાવી બાળકોને સંબંધે બોલીએ. આપણે પક્કી રીતે બોલવા ચાલવામાં લક્ષ રાખવું જોઇએ કે આપણે પોતેજ જુઠું કહેવું કે કહાવવું નહીં. કોઇ માણસ કંઇ વાત કહે તો તેમાં ન્યુંન્યાધિક ન કરતાં વસ્તુતઃ જેવી હોય તેવી કહેવી. અને તેજ પ્રમાણે બાળકોને કહેવાની ફરજ પાડવી. જો એક વખત બાળકોને ખોટું બોલવાની ટેવ પડી તો પછી તેઓ કંઈ પણ વિચાર ન કરતાં એની એજ ટેવ કાયમ રાખવાના એમાં જરા પણ સંદેહ ન જાણવો. માબાપને જો એકાદ વખત બાળકો જુઠું બોલે છે એમ માલમ પડે તો તેમની હાનિકારક દુષ્ટ ટેવ ટાળવાને માટે કહેવત કે દાખલો આપી સમજણ પાડવી. ઉદાહરણઃ—

દોહરો.

"જુઠું બોલે જે કદી, પાપી પૂરો થાય;
તે માટે બાળક તમો, ન કરો એ ઉપાય." ૧

આ શિવાય આવા બીજા પણ દાખલા આપવા કે

જેથી જુઠું બોલવાની ટેવ ટળી સાચું—સારૂં—નિતિયુક્ત બોલતાં શિખે. પાડોશી કે બીજા કોઈ માણસને અમુક બાળકો જુઠું બોલે છે એમ જો માલમ પડે તો તે એક નુકસાની ભરેલું છે, કારણ કે તેઓ પોતાના બાળકને કહે છે કે (પેલા જુઠું બોલનાર બાળકનું નામ દઈ)"એ જુઠો છે એની જોડે રમવા જઈશ નહીં" આ શિવાય આવી ઘણી શિખામણ દેછે કે જેથી તે બાળક એવા બાળકો સાથે રમવા જતું નથી.

પોતાના બાળકની બીજા લોકો અપ્રસંશા કરે એ શું મા-બાપને શરમાવા જેવું નથી? હા છે. તો શા માટે પોતાની ફરજથી તદન બેદરકાર રહેવું? નજ રહેવું. પણ કઢંગા રિ-વાજોથી વિમુખ રહેવા બાળકોને હમેશાં માબાપે સદ્બોધ કરવાની જરૂર છે.

ઘણે ઠેકાણે જુઠું બોલવું એતો જાણે એક સેહેજજ થઇ ગયું છે! સેહેજ બાબતમાં જુઠું બોલે છે! જુઠું બોલવા-થી શું પ્રાયશ્ચિત છે? જુઠું બોલવું એ સર્વ માન્ય છે કે નહીં! શાસ્ત્રકારોએ એ રિવાજ પસંદ કર્યો છે કે નહીં! જુઠું બોલવામાં લૌકિક અપવાદ નડે છે કે નહીં? અને તે માટે ઇશ્વર શિક્ષા કરે છે કે નહીં? જુઠું બોલવું એ સારૂં છે કે ખોટું! તેનો વિચાર કોઇ પણ કરતું નથી ને ઘણી વખત જુઠું બોલે છે તે બહુજ ખોટુ છે.

હવે વિચાર કરતાં માલમ પડશે કે જુઠું બોલવું એ મહા પાપ છે. શાસ્ત્રકારોએ જુઠું બોલવું સર્વમાન્ય ગણ્યું નથી. જુઠું બોલવામાં લૌકિક અપવાદ નડે છે જુઠું બોલવાથી ઈશ્વર શિક્ષા કરે છે. આટલી બધી હાનિ છતાં જો આપણે તે વિષયને માટે તદ્દન બેફિકરા રહીએ તો આપણા ઉપરથી સભ્ય અને પ્રમાણિક પુરૂષો વિશ્વાસ ઉઠાવશે. એ કંઈ થોડી હાનિકર્તા કહેવાય નહીં, માટે હમેશાં સાચું બોલવું એ માણસનું ભૂષણ છે.

બીજી એક જુઠું બોલવાની કઢંગી રીતિ આપણામાં જોવામાં આવે છે, તે નીચે પ્રમાણેઃ—

જ્યારે કોઇ માણસ કુટુંબના માણસને મળવા આવે ત્યારે જેને જે માણસ મળવા આવ્યો હોય, તેને તેની જોડે મળવાની કે વાતચીત કરવાની મરજી ન હોય તો પોતે ઘરમાં છતાં "ગરમાં નથી" એમ ચાકર, બાળક કે ઘરમાં જે કોઈ હોય તેની સાથે અથવા વરદી કહેવા જનારાની સાથે કહાવે છે. અરે! આ કેવો નીચો પ્રકાર છે? આવી રીતે જુઠું બોલવામાં તેમને શો ફાયદો હોયછે તે સમજાતું નથી. ખેર, મળવા આવેલાની સાથે જો મળવું કે વાતચિત કરવી ન હોય તો ચોખ્ખી ના કહેવામાં કાંઈ હરકત જણાતી નથી. આવી રીતે કુટુંબીઓને જુઠું બોલતાં જોઈ બાળક એમ સમજેછે કે જુઠું ન બોલવું એમ

શિખામણ દે છે અને પોતેજ જુઠું બોલે છે, તેથી માલમ પડે છે કે જૂઠાઇ કાંઈ વિશેષ હાનિકર્તા કે પાપનું કામ છે એમ કહી શકાય નહીં; જો તેમ હોત તો આ પ્રમાણે આપણા કુટુંબીઓ ને માબાપ કરત નહીં.

બાળકોની આવી સમજણથી જુઠું બોલવું એ સાધારણ છે એમ તેઓ માને છે. તેથી તેમની સત્ય ઉપરની શ્રદ્ધા નહીં જેવી થઈ જાય છે. અર્થાત્—બાળકો જુઠું બોલનારાં થાય છે.

માબાપે બાળકોના દેખતાં ઉલટી રીતે વર્તવું નહીં. ઘરમાં માબાપે જો **સત્યશિલતા** બતાવી હોત તો બાળકો પણ સેહેજમાં સુધરત ને કુટુંબીઓના બોલવાચાલવાથી જે વિકાર તેમના મનમાં થયો તે ન થાત.

માબાપ જો ઘણુંકરીને જુઠું બોલનારાં હોય છે તો તેમનાં બાળકો પણ જુઠું બોલનારાં થાય છે. કહેવત છે કે "માબાપ તેવાં છોકરાં" તે સાથે માબાપ સિવાય સોબત ઉપર પણ આધાર રાખવામાં આવે છે કારણ કે "સોબત તેવી અસર" એ કહેવતને સુધરેલાં બાળકો હોય છે તે પણ અનુસરે છે. એ કહેવત બાળકોને માટે વિશેષ લાગૂ પડે છે. બાળકો માબાપનું તથા હમેશના બીજા પ્રસંગીઓનું જુઠું બોલવું જોઈ જુઠું બોલતાં શિખે છે. તેમછતાં બાળકોજ જુઠું બોલે છે એમ કેટલાક કહેછે તે તદન

નકામું ને નિરૂપયોગી છે. ખરીરીતે વિચાર કરી જોતાં બાળકોને જુઠું બોલતાં શિખવનારજ માબાપ છે, અને બીજી રીતે કહીએ તો હમેશના સહવાસ વાળા ઉપર કહેલી રીતિના મનુષ્યો છે.

*વસંતતિલકા વૃત્ત.

જુઠું વદેથિ જગમાં અપકિર્તિ થાયે,
થાયે ફજેતિ જનમાં—વિસવાસ જાયે;
જો જાણશે સકળ આ જુઠું બોલનાર,
ન્હૈ રાખશે પતિજ કાંઈ લગાર વાર. ૧

શાલિની વૃત્ત.

સાચું બોલો જૂઠને રે ! વિદારી,
જેથી થાયે સૂખ હમ્મેશ ભારી;
મ્હોટા મ્હોટા લાભ જૂઠે ગયા છે,
મ્હોટા મ્હોટા લાભ સાચે થયા છે. ૨

ઇન્દ્રવજ્રા વૃત્ત.

માબાપ જુઠું કદિ બોલશે જો,
તો બોલશે બાળક જોઇ લેજો;
માબાપ જેવાં નિજ બાલ થાયે,
સુશીલ જો હોય સુશીલ થાયે. ૩

ઉપેન્દ્રવજ્રા વૃત્ત.

ન-બોલશો જુઠું કદાપિ કાળે;
ન-મૂકશો સાચું વપૂ પ્રજાળે,
ન-મૂકશો નીતી વિચારી સારી;
ન-મૂલશો રીતિ અહીતકારી. ૪

બાળકો ઉપર નકામો દોષ ન મૂકવા વિશે.

વિષય નવમો.

ઘણી વખત એવું જોવામાં આવે છે કે જ્યારે બાળક માબાપને પૂછે કે "હું બાહાર પોળમાં જાઉં?" ત્યારે માબાપ કહેછે કે "ત્યાં શું કામ છે?" ત્યારે બાળક કહે છે કે "ત્યાં એક મારા સોબતીને ઘેર કલમ રહી ગઇ છે તે લેવા સારૂ." એટલામાંજ માબાપ કહેછે કે "નહીં તું જુઠું બોલે છે તારે રમવા જવું છે માટે લેખણનો સબબ બતાવી જુઠું બોલે છે." માબાપે પોતાના વિચારોથી બાળકને દોષિત ગણે છે એ બહુજ ખોટું છે. કારણકે બાળકના મનમાં જુઠું બોલવાની કલ્પના છે કે નહિ, તે પોતે જાણતા નથી. આ પ્રસંગે બાળકના મનમાં જુઠું બોલવા કલ્પના નો-

હોતી અથવા છેજ નહીં એમ કહિએ તો પણ ચાલે, મા-બાપ આવી રીતે બાળકના મનમાં પોતાની કલ્પનાના આ-ભાસના પાસ બેસાડે છે તે બહુજ ખોટું છે. આમ કહેવા-થી પોતાના માબાપનાં વચનોજ કારણ ભૂત થઈ જુઠું બો-લતાં શિખવે છે.

બાળક કાંઈ પુછે કિંવા કાંઈ કહે તેમ છતાં ને પુછેલા પ્રશ્નનું ખરૂં કારણ કહ્યાછતાં "તું જુઠું બોલે છે કિંવા તું જે કહે છે તે પૈકી ભિન્નજ પ્રકાર તારા મનમાં છે." એમ કહી આગ્રહથી બાળકને અંગે પોતાના વિચારો લાગૂ પ-ડવા દેવા નહીં. કદાચિત્ પરવાનગી માગ્યા છતાં તેને પર-વાનગી આપવી અથવા ન આપવી એ પોતાની મરજી ઉપર આધાર રાખે છે, તો તે બદલ ઘટતો વિચાર કરવો જોઇએ.

બાળક ખરૂં વા ખોટું સમજાવેછે તેની પરીક્ષા કરવાની કાંઈ ખાસ જરૂર જણાતી નથી; પણ તેમનું બોલવું હો-શિયાર માણસને પરીક્ષા સમાન છે. અર્થાત્ બોલવાની ઢબ ઉપરથીજ ખરૂં ખોટું જણાઈ આવેશે. માટે તેના બોલવા ઉપર ધ્યાન આપી યોગ્ય ઉપદેશ સાથે બોધવચન કહેવાં જોઇએ.

*વસંતતિલકા વૃત્ત.

ધારો ન દોષ દિલથિ શિશુ એકલાનો,

છે દોષ સાથ પિતુ—માત દિલેથી માનો;
સુધારિ દોષ સુધરો સુખિ નિત્ય થાવા,
વીવેક રાખિ વરતો વધુ દોષ જાવા. ૧

જાવા ન દ્યો સુમતિ છોડી કુપંથ કૂડે,
કૂડે પથે વિચરતાં ભવ દુઃખ બૂડે;
બૂડાડતા અધિક શીશુ કુરીતિ માંહી,
એ ચાલ ભ્રાત તજી દ્યો સુભ રીતિ સાહી. ૨

માબાપ કે બીજાકોઈએ બાળકોને જાદૂ,ભૂત વિગેરેના દહેશતો ન આપવા વિશે.

વિષય દસમો.

માબાપે જાદૂ, ભૂત વીગેરે દેહેશતો ઉપર અનેક વિચિત્ર હાનિકારક ભયંકર વાતો કહી બાળકોના હૃદયકમળનું વેહેમરૂપી કહાણીયો વડે આચ્છાદન કરવું નહીં; જો એમ કરવામાં આવે તો બાળકોના મનમાં વેહેમ ઠશી જશે, અને એક રીતે કહીએ તો તે વેહેમ દૂર કરવા આગળ ઉપર ગમે તેવા ઉપાયો લીધા છતાં નાનપણમાં થએલી વેહેમ-

રૂપી કહાણીઓની અસરથી તેઓ મુક્ત થઈ શકતાં નથી. આવી નકામી ભીતિ કોમળ મનમાં ઠશી એટલે બાળકોને આગળ ઉપર ઘણા પ્રકારની હાનિ વેઠવી પડે છે. કોઈ પણ ઠેકાણે જવા આવવા અથવા કાંઈ બહાદુરીનું કામ કરવા તેમની હીંમત ચાલી શકતી નથી. વળી બીજી એક કટેવ આપણા લોકોમાં જોવામાં આવે છે. **ઉદાહરણ:—**

બાળકો રડવા માંડે તો તેમને છાનાં રાખવા માટે એવી રીતે કહેછે કે "આ ઘોઘો આવ્યો, આ વાઘ આવ્યો, આ બાવો આવ્યો, આ ભૂત આવ્યો" ઇત્યાદિ, કહી "ચુપ સુઈ રહે નહીં તો પેલો ભૂત તને પકડી જશે." જો એટલું કહેવાથી ચૂપ સૂઈ ન રહે તો કહેછે કે "અરે! ક્યાં ગયોરે બાવા, આ છોકરાને પકડી જા" એમ કહી ઇત્યાદ્યાનેક ભય ઘાલી તેમને નિદ્રાયુક્ત કરે છે ને તેઓ ભયને લીધે ઊંઘી જાયછે, એટલુંજ નહીં પણ તેમને તેજ ભયનાં વારંવાર સ્વપ્નાં આવે છે. આવા ભય બતાવી બાળકોને નિદ્રાયુક્ત કરવાથી તેમને બરોબર નિદ્રા આવી શકતી નથી. પણ ભયના પ્રભાવે બાળકોને અજીર્ણ થાય છે. અને તેથી અનેક રોગ ઉત્પન્ન થઈ બાળકોના કોમળ બાંધાને તથા પ્રકૃતિને હાનિ થાય છે. પ્રથમ બતાવેલા ભયને લીધે બાળકોથી પોળમાં પણ જઇ શકાતું નથી. કારણ કે તેમને કુતરાં, બિલાડાં વિગેરે જોવાથી બીક લાગે છે ને એ બી-

કને લીધે ખુણેખોચરે સંતાઇ પેસે છે, તેથી બાળકોમાં જેવું જોઇએ તેવું શુરાતન ને હીંમત ન રહેતાં ઉલટાં બાયલાં થાય છે. માટે આવી વેહેમ ભરેલી વાતો તેમને કહેવીજ નહીં એ સારૂં લાગે છે.

*** ઇન્દ્રવિજય વૃત્ત.**

ના કદિ વ્હેમ તણી વદિ વાત
શિશૂ દિલ દાબથી ભીરૂ કરો ના,
જાદુ અને ભુત આદિક કંણિઓ
હોંશ થકી શિશુ પાસ વદો ના;
બાળકને દિલ વ્હેમ વસેલ ખસે
ન કદિ કહું કોટિ ઉપાએ,
બ્હીક થકી બહુ વાર બ્હીયે શિશુ
ને વખતે સુભ દેહ તજાએ. ૧

બાળકોના શરીર ઉપર દાગીના ધાલવાની ખોટી રીતિ.

વિષય અગિયારમો.

બાળકોના શરીર ઉપર દાગીના ધાલવાની આપણા દેશમાં માબાપને મોટી હોંશ દિસે છે, જે હોંશ એક દુખદા

યક છે, તે હોંશને સુખ દાયક માનેછે તે ઉપરથી માલમં પડશે કે દેશીઓની કેળવણી કેવા પ્રકારની છે ?

ભારે દાગીના ઘાલવાથી બાળકોનાં હાડકાં ઉપર દબાણ થઈ શરીમાં જોઇએ તેવી રીતે સરળ પણે લોહી ફરી શ-કતું નથી. તેથી શરીરના જૂદા જૂદા અવયવો બરોબર માફક સર વધી તેમાં પ્રફુલ્લિતપણું અથવા ચપળતા આ-વવા માટે વિરોધ થાય છે. એ સિવાય વળી એક રીતે જોઇએ તો ચોરની ધાસ્તી તો છેજ! દાગીના માટે દુષ્ટ માણસો સેંકડો બાળકોના પ્રાણ લે છે—

એવું આપણે વર્તમાન પત્રોમાં વારંવાર વાંચીએ છીએ તો પણ તેવા હાનિકારક રિવાજથી મુક્ત થતા નથી. દાગી-ના ઘણા પ્રકારના હોય છે. કેટલાક§ દાગીના એવા નિંદ્ય

§ ટીપ—કેટલીએક ઘુઘરીઓના સમુહમાં કેડ આગળ-ના ઘરેણા માટે મદનધ્વજાકાર રાખેલો જોવામાં આવે છે અને એવો પરિપાક વિશેષે ગુજરાતમાં માલમ પડે છે.

આ પ્રકારના દાગીનામાં ઇતર દાગીના કરતાં નીતિવિ-રૂદ્ધ અને એક મોટી હાનિ છે એમ કહેતાં કાંઈ હરકત જ ણાતી નથી, કારણ કે મદનધ્વજાકાર અનેક પ્રસંગે નાના મોટા (પુરૂષ કીંવા સ્ત્રી હોય, તરૂણ કીંવા વૃદ્ધ હોય) ના જોવામાં આવે છે. અને તે વખતે તે દાગીનાનું નામ દે વામાં તેમને પોતાને પણ ભાગ લેવો પડે છે.

અને નીતિથી વિરૂદ્ધ હોય છે કે તેનું નામ પણ અન્ય સભ્ય સ્ત્રી પુરૂષ ભાગ્યેજ લઈ શકે! બાળકોને દાગીનાની જરૂર નથી પણ હાલ તેમને વિદ્યા, સદ્ગુણ, સહનશિલતા ઈત્યાદિની જરૂર છે. ઘરેણાં કરતાં સ્વચ્છ લુગડાં પસંદ કરવા જોગ છે. સ્વચ્છ અને સુશોભિત લુગડાંથી બાળકોની જેવી કાન્તી દીપી નિકળે છે, તેની બરોબરી ઘરેણાં ભાગ્યેજ કરી શકે છે; માટે ઘરેણાંથી જે હાનિ થાય છે, તેનાથી બચવું એજ શ્રેષ્ટ છે. તેનાથી બચવાનું સાધન એટલુંજ છે કે બાળકોને ઘરેણાં પહેરાવવાં નહીં.

* શાલિની વૃત્ત.

દાગીનાથી, ફાયદા શા દિસે છે?
દાગીનાથી, હાનિ દીસે અતિશે;
તેથી વીરા, રીતિ એ કા'ઢી નાંખો,
તેને સ્થાને, વસ્ત્રની રીતિ રાખો. ૧

વસ્ત્રો જેવાં, શોભશે બાળકોને,
તેની તોલે, દાગિનાઓ ન શોભે;
વાંચ્યાં મૃત્યુ, દાગિને બાળકોનાં,
તો કાં થાઓ, હીત શત્રૂ શિશુનાં? ૨

બાળકોને પ્હેરાવવાનાં વસ્ત્રો કેવાં જોઇએ ને તેથી શા લાભ થાય છે?

વિષય બારમો.

આપણા લોકોમાં બાળકોનાં વસ્ત્રો માટે અનેક પ્રકારના જુદા જુદા એટલા બધા રિવાજ છે કે તેની ગણના પણ થઇ શકતી નથી. ઘણુંકરીને કેટલાએક લોકો પોતાના બાળકોને આઠ દશ વર્ષ પર્યંત નગ્નજ રાખે છે. એ કેટલું શરમ ભરેલું છે વારૂ? બાળકોને નગ્ન રાખવાં એ માબાપને તેમજ પાડોશીઓને ખરેખર શરમાવા જેવું છે. આ સંબંધે બોલતાં માબાપ બાળકોને પુરતાં ને યોગ્ય વસ્ત્રો આપી શકતાં નથી એમતો છેજ નહીં.

બાળકોના શરીર ઉપર સોના રૂપાના દાગીના હોય ને પછી તેઓ નગ્નાવસ્થામાં હોય તો એક રીતે કેવળ કંટાળો આપે એવા ડોળનાં દેખાય છે.

આ ઉપરથી એટલું તો સિદ્ધ થાયછે કે માબાપને ઘરેણા કરાવવા માટે પૈસા મળે છે ને વસ્ત્રો માટે શું નથી મળતા? ના, મળે છે પણ તે બધું માબાપના બેદરકારી પણાથી તણાઈ જાય છે. આ ઉપરથી વ્હાલા વાંચનાર વિચાર કરશો કે આપણા લોકો કેટલાબધા અજ્ઞાન છે?

જો બાળકોને ઋતુમાન પ્રમાણે વસ્ત્રો પહેરાવવામાં ન આવે તો બીજો એક અવગુણ એછે કે શીત તથા ગરમ વાયુના યોગે કરીને પ્રકૃતિને ઇજા પહોંચે છે, તે માટે માબાપે આ એક પોતાની ફરજ સમજી યોગ્યતા પ્રમાણે શક્ત્યાનુસાર બાળકોને પૂરતા અને ગરમ વસ્ત્રો પેહેરાવવાં—કરાવવાં જોઇએ, અને તે વસ્ત્રો દરેક ઋતુમાં બાળકોને માફક આવે તેવાં હોય તો અતિશય લાભકારક થઈ પડે. જો કવચિત્ તે વસ્ત્રો તંગ હોય તો મજબુત રીતે શારીરરક્ત ભ્રમણમાં તથા વધવાની કૃતિમાં હરકત થઇને નિરોગી રહેવાને બદલે તેઓ ઘણીજ ભય ભરેલી સ્થિતિમાં જોવામાં આવશે. આપણા લોકો બાળકો માટે કબજા વિગેરે કરાવતાં થોડું લુગડું ખુટે તો દરજીને એમ કહેછે કે "જરા ઢીલું ન થતાં તંગ થશે તો કંઈ હરકત નથી." જો દરજીના શુદ્ધ બુધિ માલમ પડે તો બિન હરકતે જોઇતું લુગડું પૂરૂં પાડવું, પણ "જેટલું છે તેટલામાંજ કર" એમ કહેવું નહિ.

આપણામાં બાળકોના વસ્ત્રો માટે કેટલાક રિવાજ ઠેકાણા વગરના છે, અર્થાત્ અનિયમિત છે. ઉદાહરણ બાળકોના શરીરનો ભાગ ઘણુંકરીને ખુલ્લો રેહે તેવાં વસ્ત્રો જેમકે બ્હોય શિવાયના કબજા પહેરાવે છે તેથી તે પેહેરે તેટલો ભાગ બહારના વાયુ સ્પર્શેકરીને કાળાશપર આવે છે ને તેથી વખતે બાળકો વિરૂપ દેખાય છે, પણ એમ કર-

વા કરતાં બાળકોનું બધું અંગ ઢંકાય તેવાં વસ્ત્રો જેમકે બંડી, બ્હોયવાળા કબજા, અંગરખા, સુરવાલ, કાનટોપી વિગેરે પેહેરાવવાનો રિવાજ હોય તો તે ઘણોજ લાભ કર્તા છે. તેજ પ્રમાણે બાળકીઓ માટે પણ યોગ્ય પોશાક હોવો જોઇએ.

અર્થાત્ તેમના શરીરનો કોઇ પણ ભાગ ખુલ્લો ન રહેતાં ને જકડાઈ ન જતાં પ્રફુલ્લિતપણામાં આવે એવો હોવો જોઇએ.

આ પ્રસંગે બાળકીઓના વસ્ત્રો માટે વિચાર કરીએ તો તેના શરીર ઉપર **ફાટલી ઘાઘરી** ને મોટી હોય તો **કાપડી** શિવાય બીજું એકે વસ્ત્ર એવું જોવામાં આવતું નથી કે જેથી તેમની પોતાની મર્યાદા બરાબર જાળવી શકાય ! શું ઘાઘરી ને કાપડી માબાપને સભ્યતા વાળો ને નીતિયુક્ત પોશાક માલમ પડે છે ? ના, તે પોશાક નીતિ વિરૂદ્ધ છે. તો શું એ પોશાક ત્યાગ કરી બીજો મર્યાદાવાળો ન રાખવો ? રાખવો. આટલું છતાં ન રાખવામાં આવે તો અઢળક ગાંડાઇ ગણાય. બાળકીઓ માટે બાળકોની માફક કબજા પહેરાવવાનો રિવાજ સૌથી શ્રેષ્ઠ છે, તેથી ઉતરતે દરજ્જે ચોળી હોય તો ચાલે પણ તેથી શરીરનો ઘણો ભાગ ઉઘાડો રેહેછે માટે કબજાજ વધારે પસંદ કરવા જોગ છે. તાત્પર્ય કે દરેક ૠતુમાં જેવાં જોઇએ તેવાં ને માફક આવે

તેવાં વસ્ત્રો પહેરાવવાં કે જેથી નિરંતર નિરોગી રહેવાય. આપણા વંશજોમાં આવો કબજા પહેરવાનો ચાલ નથી એમ સમજી ફાયદાકારક રિવાજ માટે વિરૂદ્ધ મત રાખવો નિરર્થક છે. પરંપરાની રીતિમાં ફેરફાર ન કરાય એમ ધારવું કેવળ અયોગ્ય છે. વળી આપણા લોકોની બાળકીઓના પગમાં તો શું પણ બાળકોના પગમાં પણ જોડા જોવામાં આવતા નથી. અહા! કેટલો બધો વ્હેમરૂપી શોકજનક રિવાજ! જોડા ન પ્હેરાવાથી કાંટા વાગે છે, પગની એડીઓ ફાટી જાય છે તેમજ પગનું જોઇએ તેવી રીતે રક્ષણ થતું નથી. તો પણ બાળકોને જોડા પેહેરાવવા એતો જાણે એક મોટો સ્વાભાવિક કંટાળોજ હોયની એમ લાગે છે.

જોડા પ્હેરાવવાથી ઘણોજ ફાયદો છે, પગમાં કાંટા વાગતા નથી, પગની એડીઓ ફાટી જતી નથી, રસ્તે ચાલતાં કાંકરા ખુંચતા નથી વિગેરે અનેક ફાયદા છે; તો બાળકોને જોડા પ્હેરાવવા એ બહુજ ઉત્તમ પ્રકારની રીતિ છે. આપણા સાંભળવામાં આવ્યુંછે કે પગમાં કાંટો વાગવાથી દિવસના દિવસ તો શું પણ મહિનાના મહિના ઘરમાંથી બ્હાર નિકળાતું નથી.

જોડા ન પેહેરવાથી આટલો બધો ગેરફાયદો છતાં વિરૂદ્ધ રીતે આપણા લોકોમાં જે વ્હેમ રહેલો છે તે તદન હસવા સરખો છે. તત્કારણાર્થે પરંપરાથી જળવાતા વિરૂદ્ધ રિ-

વાજોનું ઉન્મૂલન કરી સાધારણતઃ સામર્થ્યવાળા કુટુંબીએ કિંવા માબાપે બાળકો માટે ભિન્ન ભિન્ન ફાયદાકારક ચીજો શક્ત્યનુસાર પૂરી પાડવી જોઇએ. બાળકોને માટે ઇંગ્રેજી તરેહના જોડા કરતાં દેશી જોડા વધારે ફાયદો કર્તા છે. ઇંગ્રેજી જોડા પેહેરવાથી વધારે ફાયદો પણ નથી તેમ હાનિ પણ જણાતી નથી ને સામાન્ય છે. નકામા બહારના ભપકામાં ન લોભાતાં દેશી જોડા પહેરવા એ ઘણે દરજ્જે સારૂં લાગે છે.

***શિખરિણી વૃત્ત.**

વિના વસ્ત્રે બાધી, અધિક વપુમાં આવી અડશે,
શિશૂ સૂખો જાશે, કુરિતિ રિતિએ નિત્ય નડશે;
હશે પૂરાં વસ્ત્રો, વપુ સુખ ગયું આવિ મળશે,
થશે કાન્તી સારી, વિરૂપ રૂપ શીશૂનું ટળશે. ૧

નિયમિત રીતે ખાવાપીવા વિશે.

વિષય તેરમો.

બાળકોને જો કોઈ પ્રકારના અનાજને માટે સ્વાભાવિક અભાવો હોય તો તેને તે આપવું નહિ કેટલાક માંસાહારીઓ જબરાઈથી તે ખાવા ફરજ પાડેછે તે બહુ ખોટું છે, કારણ કે માંસાહાર એ અવશ્યે કરીને માનવીના જીવનને

અર્થે સ્વાભાવિક ખોરાક છે કે નહિ? તે માટે એક મોટો સંશય રહે છે ત્યારે તેનો જાણ્યા શિવાય ઉપયોગ કરવો તદ્દન નકામો ને ભૂલ ભરેલો છે. કદાચિત્ બાળક માબાપના આગ્રહથી કે ધમકીથી કોઈ ખોરાક ખાતું હોયતો તે ખોરાકનું પાચન નથતાં ફાયદો તો થવો બાજુએ રહી ઉલટો અજીર્ણથી ગેરફાયદો થવાનો સંભવ રહે છે, માટે બાળકની ઇચ્છાવિરૂદ્ધ ખોરાક ન આપતાં તેને પ્રિય એવો જે ખોરાક તેની પોતાની વયના પ્રમાણમાં દિવસમાં કેટલાવખત અને કેવો આપવો તેનો વિચાર કરી આપવો જોઇએ. કેટલાક મદ્યપી લોકો બાળકોને પોતાની આંગળીથી મદ્યનો સ્વાદ ચખાડતાં ને વખતે પીતાં પણ શિખવતા જોવામાં આવે છે, માબાપે અલ્પ સ્વલ્પ મદ્ય ચટાડવાથી બાળક છાટકાપણાના ચાળા કરવા માંડે છે તે જોઈ માબાપ ઘણાં ખુશી થાય છે—તારીફ કરે છે આવા નકામા હાનિકારક રિવાજથી બાળકો દારૂબાજ થઈ પોતાની આખી જીંદગાની અને સર્વસ્વની હાનિ કરી નાંખે છે, જુઓ! અરે!! ઓ!!! આર્ય બંધુઓ આ એક વિનોદનું પરિણામ!!! વળી કેટલાક તંબાકૂ પીનારા, ખાનારા અને સુંઘનારા માણસો પોતાના બાળકોને જે જેવો જેનો ઉપયોગ કરતા હોય (એટલે તંબાકૂ પીનાર હોય તો બાળકના મોંમા હુકાની નળી આપે છે, ચલમ પીતાં શિખવે છે.જો ખાતાહોય તો ખાતાં શિખવે

છે. અને જો સુંઘતા હોય તો સુંઘતા શિખવે છે. ઈત્યાદિ,) તેઓ કરતાં શિખવે છે. તેથી બાળકો કાળેકરીને આવા દુર્વ્યસનને આધીન થઈ જાય છે.

મદ્ય પીવું, તંબાકૂ, ગાંજો વિગરે ચીજોનું સેવન કરવાથી ઘણીજ હાનિ થાય છે. શારીરપ્રકૃતિ બગડીને નાના પ્રકારના રોગ ઉતપન્ન થાય છે—આબરૂને હાનિ પહોંચે છે—બુદ્ધિ મંદ થાય છે—આયુષ્ય ખુટે છે—એવું મોટા મોટા શાસ્ત્રકારો, તત્વ વેત્તાઓ, ફિલસૂફો, અને જ્ઞાનીઓ કહી-ગયાછે; તે માટે માબાપે બાળકોને મુળમાંથીજ કોઈ પણ જાતનો વ્યસન કરતાં શિખવવો નહિ એટલુંજ નહિ પણ જો પોતે કોઈપણ વ્યસન કરતા હોય તો તે છોડી દેવું કારણ કે તેમાં પોતાનું તથા પોતાના બાળકોનું હિત છે.

કવચિત્ જો પોતેજ દુર્વ્યસનના દાસ હોય ને તે છોડી શકાય એમ ન હોય તો જે વ્યસન કરતા હોય તે બાળકો ન જાણે તેમ કરવું પણ એમ કરવા કરતાં હરેક ઉપાયે વ્યસનથી દુર રહેવુંજ બેહેતર લાગે છે.

***મન્દાક્રાન્તા વૃત્ત.**

બાવા આપો, નિયમિત રિતે, બાળકોને હમેશે,
દેખાડો ના, વ્યસન રિતિઓ, દુઃ દારિદ્ર રે'શે;
વાધે—આપે, વ્યસન વપુમાં, રોગ નાના વિકારી,
એવું બોલી, મુનિજન ગયા, મન માંહી વિચારી. ૧

શિખરિણી વૃત્ત.

થઈ મ્હોટી હાની, વ્યસન રિતિથી ખૂબ તનને,
ગઈ લજ્યા સારી, રહિ નહિ જરી જોઈ મનને;
ગયું રે! સર્વસ્વ, અધિક સુખ ડૂબ્યું વ્યસનમાં,
પિતામાતા તેથી, શિશુહિત ગણો ન્હૈ વ્યસનમાં. ૨

સ્વચ્છતા.

વિષય ચૌદમો.

બાળકોને હમેશાં સ્વચ્છ રાખવાં જોઇએ. જો સ્વચ્છ રાખવામાં આવે તો તેઓ નિરોગી રહેશે એટલુંજ નહીં પણ વિશેષ આયુર્દાય ભોગવનારાં થશે. બાળકોને અહર્નિ-શ ન્હવડાવવાં જોઇએ, અને હાથ, પગ, કૂખ વિગેરે અવયવો જ્યાં મેલનો જમાવ થઈ રેહેતો હોય ત્યાં વખતોવખત ધ્યાન આપી દૂર કરવા પ્રયત્ન કરવો એ લાભકારક છે.

બાળકોને ખુલ્લી હવામાં ન્હવંડાવવાં નહીં, *કારણકે બાળકોની લજ્યા વૃત્તિનો નાશ થાય છે ને બહારના વાયુ સ્પર્ષ કરીને ઇજા થવાનો ઘણોખરો સંભવ રેહે છે; તેથી બાળકોને ઘરમાં ન્હવડાવવાં જોઇએ.

*બહાર મેદાનમાં નહીં પણ સ્વચ્છ હવાવાળી ઓરડીમાં.

ખુલ્લી હવામાં ન્હવડાવવાનો રિવાજ નીતિનાશક છતાં ઘણાં લોકો તેમ કરે છે તે ઘણું દિલગીરી ભરેલું છે.

બાળકોનાં લુગડાં ફાટેલાં હોય તો હરકત નહીં પણ તે સ્વચ્છ લુગડાં હશે તો બસ છે, મતલબ કે બાળકોના લુગડાં મેલાં ન જોઇએ.

માબાપ જો બાળકોને સ્વચ્છ રાખતાં હોય તો દરેક માણસને રમાડવાનું અથવા સાથે કોઈ ઠેકાણે તેડી જવાનું મન થાય છે. નહિતો ઉલટો કંટાળો આવે છે. ઘણા બાળકોને જોઇનેજ સૂગ આવે છે કારણ કે તેના શરીર ઉપર જોઇશું તો દરેક ભાગ ઉપર મેલના ડાઘા,નાકમાંથી જોઇએ તેટલું લીંટ નીકળી તે ઉપર માંખીઓનો ગણગણાટ અને તે સાથે વળી નાગાં એટલે આ વખતનો તેમનો દેખાવ જાણે એક પતિયાના જેવો દેખાય છે.

જો બાળકોને હમેશાં ન્હવડાવી સ્વચ્છ રાખવામાં આવે તો તેમના શરીરની કાન્તી વધશે—નિરોગી રેહેશે. શરીર ઉપરની મેલવાળી ચિકાશ દૂર કરવા કંકોડી કે બીજો કોઈ ચિકાશનો નાશ કરનાર પદાર્થ વાપરવો.

ગમે તે ચીજ જો મલિન હોય તો નુકશાન કરતા છે એવું બાળકોના મનમાં ન્હાનપણથીજ ઠસાવવું જોઇએ કે જેથી તેઓ મ્હોટપણમાં અચુક સ્વચ્છતા રાખતાં શિ-

અશે. ક્વચિત્ માબાપની સ્થિતિ સારી ન હોય ને બાળક. ના તથા પોતાના લુગડાં ધોબી પાસે ધોવડાવી શકાતાં ન હોય તો જાતે ધોઇને સ્વચ્છ રાખવાં. સ્વચ્છતા એજ સર્વોત્તમ છે; સ્વચ્છતા એજ આખી જીંદગીનું ધોરણ છે એમ જો બાળકોના જાણવામાં આવે તો અને તેમ સમજાવા માબાપ તરફથી પ્રયત્ન કરાય તો તેઓ પછી ગમે તે વખતે, ગમે તે સ્થળે અને ગમે તે સ્થિતિમાં હશે તોપણ સ્વચ્છતા રાખતાં શિખશે.

† શાર્દુલવિક્રીડિત વૃત્ત.

રાખે ચીવટ ચિત્તમાં ન શિશુની, તો અર્ભકો આથડે
યોગ્યાયોગ્ય અભક્ષ ભક્ષણ કરી, માંદાં પછી તે પડે;
પેઠો રોગ વિશેષ બાલ વયમાં, કેમે નહીં નીસરે,
ભોગી રોગ થકી અભાગિ બનિને, ત્યાગી વપૂમાં ભરે. ૧

— ❦ —

સ્વતંત્રતા.

વિષય પંદરમો.

બાળકોને બાજબી સ્વતંત્રતાની જરૂર છે. કેટલાક માબાપ પોતાનાં બાળકો પાસે તેમના ગજા ઉપરાંત કામ કરાવે છે. ને કેહે છે કે "બાળકોને સ્વતંત્રતા આપવાથી તેઓ સ્વચ્છંદી

થઈ દુરાચરણી થાય છે." આ ઠેકાણે એમ કેહેવું ને સમજવું ભૂલ ભરેલું છે, કારણ કે બાળકોને રમવા, કૂદવા અને દોડવામાં બરોબર સ્વતંત્રતાની જરૂર છે; જો તેઓ દોડવા, કૂદવા અને રમવા માટે પરતંત્રતામાં હોય તો મનમાનતી રીતે શરીરને વ્યાયમ મળતો નથી—શરીરના અવયવો બરોબર કામ કરી શકતા નથી. કેટલેક ઠેકાણે એવું જોવામાં આવે છે કે માબાપે જો ઘેર લાકડાંનો હેલ લીધી હોય તે લાકડાં તો ઘરમાં લઈજવા માટે બાળકોને હુકમ કરવામાં આવે છે, ને હુકમ પ્રમાણે લાકડાં ઘરમાં લઈજવા માટે અતિશે શ્રમિત થઈ શ્વાસ ચડે ત્યાં સુધી દાબમાં રાખી કામ કરાવતાં છેવટે તેઓ હારીથાકીને કેહે છે કે "અમ્હારાથી હવે લાકડાં ઊંચાં થઈ શકતાં નથી, અમ્હેતો થાકી ગયા" તોપણ તેમના કેહેવા ઉપર ધ્યાન ન આપતાં ધમકાવીને ગજા ઉપરાંત કામ કરાવે છે એ ઘણું ઘાસ્તી ભરેલું છે, કારણ કે બાળકોને આવો સખત શ્રમ પડવાથી પેટમાંના નળ ભરાઈ જાય છે ને શરીર બહુજ દુખે છે—ને વખતે મરણ પણ પામે છે. આપણામાં કેહેવત છે કે "અહાર મારે કે ભાર મારે" આ કેહેવતથી સિદ્ધ થાય છે કે વધારે શ્રમ મળવાથી બાળકોની જીંદગી જોખમમાં આવે છે.

બાળકોને સારી નુકસાન વગરની સ્વતંત્રતા અવશ્ય આપવી જોઈએ કારણ કે એવી સ્વતંત્રતા મળવાથી શારીરિક

અવયવો પ્રફુલ્લિત પણામાં રહી-શારીર વ્યાપાર બરોબર જાવે છે એટલુંજ નહિ પણ બાળકોની આખી જીંદગી જો-ખમથી વખતે મુક્ત રેહે છે.

ધમકી આપી કામ કરાવવાથી શા શા પરિણામ થાય છે તે આગળ કેહેવામાં આવ્યાંછે, પણ વિશયાનુંસંબંધે ફરી બોલવું દુરસ્ત લાગે છે.

બાળકોને તેમના મરજી મુજબ (સારા કૃત્યોને સમ્બન્ધે) ન વર્ત્તવા દિધાથી તેમના મનમાં દિલગિરી પેદા થાય છે દિ-લગિરીને લીધે રક્તવાહિનીઓમાં વિકાર થઈ રોગોત્પ-ત્તિના વૃદ્ધિ થાય છે. તે માટે માબાપે બાળકોને યોગ્ય સ્વ-તંત્રતા આપતાં કંઈ દીર્ઘ વિચાર કરવો જરૂર જણાતો ન-થી. વળી કેટલાક શ્રીમાન તથા મધ્યમ સ્થિતિના માબાપ બહુધા એમ ઇચ્છે છે કે બાળકોની પાસે કંઈપણ કામ ક-રાવવું નહિ. ક્વચિત્ બાળકો હોંશથી કાંઈ પણ કામ કર-વાની ઇચ્છા બતાવે તો એમ કેહેતાં સાંભળવામાં આવેછે કે "ત્હારે એ કામ કરવું નહિ, બેશ, છાનોમાનો; એતો ચાકરને કરવાનું કામ છે, શું તું ચાકર છે તે કરેછે! જા, બેશ" એમ કહી બેસાડી મૂકે છે.

જો આ ઠેકાણે વિચાર કરીએ તો એમ કેહેવું બાળકોના ગેરલાભમાં છે પણ લાભમાં નથી—એકને એક ઠેકાણે બેશી રેહેવાથી શારીર રક્ત વ્યાપાર સ્થિર રહે છે, એમ આગળ

કેહેવામાં આવ્યું છે. તેમ છતાં બેસાડી મૂકી પોતપોતાના બાળકોના પોતેજ શત્રુ થવા માગવું એ વાસ્તવિક નથી. બાળકોને એકે સ્થળે બેસાડી મૂકવાના પરિપાઠ કરતાં તેમની પાસે શક્ત્યનુસાર વ્યાયામ કરાવવો જોઇએ. જો એમ કરાવવામાં ન આવેતો બાળકો આળસુ, રોગી, ઠીંગણા, ખોડવાળાં ને પરતંત્ર સ્વભાવનાં થઈ જાય છે. આટલી બધી નુકશાની કરનાર બાબતોમાંથી બાળકોને સારા મજબુતી ધરાવનારાં થવાં ઈચ્છનારાં માબાપે ઉપર બતાવેલી હાનિકારક રીતિથી દૂર રહી સુખ કર્તા રીતિથી પગલું ભરવું શ્રેષ્ઠ છે.

*** ઉપજાતિ વૃત્ત.**

અયોગ્ય સ્વાતંત્ર્ય નકામું ભાસે,
ને યોગ્ય સ્વાતંત્ર્યથી – સ્ફુર્ત્તિ થાશે;
મનુષ્ય સ્વાતંત્ર્ય વિના ન શોભે,
સ્વાતંત્ર્ય વીના શિશુ સૂખ થોભે. ૧

બાળકોની રમત કેઈ અને કેવા પ્રકારની જોઇએ ?

વિષય સોળમો.

બાળકો પાસે તેમનાથી થતા અલ્પ સ્વલ્પ કામો કરાવ-

વાથી તેમને વ્યાયામ મળે છે; તેમજ નાના તરેહની રમતો રમવાથી અતિશય સ્ફુરતી મેળવી શકાય છે પણ તે નીતિ વાળી રમતો ઉપર આધાર રાખે છે.

મબાપનો ધર્મ છે કે બાળકોને વ્યાયામ અને વિશ્રાન્તિ મળે એવો ઉપાય કરવો, અર્થાત્ જે હિલચાલથી બાળકોને શારીરિક કિંવા માનસિક લાભ થાય એવી રમતો રમવા દેવી. કેટલાંક બાળકો ભેગાં થઈ "સંતાકુકડી," વિગેરેની રમતો રમે છે, તે રમત એવી રીતે રમાય છે કે જેને માથે દાવ હોયછે તેને એક બીજો છોકરો પેલા દાવ વાળા છોકરાની બે હાથે મજબૂત રીતે આંખો દાબે છે, ને બીજા છોકરાઓ સંતાઈ જાય છે. પછી પેલો આંખો મીંચનાર છોકરો "દહિંનો ઘોડો છૂટ્યો" એમ કહી પોતાનો હાથ આંખ ઉપરથી લઇ લેછે, ને તરતજ (દાવ વાળો) આંખો મીચાવનાર, છોકરો એકદમ દોડતો દોડતો સંતાઈ રેહેલા છોકરાઓને શોધી કહાડવા ફાંફાં મારે છે—છતાં જો કોઈ પકડાય નહિ તો પાછો પોતાનેજ દાવ આપવો પડે છે જો આવી રીતે બે ત્રણ વખત દાવ આપવો પડે તો આંખો મચનાર મીંચાવનાર છોકરો સન્તાતા છોકરાઓને જોશે એમ જાણી ખૂબ જોરથી આંખો દબાવે છે. આવી રમતો રમતાં ઘણા બાળકોએ આંખો ખોઈ નાંખી છે. અર્થાત્ આંધળા થાય છે—ને હજુ એવા દાખલાઓ પ-

ણ જોવામાં આવે છે; માટે આ અને આવી ભય ભરેલી નુકસાન કર્તા રમતો રમવાથી જે જે ગેરફાયદા થતા હોય તે બાળકોને માબાપે સમજાવવા એ માબાપ અથવા બાળહિતેચ્છુઓનો ધર્મ છે. બાળકોની રમત કઈ? કેવા પ્રકારની? ને કેટલી લાભ કર્તા છે? તેનો પૂરતો વિચાર માબાપે સ્થિરચિત્તે કરવો જોઇએ, કારણ કે તેઓ કોઈ કોઈ વખત અપકૃત્ય અને નીતિનાશક રમતો રમે છે (ઢીંગલાં ઢીંગલીના લગ્ન કરવાં તેમને છોકરાં થવાં ઇત્યાદિ.) તે બહુ ખોટી છે. આવી રીતે બાળકો પોતપોતામાં લગ્ન ઇત્યાદિકની રમતો રમે છે—અને એવી રમતો રમતાં અનીતિથી મનમાનતી રીતે પોતાના હોંશ પણ પૂરી કરે છે (આ પ્રમાણે જ્યાં છોકરા—છોકરીઓ ભેગાં રમતાં હોય છે ત્યાં થાય છે) તેવી નીતિને હાનિ કરનારી રમતો રમવા ન દેતાં બાળકોને સારી શિખામણ દઈ એવી ખરાબ રમતો રમવાની કુટેવ ટાળવી.

બાળકોની ખરાબ રમતો, રમવાની કુટેવ ટાળવાનો સૌથી સેહેલો ને સારો ઉપાય એ છે કે બાળક વા બાળકીઓને પોતાની નજરથી દૂર રમવા જવાં દેવાં નહિ "બાળકોને સ્ત્રી પુરૂષોએ કયે ઠેકાણે ન લઈ જવાં?" એ મથાળા નીચે આગળ જે માહિતી આપવામાં આવે તે ઠેકાણે બાળકોને લઈ જવાં નહીં અર્થાત્ બાળકોની રમત માટે માબાપે ખૂ-

જ લક્ષ આપવું જોઇએ કારણ કે તે એક માબાપની ફરજ છે કે જેના ઉપર આ સંસાર સુધારાનો મોટો આધાર રાખવામાં આવે છે.

બાળકોએ શાળાની, સભાની, વ્યાખ્યાનની અને વ્યાપાર વિગેરેની રમતો રમવી શ્રેષ્ઠ છે અને તેવીજ રમતો રમવી, એટલે ઉપરની ગોઠવણ કરીને જાણે બાળકો નિશાળમાં જાયછે, સભા ભરે છે,—અને તેમાં પોતે ભાષણો કરે છે.

મૂળથીજ આવી સારી રમતો રમવા માબાપે અથવા હમેશના સહવાસ વાળા મનુષ્યે બાળકોના દિલમાં અસર થાય એવી રીતે નિરંતર બોધ વચન કેહેવાં.

*** મન્દાક્રાન્તા વૃત્ત.**

સારી સારી, રમત રમવા, છૂટ દ્યો બાળકોને,
ખોટી છૂટી રમતનિ રિતી, ના ઘટે બાળકોને;
સારી ખોટી, રમત ગણના, એક ચિત્તે વિચારી,
શીશૂ પ્રત્યે, ફરજ નિજની, કોદિ ના દ્યો વિસારી ૧

વ્યાયામ, અવલોકન ને વિચારશકિત

વિષય સત્તરમો.

બાળકોએ અલ્પ સ્વલ્પ કામ કરવાથી, સાધારણ રમતો

રમવાથી, જ્યારે તેમને મન પસંદ વ્યાયામ મળે ત્યારે ખાસ વ્યાયામને માટેજ તેમની યોગ્યતા પ્રમાણે તેમની પાસે શક્ત્યનુસાર વ્યાયામ કરાવવો જોઇએ.

વ્યાયામથી ન્હાના મોહોટા મનુષ્યોની શારીર પ્રકૃતિ નિરોગી રહે છે; તેના યોગેકરીને શરીર માંહેનું લોહી બરોબર નિયમ પ્રમાણે બધી નસોમાં ફરી વળે છે—ખાધેલા અન્નનો યથાસ્થિત રસ થઈ શરીરના જૂદા જૂદા ભાગોમાં દાખલ થાય છે. નિયમિત વ્યાયામને લીધે બળોત્પતિની વૃધિ થાય છે, પણ આ સર્વે બરોબર થવા સ્નાયુના ચલન વલન ઉપર અવલંબે છે સ્નાયુનું જોઇએ તેવી રીતે ચલન વલન થવું, શરીરનો બાંધો સુદ્રઢ અને પ્રફુલ્લિત થવો એ પણ વ્યાયામ ઉપર આધાર રાખે છે, જો વ્યાયામ ન કરાય તો રસ ઠેકાણે ઠેકાણે સ્થિર રહે છે—સ્થિર રહેવાથી શરીરનો બાંધો બગડે છે—બગડે છે એટલે અર્થાત્ શરીરમાં અનેક રોગસ્થાન થઈ જીંદગી જોખમમાં આવી જાય છે. તેથી અહુનિશ **બાળકોને વ્યાયામ કરાવવો જોઈએ.**

કોઈ કોઈ વખત બાગબગીચામાં, ડુંગર ઉપર, દરીઆ કિનારે, જ્યાં સારી અને સ્વચ્છ હવા હોય ત્યાં, મેદાનમાં, નદી કિનારે, ફળ પુષ્પથી પ્રફુલ્લિત થયાં હોય એવાં વૃક્ષ સ્થળ સમૂહમાં, અને અનેક ચમત્કારયુક્ત પદાર્થવાળે

સ્થળે બાળકોને અવલોકન કરવા માટે લઈ જવાં; ધ્યાનમાં રાખવું કે ઉનાળાના દિવસોમાં સાંજને વખતે જળ સમૂહ-ની સમિપમાં જવું નહિ* કારણ કે ત્યાં ગરમીયુક્ત પા-ણીની લ્હેરોમાં જે વાયુ શરીરને પ્રત્યાઘાત કરે છે તે ઘ-ણુંકરીને શરીર તથા પ્રકૃતિને નુકશાન કર્તા છે; કારણ કે એ વાયુ ઘણો ઝેરી હોય છે, તે શિવાય એવા વાયુમાં લુ પણ વાય છે, તેથી ઉપરનું સ્થળ શરીર તથા પ્રકૃતિને હિ-તાવહ નથી. ક્વચિત્ એવોજ પ્રસંગ હોય કે તેવે સ્થળે ગયા શિવાય ચાલે તેમ નથી, તો રાત્રે આઠ વાગ્યા પછી જવા માટે વિચાર કરી જોતાં કંઈ બાધ જણાઈ આવતો નથી. હરેક બાધકર્તા સ્થળ શિવાય સારે સ્થળે જવાથી બાળક તથા માબાપની શારિર પ્રકૃતિ નિરોગી રહેવા સારૂ અને બીજી રીતે બાળકોની વિચારશક્તિ વધવા સારૂ એક મોહોટું સાધન થઈ પડે છે. બાળકોને માબાપે અથવા શિ-ક્ષકે ઉપર બતાવેલી રમણિક જગોમાં લઈ જવાથી તેમને આવા પ્રત્યક્ષ જોવામાં આવેલા સ્થળોનું અથવા પદાર્થો-નું વર્ણન કરવા, તેની ચોકશ હકીકત નિબંધ રૂપે લખવા સર્વદા એક મોહોટું સાહીત્ય થઈ પડે છે—તેથી કોઈ પણ વિષય લખવામાં તેમની (બાળકોની) બુદ્ધિ સ્વાભાવિક થઈ જાય છે. મતલબ કે કોઈ ગહન વિષય હોય તો સેહેલ-

* દરિયા કિનારે જવા કંઈ બાધ જણાતો નથી.

થી લખી શકે છે, તે સાથે લક્ષ રાખી અવલોકન કરવાની; વર્ણન કરવાની, છૂટથી બોલવાની, ઝડપથી વિષયાનુંસંધાનિક વાર્તાઓ જોડી કહાડવાની—સ્મરણશક્તિની શક્તિ વધે છે તેમજ વિદ્યાની મિઠાશ તેમને માલમ પડે છે.

બાલકોને સારી મંડળીઓમાં, સભામાં, જ્યાં વ્યાખ્યાનો થતાં હોય ત્યાં, શાળાઓમાં છોકરાંને ઇનામો અપાતાં હોય ત્યાં લઈ જવાથી સદ્‌ગુણ વધી દુર્ગુણનો નાશ થશે.

કોઈ વખત બાળકો જો કંઈ સારી કલ્પના શોધી કાડે તો તેમની કલ્પના ઉપર અપ્રીતિ ન બતાવતાં કહેવું કે તમે આથી પણ વધારે વિચાર કરી કોઈ પણ નવિન યુક્તિ શોધી કહાડો—તમારી કલ્પના નિદાન-સ્પષ્ટ છે. એમ કહી ઉત્તેજન આપવું કે જેથી બાળકોની વિચારશક્તિમાં—શોધન શક્તિમાં વધારો થઈ તેઓ **વ્યાયામ—અવલોકન—વિચારશક્તિની શક્તિમાં કુશળ થાય.**

*** વસંતતિલકા વૃત્ત.**

વ્યાયામ યામ કરવે તનુ વ્યાધિ નાસે,
નાસેજ આળસ બધિ વપુ અલ્પ ના રહે;
બાંધો પ્રફુલ્લિત શરીર તણો જણાશે,
શીશૂ સદૈવ બળવાન અતી ગણાશે. ૧

દુર્મિલા વૃત્ત.

અવલોકનનીજ રીતિ અધિકાધિક
સ્તુત્ય સદાય ગણાય અતી,
રિતિ એ થકિ જોઈ વિશેષ લગે—
વિષયો વિણ સાંય વિશાળ અતી;
સુભ જ્ઞાન મળે કુડિ રીતિ ટળે
દુખ પાસ શળે નિજ નેત્ર બલે,
સુખ ડાળ ફળે શિશુ અંગ વળે
બહુ કિર્તિ રળે હિતકારી કળે. ૨

વંશસ્થ વૃત્ત.

વિચારશક્તિ બહુ લાભ આપતી,
વિચારતાં તે કુમતીજ કાપતી;
ભલા ભુંડાને પળમાં બતાવતી,
બતાવતી ભૂલ—પછીથિ ભારતી. ૩

બાળકોને શારીર શિક્ષા.

વિષય અશાઠમો.

બાળકોની પ્રકૃતિ ઠીક રાખવા માટે બાયામાદિક કરવા

આગળ કહેવામાં આવ્યું છે, તેને યોગે કરીને પ્રકૃતિને સંબંધે ઘણોજ લાભ છે, પણ વિચાર કર્યા શિવાય બાળકોને માર મારવામાં આવે તો તેમને મોટી ઇજા થાય છે.

કેટલાક માબાપ ને મેહેતાજીઓ બાળકોને સોટી, મુક્કી ને લાતોથી માર મારે છે, અથવા ગાલ—કાન આમળે છે નહીંતો ચૂંટી ભરે છે, ક્વચિત્ ડાબો કિંવા જમણો બાહુ પકડી અદ્ધર ઉચકીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફેંકે છે વિગેરે ઘણા પ્રકારની **બાળકોને શારીર શિક્ષા** કરે છે. તો તે સંબંધે એટલુંજ કહેવામાં આવેછે કે બાળકોને ગેરબાજબી માર ન મારતાં તેમના શરીરને કોઈ પણ રીતે ઇજા ન થાય તેવી **વચન શિક્ષા** કરવી અર્થાત્—મારવું બંધ રાખી સારી શિખામણ દેવી.

આ બાબત મેહેતાજીએ તેમજ બીજા માણસોએ લક્ષ પૂર્વક અવલોકન કરવું જોઇએ કે બાળકે અપરાધ કર્યોછે કે નહીં? ને અપરાધ કર્યો છે તો તે બુદ્ધિ પૂર્વક કર્યો છે કે અજાણપણાથી કર્યો છે? પ્રથમથી આ બાબત નિશ્ચય કરી બહુજ વિચાર કરવો જોઇએ. પુષ્કળ લોકો એવા પણ જોવામાં આવે છે કે પોતાના બાળકે અનીતિનું કામ કર્યા છતાં તેની કંઈ પણ દરકાર રાખતા નથી, પણ અકસ્માત્ તેનાથી કંઇ બગાડ થયો તો વગર વિચારે ખૂબ શિક્ષા કરે છે **આવો પરિપાઠ આપણામાંથી કા'ઢી નાખવો જરૂરનો છે.**

કંઈ અકસ્માત્થી કૃત્ય થયા છતાં તેના ઉપર સખ્ત નજરે જોવું એ માબાપને છાજતું નથી, પણ તેની બેદરકારીથી —ને કાળજી વગર જે અકસ્માત્ બન્યો તે માટે શાન્ત રીતે સારો બોધ આપી યથાસ્થિત દાખલા સાથે ફરી તેમ ન થવા શિખામણ આપવી કે જેથી તે બદલ તેમને પોતાનેજ પસ્તાવો થાય.

વળી તે સાથે ધ્યાનમાં રાખવું કે બાળકોને વિશેષ પસ્તાવામાં કે ચિન્તામાં ગરક થવા દેવાં નહિ કહેવત છે કે **“ ચિન્તાથી ચતુરાઈ ઘટે છે ”** જો આ વિષે લક્ષ આપવામાં નહિ આવે તો હાનિ થવાનો સંભવ રહે છે. ચિન્તાથી મનની અસર તન ઉપર થઈ હાનિ થાય છે, તેથી આ બાબત બાળકોને સંબંધે એક રીતે જોવા જતાં સાવધાન પણાની ને જવાબદારીની છે એમ પણ કહિએ તો ચાલે.

ઘણા વિદ્વાન્ ડૉકટરોએ (વૈદ્યોએ) ઘણે ઠેકાણે કહ્યું છે કે **“ ચિન્તાથી ઘણાં માણસો મરી ગયાં છે, ચિન્તાવાળા રોગીને કોઇ પણ ઔષધ અસર કરી શકતું નથી ”** માટે બાળકોને કોઈ વખત શિક્ષા કરવી હોય તો તેઓ સહન કરી શકે એવી તેમને શા વાંક માટે તે શિક્ષા કરવામાં આવે છે તે સમજાવી “ ફરી એમ કરતા નહીં. જો એમ **કરશો તો યોગ્ય શિક્ષાને પાત્ર થશો. ” એમ કહી કરવી.**

બાળકોને વારંવાર કદી પણ શિક્ષા કરવી નહીં; તેમજ કોઈ અતરાપીના દેખતાં ઠપકો દેવો નહિ કારણ કે તેમ કરવાથી તેઓ બેફિકરા અને નઠોર થાય છે—મનમાં એમ સમજેછે કે મને માર મારશે, પછી શું કરશે? માબાપે બાળકોને જેટલી ધાકમાં રાખવાં જોઇએ તેટલી ધાકમાં રાખી પોતાનું અરધું શિક્ષણિય સદ્બોધરૂપ વચન નીકળતાં પેહેલાં સુધરે અને સત્પથે સંચરી સારી વર્તણુકે વર્તવા સદ્બોધામૃત નીતિ વચનો કહેવાં.

*** મનહર વૃત્ત.**

શારીર શિક્ષાએ કરી શીખ નિત્યે આપવાથી.
સૂખ સ્થાન શિશૂ તણાં સદા નાશ પામશે;
શારીર ઉપર બહુ સોળ ઉઠી સન્તતિના,
તદન બદન પર રક્ત ટીશ જામશે;
અનિયમિત મારથી અવયવે હાનિ થઈ,
બાળકોના લાભ દુર જાય મારના મશે,
વચન શિક્ષાથી વધું વે'વારિક વાંધા મટી
વડાઈ વિષેશ વાધી વધુ બાધી વામશે. ૧

માબાપે બાળકોનું અપમાન કરવું નહીં

શિક્ષા ઓગણીશમી.

કેટલાંક માબાપ બાળકોનું વારે વારે અપમાન કરતાં જોવામાં આવે છે. માટે તેમનું કોઈ વખત પણ અપમાન કરવું નહિ. અપમાન કરવાથી ઘણા ગેરફાયદા છે અને તે આગળ જતાં માબાપને નડે છે. કેટલાએક માણસો એક બીજાના દેખતાં બાળકોનું અપમાન કરે છે. તેમાં તેઓ એમ સમજે છે કે બાળકોનું બીજા માણસોના દેખતાં અપમાન કરવાથી -શિક્ષા કરવાથી તેઓ લજ્યાયુક્ત થઈ પુનરપિ અપરાધ કરશે નહિ, પણ એવું સમજવું ઘણું ભૂલ ભરેલું ને દિલગિર થવા લાયક છે. ઉપર બતાવેલી માબાપના મનની ધારણા એક બાજુએ રહી તેમના અઘટિત સમજથી ઉલટી રીતે ચાલી તેઓ અધિકાધિક નિર્લજ્જ અને સ્વચ્છંદી થઈ જાય છે.

માબાપ અને બાળકોના પ્રેમમાં પરસ્પર ઓછાપણું થઈ પ્રીતિનો નાશ થાય છે ને બાળકોમાંથી તેમના (માબાપના) સ્વતઃને માટે સન્માન અને પુજ્ય બુદ્ધિનો નાશ થાય છે; તે માટે ચાકર અથવા કોઈ પણ માણસના દેખતાં બાળકોનું અપમાન કરવું નહીં; તેમજ કોઈ પણ રીતિની શિક્ષા કે અપ્રતિષ્ટા કરવી નહિ ને યોગ્ય પ્રતિષ્ટા કરવી.

જેની સમક્ષ આપણે પોતે આપણા પોતાના બાળકો માટે ખોટો અભિપ્રાય આપીએ છીએ તે પોતાના ને ઈતર બાળકોના હિતને અર્થે તેજ પ્રમાણે (માબાપે જેવી રીતિએ અપ્રતિષ્ઠા કરી તેવી રીતિએ) બોલે છે. આવી વર્તણુકથી લોકો બિચારાં અલ્પ જ્ઞાન વાળાં બાળકો ઉપર હેત તથા વિશ્વાસ રાખતા નથી. તો માબાપે બાળકોની શત્રુ સમાન ગણનામાં શા માટે આવવું જોઇએ? ખરૂંછે કે નજ આવવું જોઇએ પણ બાળકોને હમેશાં સદ્બોધ નીતિ કથન કહી પોતાની ફરજ અદા કરવી જોઇએ.

*** દોધક વૃત્ત.**

બાળકનું અપમાન કરો ના,
વીણ ચુકે અપવાદ મુકો ના;
પન્થ સિધે શિશુ જ્ઞાન વધારો,
એ પિતુમાત છેઁ ધર્મ તમારો. ૧
મૂઢ મતી શિશુનીજ વિદારો,
શુદ્ધ વિવેકની રીતિ શિખાવો;
રીતિ નિતી તણિ નિત્ય પ્રસારો
એ પિતુમાત છેઁ ધર્મ તમારો. ૨

બાળકોને નિશાળે મોકલવા વિશે.

વિષય વિરામો.

બાળકો બરોબર છ વર્ષનાં થાય ત્યાં સુધી નિશાળે મોક-લવાં નહીં—પૂરેપૂરાં છ વર્ષ થયાં—સ્પષ્ટ બોલતાં-ચાલતાં આવડયું એટલે નિશાળે મોકલવાં જોઇએ. નિશાળમાં મુ-કતા પેહેલાં તેમને **ગૃહ શિક્ષણ** (House Education) એટલે આંક,—મૂળાક્ષરો,—બારાખડી,—સાધારણ રીતે લખતાં—વાંચતાં શિખવવું કે જે આગળ ઉપર બાળકોને બહુજ ઉપયોગી થઈ પડે. કેટલીક રમતની રમત જણાય અને જો બારાખડી—મૂળાક્ષર તથા ચિત્રોનાં નામ વિગેરે જોઇને ઓળખતાં શિખે તો નિશાળમાં જલદીથી આવડે. મૂળાક્ષરો વિગેરે નિશાળમાં શિખતાં બાળકોને કંટાળા જેવું લાગેછે, માટે માબાપે ઘરમાં થોડુંઘણું કામ પૂરતું શિખ-વ્યું હોય તો સારૂં. બાળકોને જે નિશાળમાં મોકલવાનો વિ-ચાર હોય તે નિશાળનો મેહેતાજી સ્વભાવે કેવો, કેવા પ્રકા-રનો, કેવી કેળવણી લીધેલો, કેવી કેટલી નીતિ અને સભ્ય-તા વાળો છે, તે ઉપર માબાપે પૂરતું ધ્યાન આપી માહિતી મેળવવી જોઇએ. કદાપિ કોઈ નિશાળમાં વિદ્યાર્થીઓના અભ્યાસ માટે, તેઓમાં સદ્ગુણ લાવવા માટે કંઈ પ્રયત્ન વા બોધ કરતાં જોવામાં ન આવે તો તેમજ શિક્ષક ચીડવા-

બો, દારૂબાજ, દુરાચારી અને બાળકોના દેખતાં વ્યસન કરનારો દિશી આવે તો, અર્થાત્ કોઈ પણ પ્રકારની અનીતિ રીતિઓ પાળનાર માલમ પડે તો તેવી નિશાળમાં બાળકોને વિદ્યાભ્યાસ માટે મુકવાં નહિ.

વિદ્યા અને સદ્ગુણાદિક વિષયોમાં કાળજી રાખનાર સારો અને સુશિલ શિક્ષક જે નિશાળમાં હોય તે નિશાળમાં બાળકોને વિદ્યાભ્યાસ કરાવવા મુકવાં; ને કોઈ કોઈ પ્રસંગે અનાયસે જઈ તેઓ હમેશાં બરોબર વખતે નિશાળે આવે છે કે નહિ,-ને બરોબર અભ્યાસ કરે છે કે નહિ તે બાબત માબાપે ચોકસી કરવી જોઇએ; કારણ કે ઘણી વખત બાળકો નિશાળમાં ન જતાં અહીં તહીં ભટકી નકામો વખત ગુમાવે છે, ને નિશાળ મુકી દેવાનો વખત સાધી હાથમાં પાટી વિગેરે ભણવાનાં સાહિત્યો લઈ ઘેર આવેછે. તેમને જો સ્વાભાવિક રીતે કુટુંબી કે માબાપ પુછે તો જાણે બરોબર નિશાળેજ ગયા હોયની તેવો જુવાબ આપેછે. તેને લીધે તેઓ વધારે પડપુછ કરતાં નથી. પછી જ્યારે બીજે દિવસે નિશાળમાં (બાળકો) જાય ત્યારે મેહેતાજીને તેઓ એવું નિમિત્ત બતાવે કે જે નિમિત્ત મેહેતાજીને માનવા માટે મોટું કારણ થઈ પડે; અર્થાત્ વગર સંસયે માને. જો માબાપ પ્રસંગાનુસાર નિશાળમાં જઈ તપાસ કરવા ધ્યાન આપે તો બાળકો કદી પણ ગેરહાજર રેહેશે નહિ. વળી

બાળકો પણ જાણશે કે જો ગેરહાજર રહીશું તો આપણા માબાપના જાણવામાં આવશે—મેહેતાજીને કહી આપણને શિક્ષા કરાવશે.

કેટલાક બાળકો એવા હોય છે કે તેમને કંઈ કારણસર મેહેતાજી શિક્ષા કરે તો માબાપને તેઓ એવી ફરિયાદ કરે છે કે "અમારા મેહેતાજી રોજ અમને માર માર કરે છે," તેથી માબાપ પોતાના બાળકોના કહેવા ઉપર વિશ્વાસ રાખી શિક્ષકને વગર અપરાધે ઠપકો દે છે—કેટલાકતો પુનઃ તે નિશાળમાં પણ જવા મના કરે છે !!

બાળકોનું કહેવું ખરૂંછે કે ખોટું તે એક વાર તપાસી જોતા નથી ને વગર અનુભવે નકામો ઠપકો દે છે તે બહુ ખોટું કરે છે. ક્વચિત્ જો વધારે શિક્ષા કરી હોય તો મેહેતાજીને બાળકોની સમક્ષ ઠપકો ન દેતાં એકાન્તમાં જે કંઈ કેહેવું ઘટે તે કેહેવું; કારણ કે બાળકોના દેખતાં ઠપકો દેવાથી તેમના મનમાંથી ગુરૂત્વ—પુજ્ય ભાવનો નાશ થઈ વખતે મેહેતાજીનું અપમાન કરતાં શિખે છે. વળી એમ પણ કેટલેક પ્રસંગે જોવામાં આવ્યું છે કે મેહેતાજીએ શિક્ષા કરી ન હોય તો પણ બાળકોની માંહો માંહેની એક બીજાની શિખવણીથી (એક કહેછે કે "અલ્યા ફલાણા* મેહેતાજીની નિશાળ સારી છે, ત્યાં જરા પણ મારતા નથી માટે

* અમુક નામ દઈ કહે છે.

કેહે, તાહારા બાપાજીને કે પેલી નિશાળે મોકલે; હું તો કાલથી ત્યાં જઇશ") પોતાનાં માબાપને જુદી રીતે સમજાવે છે. જો બાળકોની આવી ખોટી યુક્તિ માબાપના જાણવામાં આવે તો મેહેતાજીને કંઈ પણ ઠપકો ન દેતાં તેને યોગ્ય શિખામણથી ફરીથી આવું જુઠું બોલી નકામી તસ્દી ન આપવા બરોબર દાખલા દલીલે સમજાવવાં—વખતે શિક્ષા કરવી યોગ્ય લાગે તો તે પણ કરવી.

ઘણા કુટુંબીઓ ઉપર પ્રમાણે શિખામણ ન દેતાં તદ્દન બાળકોના કહેવા ઉપર વિશ્વાસ રાખી બાળક સહવર્તમાન નિશાળમાં જઈ શિક્ષક ઉપર રોષે ભરાય છે, ને ક્વચિત્ માર પણ મારે છે. એમ કરવું ઘણું અનીતિ ભરેલું છે. કદી સારી કેળવણી લીધેલા મનુષ્યો એમ કરે નહીં પણ જંગલીજાટ જેવા મનુષ્યો એમ કરે ખરા! આમ કરવાથી શિક્ષકની આમર્યાદા થાય છે એટલુંજ નહિ પણ બધાં બાળકો એકસંપ કરી મેહેતાજીને બીજવે છે, કિંવા મેહેતાજી પ્રત્યે અનેક રીતે દુરાચારથી વર્તે છે. જો નિશાળમાં શિક્ષક વિદ્યાર્થીઓના કલ્યાણ માટે લક્ષ રાખી બરોબર અભ્યાસ કરાવે તો આળસુ છોકરાઓને ખબર પડશે કે આપણો પાઠ ગમે તેમ કરી તૈયાર કર્યા વિના છુટકો થશે નહિ, તેથી તેમને રમવા નાશી જવાનો વખત મળશે નહિ ને રમવા નાશી જવા ધારશે તો શિક્ષકની લક્ષ

સ્વાભાવિક રીતે તે તરફ હશેજ—તેની નાશી જવાની વૃત્તિ મેહેતાજીના જાણવામાં આવશેજ, પછી ગમે તેટલાં નાશી જવાનાં બ્હાનાં કાઢે તો પણ કાંઈ સરશે નહિ ને એવી ફરજ પડશે કે પાઠ શિખ્યા શિવાય જવાય નહિ.

શિક્ષકની આવી લાભ કર્તા—ને બાળકલ્યાણ વૃત્તિથી બાળકો કંટાળી જઇ મેહેતાજીની વિરૂદ્ધ કહે છે કે "અમારા મેહેતાજી કાંઈ બરોબર શિખવતા નથી." આવું સાંભળતાંજ માબાપ કહેછે કે "ઠીક છે ત્યારે કાલે તમને બીજી નિશાળમાં મુકી આવીશું" એમ કહી બીજી નિશાળે મુકી આવે છે, એ જરા હસવા જેવું છે! કારણ કે વિચાર કર્યા શિવાય સહસા કામ કરવું એ અભ્યાસીઓને આગળ ઉપર હાનિ કર્તા થઈ પડે છે. તે માટે પોતાની જાતે ખરા ખોટાની પરીક્ષા કરી યોગ્ય લાગે તેમ કરવું એ સારૂં છે.

† **પ્રમિતાક્ષરા વૃત્ત.**

શિશુને સુનેહથકી કેળવજો,
ગરવા રવાજ ગુણ મેળવજો;
ગમતા મતાન્ત શુભ ગોઠવજો,
મનમાં ન માઠિ મતિ ઓઠવજો. ૧

ભુજંગી વૃત્ત.

ભલો ભાવ આણી પ્રજાને ભણાવો,
પ્રબન્ધાદિ પાના પ્રિતેથિ પઢાવો;

બુરી સોબતો બાળકોની વિસારો,
ખરો ધર્મ શો છે તે ઉપરથી વિચારો. ૨

અજ્ઞાન શિક્ષક વિશે.

વિષય એકવીશમો.

ઘણા ખરા શિક્ષકોને કાંઈપણ ઉપયુક્ત વિષય આવડતા ન હોય તો બાળકોને કહે છે કે "તમારે જેમકે વ્યાકરણ, ભૂગોળ, ઇતિહાસ, શુદ્ધ અને સ્પષ્ટ લખવું વિગેરે શિખીને શું કામ છે ? તેમાં નકામો વખત જાય ને ત્રાસ દાયક લાગે" એવી રીતે અભણ શિક્ષકો માબાપને પણ સમજાવવામાં પાછળ હઠતા નથી અને અજ્ઞાન માબાપો તેમ સમજવામાં પણ ભૂલ કરતા નથી એ ઘણું અજાયબ છે!!!

એ શિવાય એમ પણ તેઓ સમજાવે છેકે "સરકારી નિશાળમાં ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ વિગેરે જે પુસ્તકો શિખવવામાં આવે છે તે ફક્ત પૈસા લઈ લેવા માટે છે, કારણ કે સરકાર તે ચોપડિયો છપાવે છે ને તેના પૈસા આવી રીતે વિદ્યાર્થીઓને ચોપડીયો લેવાની અને તે શિખવાની ફરજ પાડી વસુલ કરે છે" વળી કેટલાએક મેહેતાજીઓ પોતાની નિશાળમાં કોઈ છોકરો ભણીગણી તૈયાર થયો હોય તોપણ તેને વધારે જ્ઞાન મેળવવા બીજી નિશાળમાં

જવા ના પાડે છે. તેમાં તેમનો એવો સ્વાર્થ હોય છે કે જો આ છોકરો મારી નિશાળેથી ઉઠશે તો મારી આવક ઓછી થશે.

ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ વિગેરેને માટે ઉપરના જે વિચારો અભણ—ને અજ્ઞાન શિક્ષકે બતાવ્યા તે તદ્દન ખોટા છે. અવશ્યમેવ ભૂગોળ, ઇતિહાસ—ને વ્યાકરણ ધોરણ પ્રમાણે જે કંઇ નિશાળમાં શિખવવામાં આવતું હોય તે બાળકોને શિખવવું જોઇએ—અને જો તે શિખવવામાં ન આવે તો જે બાબત બાળકોને શિખવવામાં આવતી નથી તે બાબતમાં તેઓ અજ્ઞાન રહેશે.

ઉપલી ચોપડીઓ શિખવાથી ઘણા ફાયદા છે જુઓ! ભૂગોળ શિખવાથી આખી પૃથિવીનું ને આખી પૃથિવીના પ્રદેશોનું જ્ઞાન થાય છે શું એ લાભ કર્તા નથી? ઇતિહાસથી આગળના જમાનામાં શું શું બન્યું? રાજ્યરીતિ, નીતિ, કેળવણી, કળાકૌશલ્ય અને વ્યાપાર રોજગારના માહિતીનું જ્ઞાન થાય એ શું લાભ કર્તા નથી? વ્યાકરણથી સ્પષ્ટ બોલવાના ભાષા નિયમો જાણવામાં આવે ને તેથી ગામડિયા લોકોની પેઠે ન બોલતાં સ્પષ્ટ બોલતાં શિખાય એ શું લાભ કર્તા નથી? રે! ઘણોજ ફાયદો છે. આટલા બધા ફાયદા છતાં કદાપિ કોઈ મેહેતાજી એ પુસ્તકો ન શિખવા ખોટો અભિપ્રાય આપે તો તે અભિપ્રાય રદ ગણી

અફસુસ બાળકોને ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ, ઇત્યાદ્યાનેક વિદ્યા—જ્ઞાનના વધારા માટે એવા અજ્ઞાન ને અણઘડ મેહેતાજીને શિખવવા કહેવું એટલું છતાં તે જો શિખવવા ના પાડે તો બેહેતર છે કે બાળકોને બીજી સારી નિશાળે મૂકવાં.

ગામના કેટલાએક અભણ અને અણઘડ મેહેતાજીઓ એક બીજાને મોડે પોતાની હોંશિઆરી બતાવવા કહે છે કે "જુઓ મેં મારા ફલાણા નિશાળિયાને (અમુક નામ દઇને) અમુક વર્ષ સુધી બીજી નિશાળમાં જવા દીધો નથી"!! આવા સ્વાર્થિ, વિદ્યા શત્રુ અને અજ્ઞાન શિક્ષક માટે માબાપે ઘણી સાવચેતી રાખવી જોઇએ. મતલબ કે એવા ખરાબ મેહેતાજીની નિશાળે પોતાના બાળકોને ન મુકતાં સારા સભ્યતાવાળા—નીતિમાન્—વિવેકી—વિદ્યાવિલાશી—સદ્ગુણી—વિચારશિલ— સહનશિલતાદિ સર્વ ગુણ સંપન્ન—માયાળુ મેહેતાજીની નિશાળે મૂકવાથી બાળકોના દુર્ગુણ દૂર થઈ સદ્ગુણની પ્રાપ્તિને પામશે.

* ઇન્દ્રવજ્રા વૃત્ત.

અજ્ઞાન મે'તાજી તણી નિશાળે,
ન મૂકશો બાળક કોઈ કાળે;
શિખે તહીં તે નહિ સારી વિદ્યા,
શિખે તહિં તે દુખ રૂપિ નિન્દ્યા ૧

ઇન્દ્રવંશા વૃત્ત.

શીશૂ તણૂં જ્ઞાનજ છેક છોટું છે,
કે'શે ન કોઈ શિશુ જ્ઞાન મોટું છે;
સૂશિક્ષણે, શીશુનું જ્ઞાન વાધશે,
કૂશિક્ષણે કાર્ય કદા ન સાધશે. ૨

શિખરિણી વૃત્ત.

મહેતાજી તાજી, શિખવી શિશુ દે સદા સુમતી,
કહી તાજી તાજી, શિખ શિખવિ ગાળેજ કુમતી;
કરે ના નાલાગી, અધિક સુખવાસી સુશિશુની,
ભરે ભારી સારી, સુખદ ખુબિયો વીણ વસુના. ૩

માબાપે બાળકોને યથાર્થ શિખવવું પણ અર્થ વિનાનું શિખવવું નહિ.

વિષય બાવીશમો.

ઘણા માણસો પોતાના બાળકોને યથાર્થ શિખવવાની પદ્ધતી રાખતા નથી, એ ઘણું ખરાબ, નિરર્થક— અને કંટાળો આપનારૂં છે. આવા પરિપાઠથી બાળકોને શિખવવા માટે માબાપના ઘણા પૈસા બર્થ જાય છે, અને શિખનાર બા-

ળકના વિચારશક્તિ મન્દ થઈ જ્ઞાનતન્તુઓને હાનિ પોહોંચે છે—ને પોતાની ફરજને માટે અજ્ઞાન રેહે છે.

તેથી બાળકોને જે કાંઈ શિખવવું હોય તે માબાપ કે મેહેતાજીએ અર્થ સહિત શિખવું જોઇએ અર્થાત્ બાળકોને અર્થ સહિત શિખવાની રીતિ માલમ પડવાથી ને ખરો ભાવાર્થ સમજવાથી તેઓ (બાળકો)ની તિવ્ર બુદ્ધિ થઈ સત્વર શિખશે—અધિક ડાહ્યા અને સમજુ થશે.

માબાપે બાળકોને યથાર્થ શિખવવું પણ અર્થ વિનાનું શિખવવું નહિ એમ છે ત્યારે કેટલાંક નિયમિત વગર અર્થે શિખાય તેવાં ઉપયોગી પુસ્તકો બાળકોને શિખવાં કે નહિ? આવો જે સવાલ ઉત્પન્ન થાય તેના જવાબમાં એટલુંજ કેહેવાનું કે તેવાં પુસ્તકો બને ત્યાં સુધી યથાર્થ શિખવવાં પણ વખતે અર્થ વિના શિખવાય તો બહુધા નિરૂપયોગી જણાતું નથી.

'અમરકોશ.' 'શબ્દરૂપાવલી.' 'સમાસચક્ર.' ઇત્યાદિ.પુસ્તકોમાં યથાર્થ સમજણ નં પડે તો કાંઈ ઘણી હરકત નથી પણ જો તે ગ્રન્થો યથાસ્થિત મુખપાઠે હોય તો સંસ્કૃત શિખતી વખતે બહુજ ઉપયોગી થઈ પડે છે.

ઉપર બતાવેલાં **'અમરકોશ' 'શબ્દરૂપાવલી' 'સમાસચક્ર'** ઇત્યાદિ, પુસ્તકો શિવાય બીજા કોઈ પણ એવાં પુસ્તકો બાળકોને શિખવવામાં આવ્યાં હોય તો તે નિરૂપયોગી ગણી

શકાય નહીં; પણ એ શિવાયના બીજા અનિયમિત પુસ્તકો બાળકોને મેહેતાજીએ કિંવા માબાપે અર્થ શિવાય શિખવવાં નહિ. ક્વચિત જો શિખવવાં હોય તો યથાર્થ શિખવવાની રિતિ બાળકોને લાભકર્તા થઈ પડશે.

બાળકોને ભણાવ્યાં પાગ કોઈ કંઈ પુછે કે તેના અર્થ ન આવડે એટલે તે "ભણ્યા પાગ ગણ્યા નહીં" એ કેહેવત વાળું થાય, માટે યથાર્થ રીતે સમજણ પડે તેવું માબાપ કે મેહેતાજીએ શિખવવું.

ઉપેન્દ્રવજ્ર વૃત્ત.

ભણાવશો ના શિશુ અર્થ વીના,
દુરાગ્રહી એ રિતિ પાળવી ના;
ન પામશે બાળક ઉંચ જ્ઞાન,
યથાર્થ શીખે શિશુ ગુણવાન. ૧

ઇન્દ્રવિજય વૃત્ત.

અર્થ વિના શિશુને શિખવે
ન મળે શુભ જ્ઞાન અજાણ્યું ઠરે છે,
સ્વલ્પ છતું શુધ જ્ઞાન હતું નહતું—
થઈ બાળક મન્દ રહે છે;
મોટપણે અણજાણ રહીસહિ—
નીજ તણી શુધ બુદ્ધિ ખુવે છે,

તેથી પ્રિતેથી સમ્અર્થ પઢાવી.
કરો મતિ સારિ શિશુ સુખ લેશે. ૨

બાળકોને વિદ્યાની દેહેશત ન આપવા વિશે.

વિષય ત્રેવીશમો.

કોઈ પણ વિષયને સમ્બન્ધે બાળકોને હુકમ કરી એમ કેહેવું નહીં કે "જો તું આ હુકમ તોડીશ તો વાંચવા કિંવા લખવા બેસાડીશ." વળી ઘણે ઠેકાણે એવું જોવામાં આવ્યું છે કે બાળકો મસ્તી કરતાં હોય તો "અલ્યા, મસ્તી કરે છે કે! કયાં ગયો લ્યા! (જાણે બીજાને બોલાવતા હોય ની એવી મશે) આને નિશાળે મૂકી આવ" આવી રીતે માબાપ કેહે છે, તેમજ બાળક રડે કિંવા હઠ કરી રંજાડતું હોય તો તેને બ્હીવડાવવા, માટે "આ મેહેતાજી આવ્યા, લઈજારે! એને મેહેતાજી પાસે" એવી રીતે કેહે છે. એ બહુજ ખોટું છે. આવા પરિપાકથી બાળકોને વિદ્યા પણ શિક્ષા સમાન થઈ જાય છે—ને પછી બાળકોને વિદ્યા શિખવી પ્રિય લાગતી નથી—ને બાળકો વિદ્યાભ્યાસ કરવા માટે સ્વભાવિક કંટાળો રાખે છે. તેથી માબાપે એવી યુક્તિ

શોધી કહાઢી બોધવચનો કેહેવાં કે જેથી વિદ્યા શિખવી મોટી પ્રિય અને વિદ્યાનાં સાહિત્યો બક્ષિસ સમાન લાગે.

બાળકો માબાપના કેહેવા પ્રમાણે ચાલે ત્યારે સ્લેટ, (પથ્થરપાટી) પેન્સિલ, પુસ્તક (ઉપયોગી) સારાં—અને સુબોધ આપનાર ચિત્રો વિગેરે તેમને બક્ષિસ દાખલ એવી રીતે આપવાં કે જેથી તેમને વિદ્યા શિખવા એક જાણે સ્વાભાવિક હોંશ ઉત્પન્ન થાય,—અને જે કંઈ તેમને આપ્યું હોય તે શાને માટે,—અને કેવી વર્તણુક રાખવાથી આપવામાં આવ્યું છે તે ખૂબ સમજાવવું.

માબાપના આવા વખાણવા લાયક પરિચયથી બાળકોની સેહેજ વિદ્યા તરફ પ્રીતિ થશે. પણ માબાપે એવી દેહેશત (બાળકોને) ન આપવી કે આટલું કામ કરીશ તોજ તને રમવા કિંવા અમુક કૃત્ય કરવા છૂટ આપવામાં આવશે.* આટલું સાંભળતાં બાળકો વખતે બ્હીકને લીધે ધ્રૂજે છે—તેના મનમાં બ્હીક રેહે છે. **એવી બ્હીક બાળકોના શારીરિક બાંધાને હાનિ કરનારી છે.** કેટલાંક બાળકો એવી દેહેશતથી વખતે આળસુ પણ થઈ જાય છે માટે માબાપે કોઈપણ પ્રકારની દેહેશત બાળકોને ન આપતાં યુક્તિ વડે સમજુત કરી વિદ્યાની પ્રીતિ કરાવવી.

*** ઉપજાતિ વૃત્ત.**

વિદ્યા તણી દે'શત આપવાથી,

શિક્ષે ન વિદ્યા ત્યમ મારવાથી;
વિદ્યા તણી દોલતથી કરીને,
શિક્ષે ન વિદ્યા શિશુ તે કરીને. ૧

માબાપે બાળકોની ઘટિત પ્રસંશા કરવી.

વિષય ચોવીશમો.

કેટલાંક માબાપ એવાં હોય છે કે જ્યારે બાળક સારા અક્ષરે કોઈ પણ વિષય કે પાઠ લખી, અથવા પોતાનો પાઠ બરોબર તૈયાર કરી કેહે કે "જાુવો મારો પાઠ મેં કેવો કર્યો છે?" ત્યારે તેમના કૃત્ય ઉપર માબાપ માનની નજરે જોતા નથી, તે એવા હેતુથી કે જો આપણે વખાણ કરીશું તો ફરી કાળજી રાખી કરશે નહીં. એમ સમજી કેહે છે કે "ઠીક છે, કંઈ સારૂં કર્યું નથી." તેથી બાળકો એમ સમજે છે કે આપણે જેટલું કાળજીથી—અને પરિશ્રમથી શિખીએ તોપણ આપણા માબાપ તે બદલ કંઈ પણ સન્તોષના ચિન્હો ન બતાવતાં ઉલટાં વળી કેહે છે કે "ઠીક છે, કંઈ સારૂં કર્યું નથી." તો વળી આ મેહેનત નકામી શું કરવા કરીએ. રાત્રી અને દિવસ અતિ શ્રમકરીને વિદ્યાભ્યાસ કરીએ છીએ એ તેનું ફળ શું? આવી રીતે તેમના પોતાની ટૂંકી બુદ્ધિથી સમજે છે.

આવા વિચારોથી બાળકોની લાંબી આશાવાળી જે ઉમેદ તે સ્થિર (મન્દ) થઈ જાય છે, અથવા તેઓ વધારે આગળ શિખવા અરસિક રહે છે. તે શિવાય બાળકોના મનમાં બીજો એક એવો વિચાર ઉત્પન્ન થાય છે કે આપણા માબાપને ન્યાઈપણાની ને ખરા ખોટાની પરીક્ષ તો છેજ નહીં. બાળકોની આવી શમજણથી બાળકોને તો શું, પણ માબાપને પણ ઘણી હરકતો નડે છે-ઘણી હાનિ થાય છે. માટે યોગ્ય પ્રસંગે અપ્રસંશા ન કરતાં યોગ્ય પ્રસંશા કરવી ને તેમના (બાળકોના) ગુણ દોષનું પ્રથમ અવલોકન કરી જેવી ઘટે તેવી પ્રસંશા કરવી.

* ઉપેન્દ્રવજ્રા વૃત્ત.

શિશૂ પ્રસંશા કરવી ઘટીત,
ઘટીત ના તે કરવી ન નીત;
ન નીત તે શોભતિ રે! ખચીત,
ખચીત છે તે નથિ રે! રચીત. ૧

—

બાળકોની શોધક બુદ્ધિ વધારવા વિશે.

વિષય પચીશમો.

જ્યારે કેટલાક બાળકોને સ્વાભાવિક રીતે કેટલીક પૂછપરછ

કરવાની ટેવ હોય છે ત્યારે તેઓ માબાપને કે હમેશના સહવાસવાળાને કોઈ વસ્તુ અવલોકનકરી એવી રીતે પૂછે-છે કે "આ શું? તે શું? તે કેમ થયું? કયાંથી થયું!" ઈ-ત્યાદિ, એવું તેમણે (બાળકોએ) પૂછ્યા છતાં તેમને ખી-જવાં નહીં, ને તેમના ઉપર કોઈ પણ ધાકરૂપી બોજો પણ મુકવો નહિ. કેટલાક માબાપ એમ કહે છે કે "તારે તેની શી જરૂર છે? છાનો રહે ને" એમ કહિ બાળકનું કેહેવું ધ્યાનપર લેતા નથી, ને તેના સવાલ રદ કરી નાંખે છે. તે બહુજ ખોટું છે, એમ ન કરતાં બાળક જે પુછે તેનો જવાબ બરોબર આપવો જોઇએ. જો બરાબર જવાબ ન આપી શકાય તો બાળકો વિરસ થાય છે; ને તે જાતના શોધક હોય તો તેઓ મંદબુદ્ધિ વાળાં થાય છે. તેમજ આ-વી રીતે પૂછપરછ કરવાની ટેવ બાળકો પોતાના અપમાનથી ભુલી જાય છે.

વિચાર કરીએ તો બાળકોની એવી રીતે પૂછપરછ કરવાની ટેવ બહુ સારી લાગે છે, અને તેમને તેવી ટેવથી ઘણું જ્ઞાન પ્રાપ્ત થાય છે. પણ તે ક્યારે કે તેનું માબાપ તરફથી ય-થાસ્થિત સ્પષ્ટિકરણ થાય ત્યારે. એવી પૂછપરછ કરનારાં બાળકોને માબાપે બહુ માન આપવું જોઇએ, અને એ ટેવ સારી છે એમ કેહેવું જોઇએ. ક્વચિત્ કોઈ પણ વિ-ષયને માટે જો બાળક કંઈ પૂછે તો તે વિષયનું અથથી તે

ઈતિસુધી ખરેખરૂં બ્યાન કરી "હવે તમે આ વિષયને માટે મનન કરો" એમ કેહેવું જોઇએ.

નીચે પ્રમાણે ખરેખરૂં કારણ સમજણ પાડવાનો પરિપાક રાખવાથી બાળકોને અધિકાધિક સંતોષ થશે. પણ જે પ્રશ્ન બાળકો કરે તે પ્રશ્નની માહિતી જો માબાપને ન હોય તો બીજાં ગમે તેવાં જુઠાં કારણો બતાવી બાળકોના મનનું સમાધાન કરવું નહીં.

જ્યારે બાળકો પૂછે કે "વરસાદ શીરીતે આવે છે?" ત્યારે તેના જવાબમાં કેટલાક માબાપ એવો જવાબ આપે છે કે "ઉપરથી (આકાશ તરફ આંગળી કરીને) આવે છે, ત્યાં એક ચારપગો માણસ રેહે છે તે ઘડેઘડા ભરીને નીચે રેડે છે" આવા જુઠાં કારણથી બાળકોને સમજાવવાં નહિ; એવા પરીપાકથી તેમની ખોટી સમજ થઈ જાય છે, અને અજ્ઞાનરૂપી અંધકારમાં ડુબે છે ક્વચિત્ બાળક નાના તરેહના પ્રશ્ન પૂછે—અને તેનો યથાસ્થિત જવાબ દેવાની પોતામાં શક્તિ ન હોય તો તે જે જે વિષયને સમ્બન્ધે પૂછે તે તે વિષયના સમ્બન્ધથી જાણીતા માણસને પૂછીને વાકેફ થઈ પોતાના બાળકોને સમજાવવાં.

કેવી રીતે બાળકોને દાખલો આપી સમજાવવાં? તેનો નીચે એક દાખલો આપુછું તે યાદ રાખજો ને બાળક જે વિષયને માટે પૂછે તેમાં બરોબર સમજણ પાડજો.

"વરસાદ શીરીતે આવે છે " તેના જવાબમાં ઉપરના જેવું નિરર્થક કારણ ન બતાવતાં બાળકને લાગલું ચૂલા પાસે લઈ જઈ તપેલીમાં પાણી મુકી, ઉપર તાસક ઢાંકી, નીચે દેવતા સળગાવી, એક ઘડી વિલંબ કરી, ઉપરથી તાસક લઈ લેઈ, બાળકોને કેહેવું કે જુવો તાપને લીધે આ તપેલીમાંથી વરાળ થઈ તાસકને તળીએ લાગી છે અને તે લાગેલી વરાળનું પાણી થઈ પાછું નીચે પડે છે; તેજ પ્રમાણે સૂર્યની ઉષ્ણતાને લીધે સમુદ્ર, નદી, તળાવ, અને જલાશયનું પાણી વરાળરૂપે આકાશમાં જાય છે. ત્યાં તેનુ પાણી થઈ પૃથિવી ઉપર પડે છે તેને આપણે વરસાદ કહિએ છીએ.

આ પ્રમાણે જો આપણે દરેક પ્રશ્નના યથાસ્થિત ઉત્તર સ્પષ્ટ અને શુદ્ધ રીતિયે આપીએ તો કેવી વિલક્ષણતાથી તેમની શોધક બુદ્ધિ વધશે ? તેમની સમજણ કેવા ઉત્તમ પ્રકારની થશે ? અને કેવી રીતિયે ખરૂં જ્ઞાન એકદમ થઈ સુદ્રઢ છાપ તેમના (બાળકોના) કોમળ અંતઃકરણ ઉપર પડશે? એનો વિચાર સુજ્ઞ અને ડાહ્યા પુરૂષો કરશે તો સ્પષ્ટ માલમ પડશે કે પ્રશ્નના ખરા ઉત્તર દેવાથીજ તેમ થાય છે, જે પ્રશ્ન બાળક કરે તે પ્રશ્નનો જવાબ પોતાને આવડતો હોય તોજ દેવો. નહિતો સ્પષ્ટ કેહેવુ મને ખબર નથી. એમ કેહેવામાં કંઈ પણ વાંધો નથી. હોય, એકાદ પ્રશ્નનો ઉત્તર નઆ

આંવડે. કોઈ માણસ સર્વજ્ઞ અને સંપૂર્ણ અર્થાનુક્રમ કરી કેહે તેવો નથી.

*** ઈન્દ્રવજ્રા વૃત્ત.**

પૂછે કંઈ બાળક ભ્રાન્તિ લાવી,
તો આપજો ઉત્તર શુદ્ધ ભાઈ;
જે હોય તે ભ્રાન્તિ શિશુનિ ટાળો,
છે લાભ તેથી અતિ હીત વાળો. ૧

† શિખરિણી વૃત્ત.

પુરો પાપી ચેલો, ગુરૂ તણું કહ્યું જે નવ કરે,
પ્રિયા તે પાપિષ્ટ, સ્વપતિ હુકમે ના અનુસરે;
પ્રજાને જો પીડે, પરમ નિંદ્ય છે તે પુરપતિ,
પ્રસૂ તે પાપી છે, સરસ સુતને દે ન સુમતી. ૨

સભ્યતા વિશે.

વિષય છવિશમો.

બાળકોને સદ્ગુણ સમ્પાદન કરવાનો,—જ્ઞાન પ્રાપ્ત કરવાનો,—અને તેમનો (બાળકોનો) સારો સ્વભાવ કરવાનો પોતાના કુટુંબરૂપી નિશાળ ઉપર આધાર રાખે છે, એમ ગર્ભિત રીતિએ આગળ કહેવામાં આવ્યું છે; તેથી સ્પષ્ટ

સમજાય છે પણ હવે કંઈક થોડા વિષયોને માટે વિચાર કરી પ્રસ્તુત વિષયનું સંકોચન કરીએ.

માબાપે બાળકોને સભ્યાથી, સૌમ્યતાથી,—અને પરમ મમતાથી કેળવવાં; પણ ઉદ્ધતપણાથી વા જુઠા પણાથી કેળવવાં નહીં, તેમજ વારંવાર છી! છી!! થૂ! થૂ!! કરી તેમનું મન દિલગીર કરવું નહિ. સૌમ્યતાથી કેળવેલાં બાળકો ઘણું કરીને સારાંજ નિવડે છે.

માબાપે બાળકોનો યથા ઘટિત ભારબોજ રાખવો કે જેથી કરીને તેમના (બાળકોના) મનમાં પોતાને પ્રત્યે પુજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય, આ શિવાય એટલે બાળકો શિવાય ગમે તે હોય તો પણ તેને ઉદ્ધત રીતિએ વા તેને ખોટું લાગે તેવી રીતીએ કંઈ પણ કેહેવુંજ નહિ; પણ તેને સભ્યતાથી જે કંઇ કેહેવું હોય તે કેહેવું. અને તેના કોઇ પણ પ્રકારના દુરાગ્રહથી મુક્ત કરવા સદ્બોધયુક્ત હિત વચનો કેહેવાં. આમ કરવા ઘણા લોકનું દુર્લક્ષ જણાઈ આવે છે. **ઉદાહરણ.**

બાળક ચાકરને ગાળો દે કિંવા માર મારે તો તે વિષે માબાપને કંઇજ લાગતું નથી. ચાકર બાળકના માબાપને કેહે તો તેનું કેહેવું ન ગણગારતાં સામાં એમ કેહે છે કે " શું થયું, કાંઈ ઝટકા તો વાગ્યા નથી ના ? " એ પ્રમાણે કેહેવું બહુજ ખોટું અને હાનિ કર્ત્તા છે.

મારા જોવામાં એક સભ્યતારહિત ઉદાહરણ આવ્યું છે તે આ સ્થળે મુકવા યોગ્ય ધારૂં છું.

એક દિવસ કોઈ ઠેકાણે બાળક સહવર્તમાન કોઈ આમન્ત્રણમાં કોઈ બાળકાના પિતા સહિત ગયા હતાં; ત્યાં કેટલીક વખત સુધી બેસવું પડયું હતું. તેવામાં સાથે લાવેલા બાળકને તૃષા (તરશ) લાગી, એટલે એના પિતાને કહ્યું કે "મારે પાણી પીવું છે" ત્યારે કહ્યું કે "ભાઇ! અહીં આપણી ન્યાતી (નાતનું)નું કોઇનું ઘર નથી, માટે હાલ પાણી પીવા નહીં મળે, આપણે થોડા વખત પછી ઘેર જઇશું એટલે ત્યાં પાણી પીજે." તો તે કહે કે "ના, મને અત્યારે અહિંયાં લાવી આપો." ત્યારે બાપે કહ્યું કે "છાનો રેહેછે કે નહિ? અહીં ગડબડ થાય છે." એટલું કહેતાંમાંજ પેલા બાળકે ખૂબ ધાંટા પાડી રડવા માંડયું ને તે સાથે નિચે પ્રમાણે કહેવા માંડયું. "ઊ! ઊ!! ઊ!!! ઊં!!!! તારા કો, ભાઈ કો, બાપ કો, મરે કો" ઇત્યાદિ, ઇત્યાદિ, ઇત્યાદિ. કેહેછે એટલામાં પાસે બેઠેલા સારા સમ્ભાવિત પુરૂષોએ પેલા છોકરાના બાપને કહ્યું કે "તમે આને (બાળક તરફ આંગળી કરીને) આવી કટેવ કેમ પાડી છે?" ત્યારે તેણે કંઈ પણ જવાબ ન આપ્યો ને મનમાં ખૂબ પસ્તાતો હોય એમ તેના ચેહેરા ઉપરથી માલમ પડયું. પછી પેલા માણસે તેને ખૂબ ઠપકો દિધો.

ઉપરના દાખલાથી સ્પષ્ટ માલમ પડી આવશે કે ઘણાં-ખરા માબાપ અન્ય પ્રકારમાં તો શું પણ સૌથી સેહેલો અને વગર પૈસા વાળો સભ્યતા રાખવાનો રિવાજ તેમાં પણ પાછળ છે આવીજ જો માબાપની વર્તણુક હશે તો બાળકો શી રીતે સુધરશે ? હશે ! આટલું છતાં પણ કેહેવાનો ઉદ્દેશ એટલોજ છે કે માબાપ તરફથી બાળકોની સભ્યતા—અને સારાપણાને માટે જે બેફિકરાઈ રાખવામાં આવે છે તે ન રાખતાં ઘણીજ હોશિયારીથી બાળકોને નીતિની કેળવણી આપી સભ્યતા અને સારાપણું રાખતાં શિખવવું જોઇએ.

બાળકને કોઈ માણસ કંઈ આપે કિંવા કોઇ પણ પ્રકા-રથી પોતાના ઉપર કંઈ ઉપકાર કર્યો હોય, અથવા કંઇ બોધ વચન કહ્યાં હોય તો તેના બદલામાં સભ્યતાથી "આ-પની શિખામણ બદલ મોટો આભારી છું,—ઉપકાર માનું છું," એમ કેહેતાં તેમને શિખવવું જોઇએ.

આ શિવાય પોતાને (માબાપને) કોઇ ગૃહસ્થ મળવા આવે ત્યારે બાળકોને યોગ્ય વસ્ત્રો પેહેરાવી પોતાની પાસે બેસાડવાં કે જેથી સામો ગૃહસ્થ શી રીતે બોલેછે, તેનામાં કેવી અને કેટલી સભ્યતા છે, બેસવા ઉઠવાની રીતિ કઈ અને કેવા પ્રકારની છે ઇત્યાદિ૦ તેમના (બાળકોના) જા-ણવામાં આવે અને તે પ્રમાણે વગર શિખવે જોઇને શિખે,

અર્થાત્ એવા પરિચયથી બાળકોમાં સભ્યતા ને સારાપણાના ગુણો આવે.

વળી વિશેષતામાં એટલુંજ કેહેવાનું કે કોઈ પણ ખાસ કારણ શિવાય બાળકોને નગ્ન રાખવાં નહીં, કારણ કે જો નગ્ન રાખવામાં આવે તો તેમનામાંથી સભ્યતાની—અને મર્યાદાની વૃત્તિ જતી રેહે છે—તેમજ બાળકોને કેટલીક હરકતો પણ નડે છે,

બાળકોના દેખતાં બાપે બાળકોની માને મારવી નહીં—ગાળો ભાંડવી નહીં, અથવા કોઇ પણ પ્રકારે ટુંકારાહુંકારા કે અપમાન કરવું નહીં. બાળક જ્યારે માબાપની આવી પરસ્પર વર્તણુક જુવે ત્યારે સહસા માબાપનો બોજ તેમના મનમાંથી નહીં જેવો થઇ જાય છે ને પછી મર્યાદા રાખવાને બદલે તેમની પ્રત્યે તેઓ અમર્યાદાથી વર્તે છે.

માબાપની સભ્યતા રહિત—મર્યાદા રહિત વર્તણુક જોઇ બાળકો ઉદ્ધત થવાનો સમ્ભવ રેહે છે—તેમજ નિરન્તર કુટુંબમાં કલહ થતો હોય તો, બાળકો સારા સ્વભાવના ન નિકળતાં ઘણી શક ભરેલી હાલતમાં રેહે છે માટે દરેક કુટુંબમાં પ્રેમ, પ્રીતિ, આનન્દ ઇત્યાદિકનું યોગ્ય વાસ્તવ્ય હોવું જોઇએ. તેમજ સભ્યતા અને સારાપણું પણ હોવું જોઇએ.

*** ઇન્દ્રવજ્રા વૃત્ત.**

જો સભ્યતા બાળક માંહિ હોય,
તો તે ગુણજ્ઞ, ગુણહીન ન્હોય;
છે સભ્યતા રૂપ શિશૂનું રૂડું,
જેથી ન બોલે કદિ કોઇ ભૂંડું. ૧

બાળકોને માબાપે સહનશીલતા રાખતાં શિખવવી જોઇએ.

વિષય સત્તાવિશમો.

બાળકોને સમ્બન્ધે ઘણોજ ઉપયોગી અને અગત્યના વિષય તરીકે **સહનશીલતા** છે, તેમજ બાળકોને સહનશીલતા રાખતાં શિખવવી એ પણ ઘણીજ અગત્યની વાત છે. એક બીજાને ગાળો દે, માર મારે કિંવા કોઇ પણ પ્રકારે અપકાર કરે તો તેમને (બાળકોને) તેવી રીતિએ વર્તવા ન દેતાં "ભાઇ, એમ બોલવું નહિ, એમ કરવું નહિ; તે ઘણું ખરાબ કહેવાય." એમ કહી શિખામણ દેવી.

જે બાળકો પોતાના ભાન્ડુઓના સમ્બન્ધથી સહનશીલતા રાખતાં શિખતાં નથી તે બાળકો આગળ જતાં સંસારમાં

તેમજ પોતાના કુટુંબમાં ખુનસ વાળાં થવાનાં, એમાં જરા પણ સંશય રાખવા જેવું નથી; માટે માબાપે બાળકોને એવી રીતે કેળવવાં કે જેથી ભાન્ડુઓમાં પરસ્પર પ્રેમ અને પ્રીતિ ઉત્પન્ન થાય.

માબાપ જ્યારે બાળકોથી પક્ષપાત રાખી ચાલે (બે બાળકો હોય તો તેમાં એકને વધારે અને બીજાને ઓછું ગણે) ત્યારે બાળકોમાં પણ પક્ષપાત થવાનો સંભવ રહે છે. કોઈ કોઈ વખત એવું જોવામાં આવ્યું છે કે એક બાળક બીજાના કરતાં સુન્દર અને દેખાવડું હોય તો તેના ઉપર માબાપ વિશેષ પ્રીતિ રાખે છે, કિંવા કોઇ પણ કારણ શિવાય એકને સૌમ્યતાથી ને બીજા માટે ઉદ્ધત પણાથી અથવા ડાંડાઇથી બોલાવવાનો પરિપાઠ માબાપમાં હોયછે. ઘણુંકરીને આવો ચાલ બધાં કુટુમ્બોમાં જોવામાં આવે છે.

કુટુમ્બના એક કિંવા અધિક માણસની ચાડીઓ એકાદ બાળક બીજા કોઇ પણ કુટુમ્બના મનુષ્યોને કેહે છે તેથી પણ વખતે તેમને પ્રિય લાગે છે, આવા સર્વ પ્રકારો ઘણા નીચ છે. માબાપને સર્વ બાળકો ઉપર સમાન ભાવ રાખવો જોઇએ કે તે જોઇ બાળકો પણ સમાન ભાવ રાખતાં શિખે. જો એમ ન કરવામાં આવે તો બાળકો દુર્ગુણી અને દુરાચારી થાય છે—પરસ્પર પ્રેમનષ્ટ થઈ દ્વેષ ઉત્પન્ન થાય છે ને માબાપ ઉપરની શ્રદ્ધા ઉઠી જાય છે.

સહનશીલતાથી બાળકો બહાદૂર નિકળે છે—તે આમાં વીર સ્વરૂપ રહે છે—ધૈર્યવાન થાય છે, કોઈ વખતે ગમે તેટલું દુખ પડે તો સહન કરી શકેછે યુદ્ધ પ્રસંગે બહાદૂરીથી લઢતાં જય મેળવી શકે છે, નીતિ અને જ્ઞાનમાં વધારો કરી શકે છે.

*** શિખરિણી વૃત્ત.**

હશે શિશૂ માંહી, **સહનશિલતા** માન મળશે,
થશે ખ્યાતી મ્હોટી, સુજશ પ્રસરી આ જગ વિશે
રહ્યા મ્હોટા લાભો, સહનશિલતા માંહિ વસિને
કહ્યા પ્રીતેથી તે, કથન કથિ સૌગૂણ કસિને. ૧

માબાપે બાળકોને દરેક પ્રાણી ઉપર દયા રાખતાં શિખવવી જોઇએ.

વિષય અઠ્ઠાવીશમો.

દયા એ શું અને શાથી ઉત્પન્ન થાય છે તે બદલ માબાપે ખૂબ ધ્યાન આપવું જોઇએ અને બાળકોને પૂરતા દાખલા દલીલો સાથે સમજાવવું જોઇએ. આપણે ઘરમાં પશુ, પક્ષિઓ પાળીએ છીએ તે સમ્બન્ધે બાળકોના ક્રૂરતા ભરેલાં કૃત્યો માલમ પડે તો (બાળકોને) તેમને દયા મ-

હિંમા સમજાવી ફરી તેમ ન થવા બનતો પ્રયત્ન કરવો જોઇએ. માકણ, મચ્છર, માખીઓ, કીડીઓ, ઇત્યાદિ. પ્રાણીઓને મારી બાળકો રમત રમતાં જોવામાં આવે છે. તે બહુ ખોટું છે. આવે પ્રસંગે માબાપે તપાસ રાખવી જોઇએ ને બાળકો એવા પાપિષ્ટ કૃત્યો ન કરે તેવી યુક્તિ કરવી જોઇએ.

એકાદે વખતે ક્રૂરતાથી નિષ્કાળજીનો સમય આવે એટલે પછી તેઓ (બાળકો) પશુને સમ્બન્ધે તો શું, પણ માનવીના પ્રાણને સમ્બન્ધે ક્રૂરતાથી વર્તનારાં થશે—તેમજ માતપિતા તથા બીજા પાડોશીઓના દુઃખને સમ્બન્ધે તેમની પોતાની નિષ્ઠુર બુદ્ધિથી તેમનું પોતાનું અંતઃકરણ કોમળ થવા કઠણ પડશે.

કેટલાંક બાળકો કામઠું કરીને કિંવા કોઇ પણ પ્રકારે પક્ષિઓ તરફ કાંકરીઓ ફેંકે છે, કેટલાકતો પોતાના સોબતીઓ ઉપર અથવા ગરીબ બિચારા માંગણો ઉપર તેના પ્રયોગનો અનુભવ લે છે, કેટલાક એથી પણ વિશેષ ક્રૂર કર્મ કરતાં જરા પણ ડરતાં નથી. માટે માબાપે યોગ્ય વિચાર કરી એવી ખરાબ રીતિનું ઉન્મૂલન કરવા બનતો પ્રયાસ કરવો જોઇએ.

દરેક પ્રાણી ઉપર દયા રાખવી કારણ કે દયા એ ધર્મનું મૂળ છે અને તેથી ઘણા ફાયદા થાય છે. આપણે

બીજાં પ્રાણીઓને મારીએ છીએ તેમ જો કોઇ આપણને મારે તો કેવું લાગે ? તેનો વિચાર કરવો જોઇએ. ઇશ્વરે આ જગત્‌માં બધાને જે જન્મ આપ્યો છે તે આવાં પાપિષ્ટ કૃત્યો કરવા આપ્યો નથી પણ દયા, દાન વિગેરે સારાં કર્ત્યો કરવા માટે જન્મ આપ્યો છે. એમ જો બાળકોને સમજાવવામાં આવે તો તેઓ દયાથી વિરક્ત રેહેશેજ નહીં.

* શિખરિણી વૃત્ત,

દયાથી રે ! પાપો દહન દિનમાં થાય અતિશે,
દયા વિના પાપો અગણિત થઇ જાય નિમિશે;
દયા નિત્યે રાખે દુખ વિમુખ રે' આ ભવ તણા,
દયા નિત્યે દાખે સુખ બહુ મળે આ ભવ તણા. ૧

સ્ત્રી પુરૂષોએ બાળકોને કયે ઠેકાણે લઇ જંવાં નહિ ?

વિષય ઓગણત્રીશમો.

બાળકોને વેશ્યાઓના નાચમાં,—ભવાયા રમતા હોય ત્યાં,—જુગટું રમાતુ હોય ત્યાં,—નદીએ પૂર આવ્યું હોય ત્યાં,—કોઈ ઠેકાણે કાણે જવું હોય ત્યાં,—સ્ત્રીઓ બહાર

ફરવા§ જાય ત્યાં,—ખરાબ હવા હોય ત્યાં,—મદ્યાદિક પીવા માટે અનીતિ ભરેલી મન્ડળી મળતી હોય ત્યાં,—કોઈ ઠેકાણે લઢાઇ થતી હોય ત્યાં,—(બાળ) લગ્નાદિક ક્રિયા થતી હોય ત્યાં,—સ્ત્રી પ્રસવ ‡ સમય—ને ષષ્ટિ (છઠ્ઠી) કર્મ થતું હોય ત્યાં,—ઇત્યાદિ, ઈ૦ ઠેકાણે લઈ જવામાં આવે છે; તેઅતિશય હાનિ કારક છે.

તેવે ઠેકાણે બાળકોને કોઇએ પણ લઈ જવાં નહીં, કારણ કે તેવે ઠેકાણે બાળકોને લઇ જવાથી તેમના મન ઉપર ખોટી અસર થયાંવગર રેહેતી નથી. માટે માબાપે તેવે ઠેકાણે (અથવા તે શિવાય પોતાને બીજાં કોઈ પણ ખરાબ સ્થળો માલમ પડે તો) લઈ જવાં નહીં.

આ શિવાય બાળકોને ન લઇ જવા લાયક ઘણાં ઠેકાણાં છે માટે માબાપને જે સ્થળે બાળકોને લઈ જવા યોગ્ય ન લાગે તેવે સ્થળે તેમને લઈ જવાં નહીં. છતાં ટૂંકામાં કેહેવાનું કે ઉપર બતાવેલા બાધ કર્તા સ્થળોમાં તેઓને ન લઈ જતાં આગળ "વ્યાયામ, અવલોકન ને વિચાર-શક્તિ" એ મથાળા નીચે લખેલા વિષમાં કહેલ ઠેકાણે લઈ જવાથી ઘણોજ ફાયદો થશે. જે ફાયદા તેવે ઠેકાણે

---

§ વાડે—નદીએ—પાદરે-જવું. ‡ આવે ઠેકાણે મોટાં બાળકોને લઈ જવામાં આવતાં નથી પણ નાના બાળકો-ને લઇ જવામાં આવે છે.

બાળકોને લઈ જવાથી થાય છે તેનું વર્ણન પણ તેજ વિષયમાં કહેલું છે.

ક્વચિત્ જો આ વિષયનું વિવેચન ભુલી જઈ જે સ્થળોને માટે બાધ બતાવવામાં આવ્યોછે તે સ્થળે બાળકોને લઈ જવામાં આવે તો "બાળકોની રમત" એ વિષયમાં જે કંઈ કેહેવામાં આવ્યું છે તે પ્રમાણે બાળકો પોતાની ઉમેદ પાર પાડ્યા વિના રેહેશે નહીં.

નાના તરેહના ખરાબ પરિણામ નાના તરેહના ખરાબ સ્થળે બાળકોને લઇ જવાથી થાય છે. માટે સારે ઠેકાણે બાળકોને લઇ જવાનો પરિચય રાખવામાં આવે તો તેમનું બહુજ ભલું થાય.

* મન્દાક્રાન્તા વૃત્ત

સારે સ્થાને શિશુ લઇ જતાં થાય છે જ્ઞાન પુર્તિ,
ખોટે સ્થાને શિશુ લઇ જતાં જાય છે જ્ઞાન મૂર્તિ;
પ્રીતિથી ના શિશુ લઇ જશો બાધ કર્યા સ્થળોમાં,
જો ઇચ્છો તો શિશુ હિત દિલે પન્થ એવે વળો મા. ૧

અપશબ્દો ન બોલવા વિશે.

વિષય ત્રીશમો.

કેટલેક ઠેકાણે બાળકોને માબાપ બહુ હેતથી સાધારણ

વિનોદને માટે ગાળો* ભાંડતાં જોવામાં આવે છે. પણ જ્યારે માબાપ બાળકો ઉપર રોષે ભરાય છે તે વખત જે ગાળો તેઓ ભાંડે છે તેતો એક જુદાજ પ્રકારની § હોય છે. તેમાં વળી બે પ્રકાર જોવામાં આવે છે (૧) સ્ત્રીઓ જુદીજ જાતની ગાળો ભાંડે છે (૨) ને પુરૂષો પણ જૂદી-જ જાતની ગાળો ભાંડે છે. †

આ પુસ્તકનો ઉદ્દેશ એ છે કે અપશબ્દો બોલવા નહીં, ને નીતિએ ચાલી પોતે તથા બાળકોએ સુખ મેળવવું.

જુદા જુદી પ્રકારની જુદે જુદે પસંગે સ્ત્રી પુરૂષો બાળકોને ગાળો ભાંડે છે તે બહુ નુકશાન કર્તા છે; શી રીતે? કેવી? કેટલી? કેવી મર્યાદા રહિત ગાળો ભાંડેછે તેનું જો

---

* હત્ લૂચ્ચા,! હત્ ગધેડીના,!" વિગેરે, વિગેરે.

§ "મારા રોયા, તારૂ માથું વઢાય! તને ભમરીયુ આવે, મૂઆ ઉછેદીઆ, તને માતા ખાય, રોયા વાહાલા મૂવા, નખોદીઆ, તને કોગળીઊ આવે, રોયા અક્કરમી"!!! ઇત્યાદિ. † લપોડશંખ, ફાડ્યા, ગધેડી રાંડના, ઇત્યાદિ૦ ઇત્યાદિ૦ ઇત્યાદિ૦ ઇત્યાદિ૦

ઉપર પમાણે હદમાં રહી ગાળો ભાંડવાની, પણ હદ બાહારની તો જુદીજ. તે ગાળો લખતાં સભ્યતાને ખામી લાગે માટે લખી નથી.

યથાસ્થિત વિવેચન કરવા બેશીએ તો મૂળ મતલબ બાજુએ રહી જુદા જુદા વિષય ઉપર વિવેચન કરવું પડે, પણ તેમ કરવા આવા નાહાના પુસ્તરમાં ફાવે તેમ નથી કદાપિ વખત અને જગા રોકી વિવેચન કરીએ તો તે કંટાળો આપે એમ લાગે છે; તેથી ખરા ખોટાનુંજ વિવેચન કરી વિષય સમાપ્ત કરવો શ્રેષ્ટ છે.

આપણા લોકોમાં અપશબ્દો બોલવાનો રિવાજ સાધારણ થઈ પડ્યો છે. તેથી ઘણીજ દિલગીરી સાથે એ રૂઢી માટે કેહેતાં કાંઈ હરકત નથી કે અપશબ્દ બોલવાંથી ઘણીજ હાનિ છે.

અપશબ્દો બોલવાથી જે જે હાનિ થાય છે તે તે ઘણી વખત સંસાર વ્યવહારાદિક કાર્યમાં દરેક માણસને લૌકિક અપવાદથી અતિ ખેદ, માનહીન ને કલંકયુક્ત કરે છે; તે સાથે અપશબ્દો બોલનારને માટે લોકો ઘણો હલકો વિચાર રાખે છે. મતલબ કે તેમના ઉપર માનની નજરે જોતા નથી.

બાળકોના દેખતાં અપશબ્દો વાપરવાથી આગળ જતાં બાળકો પણ તેવી રીતિ શિખે છે, શિવાય ઘરના કેટલાક ચાકરો તે પણ કોઇ કોઈ વખત બાળકોને ફક્ત ગમ્મતની ખાતર અપશબ્દો શિખવે છે, અને વારંવાર વિનોદને માટે

તેમની પાસે (બાળકો પાસે) બોલાવડાવે છે. આ ચાલ ઘણી ભુંડી છે તેને માટે માબાપે ઘણીજ સંભાળથી બાળકોને સુધારવાં ને અપશબ્દોથી મુક્ત થવા ખરા અંતઃકરણથી પ્રયત્ન કરવો એજ સારૂં ડાહ્યું ને વિવેક વાળું દિસે છે.

માબાપ બાળકોને કેટલીક વખત શિખામણ દેતાં દેતાં પોતેજ અપશબ્દોનો ‡ ઉપયોગ કરે છે. આવા પરિપાઠથી બાળકો પોતાના મનમાં એમ સમજેછે કે પોતે તો અપશબ્દોયુક્ત બોલ બોલે છે અને અમને મના કરે છે.

ઘણાખરાં શિક્ષકો પણ અપશબ્દો બોલ બોલનારા હોય છે. તેઓ ઘણુંકરીને સેહેજસાજ વાંકે અપશબ્દોયુક્ત * શિખામણ આપે છે. આવી રીતિ ખાનગી તથા સરકારી બંને પ્રકારની નિશાળોમાં ક્વચિત્ જોવામાં આવે છે; તેઓ હદથી જાદે અપશબ્દો બોલી બાળકોને બગાડે છે. શું આવી રીતિ મેહેતાજીના જ્ઞાન—અને નામને છાજે છે?

એવા અવિચારી મેહેતાજીના તાબામાં પોતાના પ્રિય બાળકોને કદીએ સોંપવાં નહીં, અને ભુલેચુકે તેવાઓની

---

‡ મેર—હારા (સાળા) વિગેરે. * માબાપ શિખામણ દેતાં જેવા અપશબ્દો બોલે છે તેવા.

કેટલીક વખત વ્હાલમાં પણ માબાપ કે મેહેતાજી અપશબ્દો બોલે છે.

નિશાળમાં પોતાનું છોકરૂં જતું હોય તો ત્યાં જવા બંધ ર-ખાવી બીજી નિશાળમાં (જ્યાં શિક્ષક સારો, સભ્યતાવાળો હોય ત્યાં) બાળકને મોકલવું, તેમજ શિક્ષક કેવી ચાલચલગતનો છે તે પણ તપાસી જોવું કે જેથી પોતાનાં બાળકો દુર્ગુણાધિન થાય નહીં.

* મનહર વૃત્ત.

અપશબ્દો બોલવાથી શિખી શિશુ અપશબ્દો,
માહોમાહીં ગાળો ભાંડે જરા ન વિચારતાં;
ન જાણે આ પિતા છે કે માત મ્હારી હિતકારી,
સુખકારી ભારી સારો વિવેક વિસારતાં;
અરે! પિતુમાત તમે અપશબ્દો ત્યાગ કરી,
શિશુ તણા અપશબ્દો કેમ ન વિદારતાં!
સુબોધ સુખદ સદા શિશુઓને નિત્ય આપી,
વિવિધ વિશુદ્ધ ज्ञान કેમ ન વિસ્તારતાં? ૧

ઇન્દ્રવંશા વૃત્ત.

કૂભાષણોથી કુડું ज्ञान વાધતું,
સૂભાષણોથી રૂડું ज्ञान આવતું;
કૂભાષણે શીશુ ન માન પામશે,
સૂભાષણે કિર્તિ શિશુનિ જામશે. ૨

—❧—

માબાપે બાળકોને એકલસૂરાપણુ ન રાખતાં શિખવવાં વિશે.

વિષય એકત્રીશમો.

પ્રથમથીજ માબાપે બાળકોને એકલસૂરાપણાનો દુર્ગુણ લાગૂ પડવા દેવો નહીં કારણ કે તેથી કેટલીક એવી સજડ અડચણ આવી લાગે છે કે કાંઈ કહેવાય નહીં. તેથી કેહેવાનો હેતુ એજ કે આપણે કોઇના ઉપર પણ ભિન્નભાવ રાખવો નહીં—ને **એકલશુરાપણુ પણ રાખવું નહિ.**

એકલસૂરાપણુ રાખવામાં કંઈ ફાયદો નથી; માટે એકલસૂરાપણાથી મુક્ત રેહેવું સારૂં—માનવન્તુ—અને લાભ કરનારૂં છે.

બાળકને કોઇએ કંઈ ચીજ આપી એટલે "એતો મ્હારૂં છે, હું કોઇને નહીં આપુ." એમ કહી જો તે ચીજ ખાવાની હોય છે તો તે ખાય છે—અને રમવાની હોય તો તે સન્તાડે છે. આ રીતિ બાળકને હાનિ કર્તા છે;

માબાપે આવી કટેવથી બાળકોને મુક્ત કરી કોઈ જે કંઈ આપે તે પોતાના ભાન્ડુઓને ભાગે પડતી આપવી કિંવા કંઈ ખાવાની વસ્તુ હોય તો વેહેંચી લેવી. એમ બા-

કોને કેહેવું અને એજ પ્રમાણે ફરીથી વર્તવા સારી શિખા-
મણ આપવી.

બાળકો ન્હાના અને અણસમજુ હોવાને લીધે તેઓ એમ નથી સમજતાં કે આ, મારો ભાઈ છે, આ, મારી બેન છે તે જોઈ રેહેછે ને હું એકલો ખાઉં છું માટે એને પણ જરા આપું. માટે આવે પ્રસન્ગે માબાપે બાળકોને પોતાના ભાન્ડુઓમાં શી રીતિએ વર્તવું તેની તેમને સમજણ પાડવી.

ઉપર પ્રમાણે બાળકોમાં ભાઇ, બેન વિગેરેને કાંઈ ચીજ વ્હેંચી આપવાનો વિવેક ન હોવાથી તેઓ ખાવાની ચીજો ભાઈ બેનને બતાવી "જો, મને બાપાજીએ આપ્યું છે, તને કાંઈ આપ્યું છે?" એમ કહી ઉશ્કેરે છે એટલે તે પણ તે વસ્તુ લેવા ખૂબ રડે છે. આવા પરિપાકમાં માબાપને ઘણી વખત પોતાનો જીવ ક્લેશયુક્ત સ્થિતિમાં રાખવો પડે છે. અને બાળકો સમજણ વિનાનાં એટલે તેમની સમજુતી મનમાનતી રીતિએ તેમનાથી કરી શકાતી નથી.

માબાપે ગમે તેમ કરી બાળકોમાંથી એકલસૂરાપણુ ન્હાનપણમાંથી ટાળવા બનતો ઇલાજ લેવા ચુકવુ નહીં.

બાળકોને એકલસૂરાપણાથી મુક્ત કરવાથી તેઓ આગળ ઉપર સારા—સુશીલ—અને નમ્ર સ્વભાવનાં થાય છે. તેમજ ભારી યશને પામે છે.

*** મનહર વૃત્ત.**

ન્હાની વયમાંથી શિશુ તણી ટેવ સારી કીધે,
ખુશીથી બચીત છોડે **એકલસૂરાપણું;**
બાન્ધુઓમાં પ્રીતિ રાખી શુભ નીતિરીતિ પાળે,
લોક પ્રિય પોતે થાય રાખીને સારાપણું;
એકલસૂરાપણાનો દુરગુણ ત્યાગ કરી
સદગુણ શિખી શિશુ દાખતાં સાણપણું
સમ્પસમ્પી બાન્ધુઓમાં સલાહ ને શાન્તિ રાખે
શિશુ તણું થતું નહિ કદિએ વગોવણું. ૧

માબાપે બાળકોની સંગતિ કઈ અને કેવી છે તે જોવી જોઇએ.

વિષય બત્રિશમો

બાળકોને કોની અને કેવા પ્રકારની સંગતિ (સંગત—દોસ્તી—મિત્રાચારી—ભાઇબન્દી) છે તે તરફ વિશેષે કરીને માબાપે તેમ મેહેતાજીએ લક્ષ આપવું જોઇએ, કારણ કે બાળકોને ગમે તેટલાં સાવધાનપણાથી કેળવ્યાં છતાં તેમને સોબતની અસર જલદી થઈ જાય છે.

તે માટે આપણા લોકોમાં કેહેવત છે કે "જેવી સોબત

તેવી અસર" નઠારાં—ને અજ્ઞાન બાળકોની સંગતિથી જેવી અસર તેમના પોતાના કોમળ મન ઉપર થાયછે તેવી અસર ઘરમાના સદ્ગુંણી માણસની ઘણુંકરીને થઈ શકતી નથી. બાળકોની સંગતી કઈ છે તે વિષે માબાપે લક્ષ રાખી વારંવાર તપાસ કરવી જોઇએ, અને જો તેમની સંગતિ ખરાબ માલમ પડી આવે તો સારી સંગતિ કરવા ક્ષણવાર પણ શિખામણ દિધા શિવાય રેહેવું નહિ.

એટલું છતાં પણ તેમ કરવામાં (ખરાબ સંગતિ ટાળવામાં—ને સારી સંગતિ કરવામાં) ઉતાવળ કરવી નહીં કારણ કે કોઈ બાળકમાં સ્વલ્પ દુર્ગુંણ માલમ પડે ને બીજા કેટલાક મહાન ગુણો તેનામાં દ્રિશિ આવે તો પોતાના બાળકને જલદીથી તેની સંગતિ મુકી દેવડાવવી નહીં પણ તેનામાં જે સ્વલ્પ દુર્ગણ છે તેથી તેને પોતાને મુક્ત થવા પ્રયત્ન વડે બોધ કરવો. જો તેમ કરતાં તેનામાંથી દુર્ગુંણ ખસેલો માલમ ન પડે તો તેની સંગતિથી દૂર રેહેવા લાવણ્યમય વાણીએ કરીને કેહેવું.

તેમજ પ્રસંગાનુસારે માબાપે **સારી સંગતિથી સારૂં પરિણામ થાય છે ને નઠારી સંગતિથી નઠારૂં પરિણામ થાય છે** એવું બાળકોને નિત્ય કેહેતાં રેહેવું.

*** મનહર વૃત્ત.**

શિશુ તણી સંગતિયો કઈ અને કેવી તેની,

માબાપે પરિક્ષા નિત્ય, ચિત્ત દેઈ કરવી;
બાળકની સંગતિમાં, બિગાડ જો કાંઈ હોય,
ખાળવાને ખંતથી તે, ઝટ લેઈ ધરવી;
બહુ બહુ વિધિ વડે, બાળકોને બોધ દઈ,
દુખદાઈ સંગતિને, પ્રીતે પરહરવી;
સુખદાઈ સંગતિનો, સંગ રોજ કરવાને,
લાવણ્યતા વાળી વાણી વિગતે ઉચરવી; ૧

બાળકોને વિદ્યા શિખવવા વિશે

વિષય તેત્રીશમો.

આ નિમિત્તે મારે એટલુંજ કેહેવાનું છે કે બાળકોના સદ્‌ગુણનો પાયો જે વિદ્યા તે બહુજ મજબુત હોવી જોઈએ. કેટલાક માબાપ એમ સમજેછે કે બાળકોને કંઈ સારી ને ઉંચા પ્રકારની કેળવણી આપવાની જરૂર નથી. કેટલાક માણસો એમ પણ કહે છે કે "જે ધન્ધો અમે પોતે કરીએ છીએ તે અમારા બાળકો કરશે અને તેમાં ફતેહ મેળવશે એટલેજ બસ છે" પણ અજ્ઞાનો એમ નથી જાણતા કે ઉંચા પ્રકારની કેળવણી લીધે હાલની જંગલી સ્થિતિમાંથી કંઈક સારી સ્થિતિમાં આવી શકાશે.

કોઈ માણસ એવા અજ્ઞાનીઓના બાળકોને તેમના પોતાના હિતને અર્થે ભણાવવાની ભલામણ કરે તો ભલામણ કરનારને શત્રુ સમાન સમજી પોતાના દુરાગ્રહી નીચ સ્વભાવને લીધે તેમની પ્રત્યે કહેછે કે "અમારા બાપદાદા શું ભણ્યા હતા? તે તમે આવડી મોટી મોટી ચાપાચીપીને, પતરાજી સહિત શિખામણ દો છો?" અરે! ઓ! એમ કેહેનાર પાપિષ્ટ—પુરૂષો! તમારૂં એમ કેહેવું ને સમજવું ભૂલ ભરેલું છે—બાળકોના લાભમાં નથી. પણ બાળકોને વિદ્યાભ્યાસ કરાવવાથી અનેક વિષયો ઉપર જે અનેક ઉપયુકત ગ્રન્થો લખેલા છે, તે વાંચી નાના પ્રકારનું જ્ઞાન મેળવવા, પોતાના માબાપની મર્યાદા સાચવવા, સૃષ્ટિમાના અનેક પદાર્થ—અને ચમત્કાર જોઈ એક રીતે જોઇએ તો વિચારશકિત વધારવા, કઈ વાતનું કેમ અને શું, પરિણામ થયું, તે સમજવા, કયા દેશો કઈ રીતિએ સુધરવાથી કાંઈ અને કેવી યુક્તિથી, કયા અને કેવા જ્ઞાનથી, તેની કઈ અને કેવી સ્થિતિ થઈ તે સમજવા, વર્તમાન પત્રો દ્વારાએ સ્વદેશ—અને પરદેશમાં શું થાય છે, કઈ અને કેવી સ્થિતિ છે! દેશવ્યવહાર કયો—અને કેવી રીતિએ ચાલે છે, વિદ્યા વૃદ્ધિના સાધનો કયાં, કેવાં અને કેટલે દરજ્જે છે; વ્યાપારાદિ કયા, કેવા—અને શા ધોરણ ઉપર છે, તેમજ કેવી રીતિએ તે ચાલે છે તે સમજવા,—તેમજ

પોતાનું જ્ઞાન વધારવા કે કાંતો અનુભવ મેળવવા સર્વોત્તમ મૂખ્ય સ્થાન વિદ્યા; એજ છે એમ ઘણા મહાન્ પુરૂષો કહિ ગયા છે.

બાળકો વિદ્યામાં પ્રવિણ હોય તોજ કોઈ પણ ધન્ધો કરતાં તેમના હમેશના માહવરાથી, તેમજ જે જે ધન્ધાને માટે જે જે પુસ્તકો લખ્યાં હોય તે તે પુસ્તકો વાંચવાથી, વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. જે જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે તે જ્ઞાનને યોગે કરીને તેઓ (બાળકો) ઘણાં કુશળ—અને મ્હોટી માહિતી ધરાવનાર જ્ઞાની થાય છે.

નવા નવા હુનરો પણ વિદ્યાથીજ શિખાય છે ને સોધી કઢાય છે. વિદ્યાથીજ બહુ લાભ બહુ પ્રકારે બહુધા પ્રાપ્ત થાય છે—અને જો એવા દાખલાઓ શોધવા બેશીએ તો એકતો શું પણ અનેક દાખલા મળી આવે અને દરેક દાખલાઓ માટે જો યથાસ્થિત વિવેચન કરીએ તો એક નાનો કે મોટો કોઈ પણ ગ્રંથ લખી શકાય—નાનો અથવા મોટો ગ્રન્થ રચવો એ રચનારની બુદ્ધિ—તર્કશક્તિ—જ્ઞાન—અનુભવ અને બહુશ્રુતપણા ઉપર આધાર રાખે છે. જુદાજ વિષય ઉપર ન ઉતરી પડતાં મૂળ વિષય તરફ નિઘા કરીએ તો વિદ્યા એજ માણસનું ભૂપણ છે, વિદ્યા એજ માણસનું રૂપ છે, વિદ્યા એજ ગુપ્ત ધન છે, ઈત્યાદિ૦ ઈત્યાદિ૦ ઈત્યાદિ. વિદ્યોત્તેજક પ્રમાણ માટે ઘણા શ્લોક, શ્લોકાર્ધ,—અને પ્રમાણ વાક્યો છે.

વિદ્યાથીજ સર્વ ગુણ સંપન્ન થઈ શકાય છે, અર્થાત્‌ વિદ્યા એજ શ્રેષ્ટ છે, માટે દરેક માબાપે (પછી તે ઉચ્ચ, મધ્યમ, અધમ કે ગમેતે જાતીનો હોય તો) પોતાના બાળકોને સંપૂર્ણ રીતે વિદ્યા શિખવવા પ્રયત્ન કરવો જોઇએ.

* વસંતતિલકા વૃત્ત.

વિદ્યા શિખેલ શિશુ તે બહુ માન પામે,
પામે અતી નવિન જ્ઞાન સુવિત્ત જામે;
જામે બધા જગતમાં જશ ઠામ ઠામે,
ઠામે રહી સરવના દુખને વિરામે. ૧

† રથોદ્ધતા વૃત્ત.

વાળતાં કુમળું વૃક્ષને વળે,
એ પછી જરૂર ના નમે બળે;
કાચ્ચિ કોઠિપર કાંગરી બને,
એમ બાળ વય છોટિમાં ભણે. ૨

કસરત કરવાથી થતા ફાયદા અને તેના કેટલાએક પ્રકાર.

વિષય ચોત્રીશમો.

આ પુસ્તકમાં આગળ વ્યાયામ (કસરત) માટે કેહે-

વામાં આવ્યું છે પણ તેનાથી જોઈતી ગરજ સરશે એમ નહીં લાગવાથી આ એક જૂદાજ વિષય ઉપર વિવેચન કરવામાં આવ્યું છે.

માબાપે બાળકોને નિરન્તર કસરત કરાવવી જોઇએ કારણ કે કસરત એ મુખ્યત્વે કરીને તન્દુરસ્ત રેહેવાનું ખરેખર ઉપયોગી સાધન છે.

બધાં માણસો ઘણું કરીને કસરત કરવાથીજ જીવે છે. જો દરેક માણસ કસરત કરવી મુકી દે તો નિરોગી રેહેવું એતો જાણે કોરે રહી સામા રોગોત્પત્તિસ્થિતિમાં આવે છે. યોગ્ય કસરત શિવાય ઘણા બાળકો મુડદાલ જેવાં જોવામાં આવે છે. બાળકો આગળ ઉપર સુદ્રઢ બાંધાનાંને તન્દુરસ્ત પણ કસરત કરવાથીજ થાય છે.

બાળકોને કસરત કરાવવા બદલ ડૉક્ટર હુફલાન્ડ નામના એક વિદ્વાન્ માણસે કહ્યુંછે કેઃ—"આપણે એક બાળક તરફ નજર કરી તેને ચૂપ બેસાડી મુકિયે તો તે એક મ્હોટી શિક્ષા છે. આખો દિવસ બેશી રેહેવું—ને હાલવા ચાલવાની કાંઈ પણ ઈચ્છા ન બતાવવી એ એક કુદરતથી ઉલટી અને દરદી હાલત છે. કેટલીએક અજમાયશ ઉપરથી જાણવામાં આવ્યું છે કે જે લોકો ખુલ્લી હવામાં નિરંતર કસરત ચાલુ રાખે છે તેઓ ઘણી મ્હોટી ઉમ્મરે પોહોચે છે." આટલા ઉપરથીજ વિચાર કરતાં

સાફ માલમ પડી આવેછે કે, કસરત કરવાથી ઘણા ફાયદા છે—ને ન કરવાથી ઘણા ગેરફાયદા છે.

એકલી શરીરની કસરત કરવાથી ફાયદા છે એમ નથી, પણ ઘણા પ્રકારની કસરત છે. અર્થાત્ શરીરના દરેક અવયવને તેના મૂળ વલણ ઉપર ઈશ્વરે જે યોગ્ય હિલચાલ નિર્માણ કરેલી છે તે પ્રમાણે જો કસરત કરવામાં આવે તો નિરન્તર નિરોગી રેહેવાશે.

કસરતના ઘણા પ્રકાર છે પણ એ ઘણા પ્રકારમાં એક જુદોજ મનની કસરતનો સમાવેશ થાય છે. ખરૂં છે કે તે કસરતની પણ બાળકોને જરૂર છે. કઈ અને કેટલા પ્રકારની કસરતો છે, અને તે શી રીતે કરવી, સાથે શાં શાં સાહિત્યો રાખવાં તેનું ટૂંકાણમાં વિવેચન કરૂંછું.

(૧) શારીરિક દરેક અવયવોની કસરત,(૨) મનની કસરત, (૩) તનની કસરત. ઉપર પ્રમાણે સામાન્ય રીતે કસરતના ત્રણ ભાગ પાડીશકાય.

(૧) શારીરિક કસરતમાં આંખની, નાકની, મોઢાની, ગળાની, અને આંગળીઓની કસરતનો સમાવેશ થાય છે. આંખની કસરતથી બાડા થવાતું નથી. લાંબી દ્રષ્ટી કરીને કોઈ પણ વસ્તુ જોઈ શકાય છે. નાકની કસરતથી આંખને કેટલીક મદદ મળે છે એવું મારા વાંચવામાં આવ્યુંછે. આ ઉપરથી વાંચનારને સંશય રેહેતો

હશે કે આંખ અને નાકની કસરત તે વળી શી રીતે થતી હશે? તેના ખુલાસામાં એટલુંજ કેહેવાનું કે આંખની કસરત કરવી એટલે ચારે બાજુએ નજરો ફેંકવી; અર્થાત્ સ્થિર નજર રાખવી નહીં—એકજ ઠેકાણે જોઇને બેશી રેહેવું નહીં. નાકની કસરત કરતાં પણ સ્વાભાવિક નિયમ પ્રમાણે તેને વારે વારે હલાવવું, મોઢાને સ્થિર રાખવું નહીં, પણ કાંઈ વાંચીને, ગોખીને, ગાઇને, અને કાંઈ વસ્તુ માફકસર ખાઈને યથાઘટિત કસરત આપવી. ગળાની કસરત એવી રીતે કરવી કે બારે વારે જમણેથી ડાબે અને ડાબેથી જમણે એમ ગળું ફેરવ્યાં કરવાથી કડડાટ કડાકા ફુટે છે—તેથી એટલે તેવી કસરત કરવાથી કોઈ દિવસ પણ ગળાની નસ વળગી જતી નથી અને ગળાની બધી નસો યોગ્ય કસરતમાં આવવાથી પોતાનો બ્યાપાર બરોબર બજાવે છે. આંગળાંની કસરત પણ કડાકા ફોડવાથી મળે છે. ઉપર બતાવેલી શારીરિક દરેક અવયવોની કસરત માફકસર કરવાથી ફાયદો થાય છે. પણ જો અતિશે કરવામાં આવે તો હાનિ થવાનો સમ્ભવ છે.

(૨) મનની કસરત ચોપડીયો વાંચવામાં—તેનું મનન કરવામાં—અને ભણવામાં થાય છે.

(૩) તનની કસરત ડંડ કહાડવાથી, કુસ્તી કરવાથી, મગદળિયા ફેરવવાથી, ઉઠબેશ કરવાથી, અને દોડવાથી થઈ

શકે છે. તનની કસરત કરતાં કેટલીક બિનાઓ ધ્યાનમાં રાખવાની છે તે નીચે પ્રમાણે:—

(૧) કસરત ખુલ્લી (સ્વચ્છ) હવામાં કરવી.

ખુલ્લી હવા એટલે બહાર મેદાનમાં—અને લોકની આવજા હોય તેવે સ્થળે નહીં પણ એકાંત સ્થળમાં જ્યાં સારી હવા અને કોઈ પણ લોકની આવ જા ન હોય ત્યાં.

(૨) કસરત સવારમાં અને સાંજે બે વખત કરવી.

બીજી કોઈ પણ વખતે કસરત કરવી નહીં.

(૩) આખા દિવસમાં એક વખત પણ કસરત કરવી.

એટલે ઘણાં માણસો કસરત કરતાં કંટાળી જઈ કસરત કરવી મુકી દે છે, માટે કેહેવાની મતલબ એજ કે દિવસમાં ઓછામાંઓછી એક વખત પણ કસરત તો કરવી.

(૪) આખા શરીરની કસરત કરવી જરૂર છે.

કોઈ કોઈ, કોઈ પણ પ્રકારની એકાદ કસરત કરી કસરત કરોછે એમ માને છે તે બહુ ખોટું છે પણ બધા શરીરની અને શરીરના અવયવોની તેમજ મનની કસરત કરવી કે જેથી લાભ મેળવી શકાય.

(૫) કસરત બરોબર મુકરર વખતેજ કરવી.

કદીએ વખત ચુકવો નહીં, કારણ કે તેમ કરવાથી નિયમિત કસરત કરવાની રીતિને બાધ લાગે છે.

(૬) શરૂઆતમાં હલકી કસરત કરવી.

થોડી થોડી કસરત કરતાં કરતાં વધારતાં જવી પણ એકદમ વધારે કસરત કરવી નહીં. જો એ પ્રમાણે વધારે અગર ઉપરાંત કરવામાં આવે તો પેટમાંના નળ ભરાઈ જાય છે.

(૭) દરરોજ એક સરખી કસરત કરવી.

એટલે વધારે ઓછી કસરત કરવી નહીં. એવી રીતે કસરત કરવી કે વધારે એ નહીં ને ઓછીએ નહીં.

(૮) હમેશ એક કલાક (અઢી કે ત્રણ ઘડી) સુધી કસરત કરવી.

દરેક માણસને ઓછામાંઓછી એક કલાક કસરત કરવાની જરૂર છે.

(૯) બહુજ થાક લાગે ત્યાં સુધી કસરત કરવી નહીં.

ખુબ થાક લાગે ત્યાં સુધી કસરત કરવાથી શરીરને નુકશાન થાય છે માટે તેમ કરવુ નહીં.

(૧૦) દરરોજ કસરત બદલતા જવું.

આખા શરીરને વ્યાયામ મળવા માટે જેમ ફાવે તેમ માફકસર કસરત કરવી. તેમાં દોડવું, કુદવું વિગેરેનો સમાવેશ થાય છે.

(૧૧) કસરત કરતી વખતે આખા શરીરને ઢાંકવું.

શરીરને ઢાંકવા માટે બીજા લુગડાંઓ કરતાં ફલાનલનું વસ્ત્ર વધારે પસંદ કરવામાં આવે છે.

(૧૨) કસરત કરતી વખતે પેહેરવાનાં લુગડાં તંગ હોવાં ન જોઇએ.

જો કસરત કરતાં તંગ લુગડાં પેહેરવામાં આવે તો શરીરની હિલચાલમાં વાંધો આવે છે અને બરોબર કસરત થઈ શકતી નથી. પરન્તુ કેહેડ આમળ મજબુત રીતે કસીને કચ્છ બાંધવો જોઇએ.

(૧૩) કસરત કર્યા પછી શીતળ હવા લેવી નહીં.

જો કદી પરશેવો પતો હોય તો ઘરમાં જઈએ કે કાંતો તેજ સ્થળે એક સ્વચ્છ રૂમાલથી તે પરશેવો લોઈ નાંખવો; ને પાછાં વસ્ત્રો પેહેરી લેવાં.

(૧૪) જમ્યા પછી કસરત કરવી નહીં. તેમજ બહુ ભૂખ્યા હઇએ તો પણ કરવી નહિ. જો બહુ ભખ લાગી હોય

ને કસરત કરવાની મરજી હોય તો કાંઈ ખાવાનું હોય તે થોડું ખાઈ કસરત કરવી પણ ખાધા પછી ઓછામાં ઓછો એક કલાક થવો જોઇએ. ત્યાર પછી કસરતની શરૂવાત કરવી જોઇએ.

(૧૫) કસરત કર્યા પછી તરતજ ખાવું કે દૂધ પીવું નહીં પણ એક કલાક પછી ખાવું હોય તો ખાવું પણ તે તાજું એટલે તરતનું ખાવું.

(૧૬) કસરત કર્યા પછી તરતજ ઠંડા પાણીથી નહાવું નહિં. કેટલાક લોકો કેહે છે કે કસરત કરીને તરત નહાવું ને દૂધ પીવું પણ એમનું કેહેવું ખોટું છે; તરત નહાવાથી ફાયદો તો નથી પણ ઉલટું નુકશાન છે. તેમજ દૂધ કે કોઈ પણ ઘટ્ટ પદાર્થ ખાધાથી છે.

(૧૭) કસરત કરનારે મુકરર વખત પછી દૂધ કે પાણી પીધા શિવાય રેહેવું નહિ. પણ ઘણું પાણી પીવું નહિ; કારણ કે જો ઘણું પાણી પીવામાં આવે તો તેથી શરીરનું અને નસોનું જોઇએ તેવી રીતે પોષણ થઈ શકતું નથી. થોડું પાણી પીવાનો તાત્પર્ય એટલોજ કે કસરત કરવાથી શરીર માંહેલું કોરૂં પડેલું માંસ તર થાય. જો ઘણુંકરીને દૂધ પીધામાં આવે તો બહુજ સારૂં, પણ નાઇલાજે પાણી પીવા છૂટ છે.

પાણી અને દૂધ શિવાય કોઈ પણ પુષ્ટિ આપનાર ખો-

રાક હોય તો દૂધ કે પાણી પીવાની જરૂર રેહેશે નહિ. ફક્ત કુવત આપનારો ખોરાક ખાવોજ બસ છે.

ઉપર બતાવેલા સાધારણ નિયમો પ્રમાણે જો બાળકોને કસરત કરાવવામાં આવે તો બેશક વગર આંચકે કહી શકાય કે તેઓ તન્દુરસ્ત અને નિરોગી રેહેવાનાં.

આવી રીતે કસરત કરવા જો ઘેર ન બની આવે તો બાળકોને કસરત શાળામાં મોકલવાં કે જ્યાં અનુભવી શિક્ષક પાસે યોગ્ય કસરત કરવાનો લાભ લેઈ શકે.

બાળકો પાસે કાંઈ વજન ઉચકાવી કસરત કરાવવી નહિ કારણ કે વજન ઉપાડવા માટે બાળક લાયક થએલું હોતું નથી.

બાળકોને માબાપે દોડાવીને, મનમાનતી રીતે હદમાં રહી કુદકારા મારી વ્યાયામ મેળવવાને પૂરતી છૂટ આપવી જોઇએ.

બાળકો પાસે દંડ કઢાવવા નહિ કારણ કે એ કસરત મોટી ઉમ્મરના માણસને કરવા લાયક છે. અર્થાત્ બાળકોને એવી કસરત કરાવવી કે જેથી તેઓ નિરનાર પૂરતી તન્દુરસ્તીમાં રેહે.

*** સ્રગ્ધરા વૃત્ત.**

નિત્યે વ્યાયામ કીધે, શરિર સુખિ રહી કાર્યની સિદ્ધિ થાશે,
વ્યાયામે વ્યાધી જાશે, અગ્નિત તનની રક્તની વદ્ધિ થાશે;

ભારી જે કારિ રોગો, જડમુળથી જશે જોતજોતાં શિશુના,
હારી વ્યાયામ મૂકે, પૂરણ ઉદયે આવશે તે શિશુ ના. ૧

સ્ત્રી શિક્ષણ વિશે

વિષય પાંત્રીશમો

આ સંસારમાં જ્યાં સ્ત્રી પુરૂષનો પરસ્પર દ્રઢ પ્રેમ ન હોય ત્યાં બધે પ્રકારે શુન્યાકાર સમજવું. એ ઉભય (દમ્પતિ) માં પ્રિતિ શિવાય એકે સુખ સ્વપ્નામાં પણ નથી—પ્રીતિ ઉત્પન્ન થવા વિદ્યા જેવું એકે પરમ સાધન પણ નથી.

જો સ્ત્રી મર્યાદશીલ હોય તો તે એક સૌથી મ્હોટા સુખનું સાધન છે.

માબાપે બાળકીઓને વિદ્યા સમ્પાદન કરાવી હોય—ને સાથે સંસાર વ્યવહારાદિક કેળવણી આપી હોય તો તે પોતાના પતિથી શી રીતે વર્ત્તવું, તેમજ સાસુ, નણુન્દ ઇત્સાદિ કુટુંબ મંડળથી શી રીતે વર્તવું, તે બરોબર સમજશે—ને પોતાનો પતિ જેમ ખુશીમાં રેહે તેમ વર્તશે. એમાં જરા પણ સંશય રાખવા જેવું નથી. વળી જો સ્ત્રી સુશીલ,—સદ્ગુણી અને સુશિક્ષિત હોય તો, અજ્ઞાન સ્ત્રીઓની માફક પોતાનો સ્વામી દુઃખીત થાય તેમ કરશે નહીં,

બાહ્યાલંકારોમાં ભૂષણ ન માનતાં સદ્ગુણ—માર્યાદાને પાતિવ્રત્યપણામાં જે શોભા રહેલી છે તેથીજ હમેશાં ખુશી થશે—તેનેજ મ્હોટું સ્ત્રી ભૂષણ શણગાર માનશે.

ઊંચા પ્રકારની કેળવણી પામેલી સર્વગુણ સમ્પન્ન સ્ત્રી આ સંસારમાં પોતીકા સ્વામીના સંસાર વ્યવહારાદિક કામમાં ભાગ લઈ શકે છે.

હાલ આપણામાં સ્ત્રીઓને જે કેળવણી આપવામાં આવે છે તે તદ્દન નકામી અને ભૂલ ભરેલી છે. એવી કેળવણીથી સ્ત્રીઓ ઉલટી મીજાજી થઈ જાય છે અને પોતે જરા ભણી એટલે બીજી બધી સ્ત્રીઓ કરતાં તેની વર્તણુંક જૂદાજ પ્રકારની થઈ જાય છે. સદ્ગુણ આવવાને બદલે દુર્ગુણાધીન થયેલી જોવામાં આવે છે. સ્ત્રી જરાતરા ભણી એટલે (ખાસ) અવશ્યે ઘરમાં એક ચાકર રાખવો પડે છે, સાથે વળી રસોઇઆની પણ જરૂર પડેછે. મારા સમજવા પ્રમાણે હાલની અપાતી કેળવણી પ્રમાણે સ્ત્રીઓને જો કેળવણી આપવાનો પરિપાઠ ચાલુ રેહેશે તો દેશને ઘણો ગેરફાયદો છે.

સ્ત્રીઓને હાલ ધોરણ પ્રમાણે ચોપડીઓ શિખવવાની કાંઈ જરૂર નથી ફક્ત વાંચતાં લખતાં, સાધારણ હિસાબ કરતાં આવડે એટલે બસ છે; પણ હાલની કેળવણીથી સ્ત્રીઓ સંસાર વ્યવહારાદિક કામમાં કુશળ થતી નથી માટે

સંસાર વ્યવહારાદિક કાર્યમાં કુશળ થાય તેમ કરવા સારી કેળવણીની જરૂર છે. આ ઠેકાણે કહેવાનો ઉદ્દેશ એટલોજ કે સ્ત્રીઓને પ્રથમ તો રાંધતાં આવડવું જોઇએ; તેતો એકલા પાકશાસ્ત્રનો અભ્યાસ કરે કાંઈ આવડે નહીં પણ તેમને તે શાસ્ત્ર પ્રમાણે દરેક જાતની રસોઈ કરતાં શિખવવું જોઇએ. શરીર વાળવાને માટે તેમની પાસે પાણી ભરાવવું જોઇએ. તે સાથે ખાંડતાં, દળતાં શિખવવું જોઇએ. જે વિષય પોતાને શિખવાનો છે તેમાં તો હાલની કેળવણીથી તદન અજાણ્યા રેહેવાય છે. ત્યારે તે કેળવણી શા કામની? કંઈ કામની નથી. માટે વિદ્વાનોએ વિચાર કરવો જોઇએ અને તેની સાથે હાલની અપાતી કેળવણીમાં કંઇક ફેરફાર કરી સારી કેળવણી આપવા પ્રયત્ન કરવો જોઇએ.

આપણા (કેટલાક) લોકો સ્ત્રીઓને કેળવણી આપતાં વાંધો લે છે તેનું મૂખ્ય કારણ એ છે કે સ્ત્રીઓ કેળવણી લઈ ઉદ્ધત સ્વભાવની થઈ જાય છે, તેમને ગર્વ—અને અહંતા એતો જાણે કેળવણી લેતાં ભાઇબન્ધ થયેલા હોયની એમ ખુલ્લી રીતે દેખાઈ આવે છે. પોતે હુંડાહ્યાપણું બહુજ બતાવે છે. જેવી જોઇએ તેવી મર્યાદા રાખી જાણતી નથી, સંસારિક કામમાં એટલે પાણી ભરવું, દળવું, ખાંડવું, રસોઈ કરવી વિગેરે, વિગેરે કાર્યમાં બરોબર ધ્યાન આપતી નથી, સામું બોલતાં શિખે છે. કેટલીકતો લીધેલી

કેળવણીનો સારો ઉપયોગ ન કરતાં વન્હી જાય છે—નીકળી જાય છે. તેને માટે ફક્ત પંડિતા રામાબાઇનો નવો દાખલો બધાને તાજુબી પમાડે છે.

સ્રીઓ ભણીગણી સુશીલ અને સદ્‌ગુણી થયેલી તો મારા જોવામાં કે સાંભળવામાં પણ અદ્યાપિસુધી ભાગ્યેજ આવી હશે. સ્રી ભણીગણી હોંશીઆર થાય ને તેનામાં સદ્‌ગુણ, વિવેક, નીતિ, સહનશિલતા, ધૈર્ય, ઉત્સાહ, પાતિવ્રત્ય, આનંદી સ્વભાવ, મિલનસારપણું, ઇત્યાદિ, ઇત્યાદિ, ઇત્યાદિનું ખરેખરૂં વાસ્તવ્ય હોય તોજ તેને સર્વગુણસમ્પન્ન કહી શકાય. સુશીલ સ્રીઓ કેવી હોય છે તે નિચે કેહેવામાં આવ્યું છે તે ઉપરથી સાફ માલમ પડશે.

‡ શિખરિણી વૃત્ત.

સુશીલાની લીલા તન મનની હું ઊચરૂં અહીં,
વિચારી તે નારી ગુણ ગણ ગ્રહે દુર્ગુણ દહી;
સુખાળી સૌબાળી મહિ મહિં થઈ સ્વર્ગ સુખલે,
પ્રવેશે વિશ્વેશે મતિ સતિ બની સુંદરિ ખલે. ૧

વદે શાણી વાણી સતિ રૂચિ વિલોકી પતિ તણી,
પતિ આજ્ઞા સુજ્ઞા સુણિ કૃતિ કરે પ્રીતિથિ ઘણી;
રૂડી ચાલે ચાલે વડિલ જનને માન દઇને,
દુરાચારે ક્યારે પણ ન પગ દે મત્ત થઇને. ૨

નિજ સ્વામી સ્વામી સહુ જગ તણો એક ગણિને,
પુરા પ્રેમે પૂજે ધરિ ધિરજ ટેકેથિ ઘણિને;
બિજાને તો જાણે જરૂર જુવતિ તુલ્ય જગમાં,
કુવાયે અચાયે નહિ વિષયની કોદિ વગમાં. ૩

સુકાળે દુષ્કાળે પણ સતત પાળે પ્રિતિ સતી,
ન ટાળે પ્રાણાન્તે પણ નિતિ અને સત્ય સુમતિ;
સ્થિતી પોતા કેરી ઉર કરિ અકારી ન બબડે,
રહીને સન્તોષી હઠથી પતિને ના કદિ નડે. ૪

ન બાળે બાળોના ભવ અભણ રાખી સુજનની,
સુશાન્તીથી ભ્રાન્તી હણિ શિશુ તણી સર્વ મનની;
સુબુદ્ધિ ને શુદ્ધિ શિખવી ઝટ દે ચિત્ત તનની
સુધારાની ધારા દઈ રિતિ બતાવે સુજનની. ૫

આ વખતે આવી સદ્દ્ગુણી સ્ત્રીને સંસાર સન્મિત્ર કહિએ તો ચાલે—અને છાજે.

બાળકોને કેળવવામાં બાપ કરતાં માઁ ઉપર વધારે આધાર રાખવાં આવે છે, કારણ કે બાળકનો સહવાસ ઘણુંકરીને માનોજ હોય છે.

ન્હાનપણમાં બાળકો જેમ સુધરે છે તેમ મ્હોટપણમાં સુધરી શકતાં નથી; તેમજ ન્હાનપણમાં સારી કે ખોટી જેવી કેળવણી આપી હોય તેવીજ કાયમ રહી તેજ ધોરણે

બાળકો મ્હોટપણમાં દોરાય છે, જો પછી પડેલી ટેવમાં કંઈ ફેરફાર કરવો હોય તો ઘણુંજ અઘરૂં થઈ પડે છે.

ઘરમાં ધર્મ નીતિ, દયા, સદ્‌ગુણ, સભ્યતા, સત્યતા, ઇત્યાદિ સ્વાભાવિક ગુણોની અથવા નીતિ રીતિની મારફતે બાળકોને જે બોધ કરવામા આવે તે બોધ તેમના કોમળ અંતઃકરણમાં એવી તો સજડ અસર કરે છે કે તેની ગણના પણ સાધારણતઃ સામર્થ્યવાળ મનુષ્યથી થઇશિકતી નથી.

મ્હોટપણમાં સારા કિંવા ખોટા કેહેવાવાનો આધાર ન્હાનપણની કેળવણી ઉપર છે.

પ્રસ્તુત યત્ને (બાલકેળવણી રીતિ) સમ્બન્ધે યથામતિ જે વિવેચન કરવામાં આવ્યું છે તે પ્રમાણે જો અનુસરવામાં આવે તો બાળકોમાં ઘણોજ સુધારો દાખલ થઇને કુધારાનો નાશ થઈ તેઓની સ્થિતિ ઘણે દરજ્જે સુધરશે સુખ—અને માન મેળવશે. જે માબાપ પોતાના પ્રિય બાળકોનું હિત ઇચ્છતાં હોય તેઓએ આ લઘુ પુસ્તક વાંચી નીતિવાળી રીતિ રાખી, સદ્‌વિદ્યા સમ્પાદન કરાવી સદ્‌ગુણ વર્ધક પુસ્તકો વાંચવા આપવાનો પરિચય જો રાખશે તો બાળકો બહુધા સદાચારી,—સદ્‌ગુણી—વિવેકી—વિદ્વાન્ નીતિમાન્—પ્રમાણિક અર્થાત્ સર્વ ગુણસમ્પન્ન થશે.

† ઇન્દ્રવજ્રા વૃત્ત.

ધારો દિલે બાળકમાં સુધારો,

સારો શિખાવો સુમતી ઇશારો;
વારો તમે વ્યર્થ વદે લવારો,
ઠારો નહી બોધ કદી નઠારો. ૧

ઇશ્વર સ્તુતિ.

* વસંતતિલકા વૃત્ત.

દેવાધિ દેવ પ્રણમી કરૂં સેવ તા'રી,
આનન્દકારિ ગતિ ન્યારી પ્રસારિ સારી;
ધારી હમેશ થિર ધ્યાન ધરૂં દયાળ,
શ્રી વિશ્વનાથ કરૂં વન્દન અન્તકાળ. ૧

યુક્તિવડેથિ જગ સર્વ તમે સૃજાવ્યું
મૂક્તિ પ્રતાપિ રવિ ચન્દ્રથકી દિપાવ્યું;
વિશેષ વિશ્વમહિં કિર્તિ કિધી વિશાળ,
શ્રી વિશ્વનાથ કરૂં વન્દન અન્તકાળ. ૨

દેખાય સર્વ અદભૂત તમારિ માયા,

જેમાં મહાત્રઋષિ મુનિ ભમિને ઠગાયા;
લેશો ન ક્રૂર મુજ કર્મ ઉરે કૃપાળ,
શ્રી વિશ્વનાથ કરૂં વન્દન અન્નબાળ. ૩

ત્રાતા ત્રિલોક પતિ ત્રીવિધિ તાપહારી,
વર્ણું શિ રીતિથી કૃતિ મતિ અલ્પ મ્હારી;
લભ્યા મહારિ તુજ હાથ સમસ્તપાળ,
શ્રી વિશ્વનાથ કરૂં વન્દન અન્નબાળ. ૪

કર્મો હમેશ અઘટીત કરૂંછું પાપી,
સન્તાન જાણી પ્રભુ સ્હાય કરો તથાપી;
દેખું સમસ્ત જગ કલ્પિત મોહ જાળ,
શ્રી વિશ્વનાથ કરૂં વન્દન અન્નબાળ. ૫

તારા અપાર ઉપકાર વિચારવેથી,
પામું ન પાર કરતાર કદાપિ તેથી;
તારી દયાથિ કદિ વક્ર ન થાય વાળ,
શ્રી વિશ્વનાથ કરૂં વન્દન અન્નબાળ. ૬

વ્યાપી રહ્યો સકળ વિશ્વ વિશે અનન્તા,
છે ધન્ય ! તા'રી કૃતિની ગતિ માન્યવન્તા;

દેજે બધા તનુજને સુમતિ રસાળ,
શ્રી વિશ્વનાથ કરૂં વન્દન અન્તબાળ. ૭

ઓ ! જગદીશ્વર સકળ જગતૂના નિયન્તા તમારી પ્રત્યે મારી સવિનય વિનતી એ છે કે આ મારા લઘુ યત્નમાં અતિષય યશને પમાડી સકળ પ્રાણી માત્રના હૃદયમાં એવી મતિ આપો કેઃ—

આ "બાલ કેળવણી રીતિ"

પ્રથમ દર્શનની

સામ્રાજ્ય અવિચળ કીર્તિ,

અહોનિશ સમ્પૂર્ણ પ્રકાશમાન રહો.

તથાસ્તુ !!

અનુક્રમ માલા.

કેટલીક અડચણને લીધે શુદ્ધીપત્ર આપ્યુ નથીમાટે ક્ષમા કરો.

ઇતિ

બાલ કેળવણી રીતિ

પ્રથમ દર્શન.

બાલ કેળવણી રીતિ પ્રથમ દર્શનની ગ્રન્થાશ્રય નામાભિધાનાવલી.

પ્રત.	નામ.	ગામ.
૫૧	શ્રી મહારાઓશ્રી ખેંગારજી સવાઈ બહાદૂર શ્રી કચ્છ દરબાર.	ભુજ.
૫૧	શેઠ શામળભાઈ નથુભાઈ	કપડવંજ.
૨૫	શેઠ નહાલચંદભાઈ નથુભાઈ	કપડવંજ.
૧૫	શ્રી લુણાવાડાના દરબાર સાહેબ.	
૧૫	શ્રી આંગડના દરબાર સાહેબ.	
૧૫	શેઠ તારાચંદ પ્રેમચંદ કોઠારી	મુંબાઈ.
૧૦	રા. સા. ચુનીલાલ દલપતરામ કવિશ્વર. સબ જડજ	ધોળકા.
૧૦	શ્રી લીંમડીના દરબાર સાહેબ.	
૧૦	શેઠ ત્રીકમલાલ વાડીલાલ	અમદાવાદ.
૧૦	શેઠ દાદાભાઈ વોચમેકર	મુંબઈ.
૧૦	રા. રા. દોલતરામ ગણપતરામ	પાદરા.
૬	રા. રા. મગનલાલ પુરૂશોત્તમ મેહેતાજી ફોટોગ્રાફર	કપડવંજ.
૬	રા. રા. નાથજી નરસિંહરામ	કપડવંજ.
૫	રા. રા. વિનાયક કેશવ પાલકર	કપડવંજ.
૫	રા. રા. મગનલાલ બાઈશંકર કાર્યભારી	આંગડ.
૫	રા. રા. બાપાલાલ જેઠાલાલ દેસાઈ	અમદાવાદ.
૫	રા. રા. પુરૂશોત્તમ કહાનજી	લીંબડી.
૫	શેઠ પ્રેમાભાઈ કેવળભાઈ	કપડવંજ.
૫	રા. રા. કાળીદાસ મયારામ	ઉમરેઠ.
૫	કવિ દુર્લભદાસ સ્વામજી પુત્ર	જામનગર.
૪	રા. રા. બાલકૃષ્ણ વિજયરામ	કપડવંજ.

૪ રા. રા. લલ્લુભાઈ પ્રેમજીભાઈ કપડવંજ.
૪ રા. રા. પ્રાણજીવન ગોપાળજી મુંબઈ.
૩ રા. રા. ઉમીઆશંકર રામકરશન ,,
૩ રા. રા. દેસાઈ કલાણરાયજી હુકમતરાયજી ભરૂચ.
૩ રા. રા. ફતેચંદ ચકુભાઈ ખરવાલા.
૨ રા. રા. ઉમાભાઈ જેઠાલાલ કપડવંજ.
૨ રા. રા. લલ્લુભાઈ હરજીવનદાસ ,,
૨ રા. સા. મગનલાલ જેચંદ કપડવંજ.
૨ રા. રા. હિરાલાલ વિદ્યારામ નંદકણ.
૨ કવિ. બુલાખીરામ ચકુભાઈ પલસાણા.
૨ શેઠ દેવકરણ ભાણજી મુંબઈ.
૨ રા. રા. મગનલાલ કાળીદાસ હરસોલ.
૨ રા. સા. નારાયણ લલ્લુભાઈ કપડવંજ.
૨ રા. રા. કેશવલાલ મથુરદાસ. કપડવંજ.
૨ રા. રા. મંગળભાઈ દાજીભાઈ કપડવંજ.
૨ રા. રા. રણછોડલાલ મનસુખરામ રતલામ.
૨ રા. રા. મૂળજી નરભેરામ દેવગઢ.
૨ રા. રા. વૃંદાવનદાસ ગીરધરદાસ નડિઆદ.
૨ રા. રા. હરગોવિન્દદાસ મૂળજી કપડવંજ.
૨ શેઠ બંદાલીભાઈ મુંબઈ.
૨ રા. રા. ગોવિન્દજી નાનજી જુનાગઢ.
૨ શેઠ ભવાનીદાસ ભાણાભાઈ મુંબઈ.
૨ રા. રા. જેશંકર નરશીરામ લુણાવાડા.
૨ રા. રા. ભાઇશંકર દોલતરામ વામજ.
૨ મેહેરબાન યાસીનમીઆં કામલમીઆ લુણાવાડા.
૨ દાણી ગીરધરલાલ શિવલાલ કપડવંજ.
૨ શેઠ કેશવલાલ છગનલાલ કપડવંજ.
૧ શેઠ શોભાગચંદ વેલુચંદ. ડીસા.

૧ રા. રા. રામપ્રસાદ બેનીરામ કપડવંજ.
૧ રા.રા.લલ્લુભાઈમહિપતરામઅમદાવાદ.
૧ રા. સા. લલ્લુભાઈ દલપતરામ વડોદરા.
૧ રા.સા.ચુનીલાલ મોતીલાલ અમદાવાદ.
૧ અહેમદાવાદ લાયબ્રેરી.
૧ રા. રા. ભાઇશંકર પ્રાગજી વાંકાનેર.
૧ શેઠ લક્ષ્મીચંદ ચતુર વાંકાનેર.
૧ રા. રા. દવે માવજી ત્રીકમજી વાંકાનેર.
૧ રા. રા. પ્રેભાશંકર વાલમજી વાંકાનેર.
૧ રા. રા. માણેકચંદ ડુંગરશી વાંકાનેર.
૧ ઋષિ જદુરામ મૂળજી વાંકાનેર.
૧ રા. રા. કેશવજી દે૦ રાવળ વાંકાનેર.
૧ દેસાઈ ચુનીલાલ લલ્લુભાઈ કપડવંજ.
૧ શાહ કેવળદાસ હરજીવનદાસ કપડવંજ.
૧ શાહ છોટાલાલ અમીચંદ કપડવંજ.

૧ રા. હરીલાલ બાપુજી ભટ કપડવંજ.
૧ રા. રા. પીતામ્બર દાજીભાઈ કપડવંજ.
૧ ખા. સા. શોરાબશા હોરમજી કપડવંજ.
૧ શેઠ ગોપાળદાસ મેહનલાલ કપડવંજ.
૧ રાં.રા.જાડા કહાનજી ખાખીજાલીઆ.
૧ રા.રા.હરીકિશનદાસ બ્રીજલાલ મુંબઈ
૧ રા.રા.ગીરધરલાલ કુબેરદાસ ડાંગરવા.
૧ રા. રા. વિઠ્ઠલદાસ સુંદરદાસ ઠા. મુંબઈ.
૧ રા. રા. ધારશી નાનજી ઠા૦ મુંબઈ.
૧ રા. રા. વલ્લભદાસ પ્રાગજી ઠા૦મુંબઈ.
૧ રા. રા. પ્રેમજી પેરાજ ઠા૦ મુંબઈ.
૧ રા. રા. પ્રાણલાલ બળદેવજી સુરત.
૧ રા. રા. રામદાસ ભીમજી મુંબઈ.
૧ રા. રા. છગનલાલ એચરલાલ રાયગઢ.
૧ રા. રા. મંગળજી પીતામ્બર રાયગઢ.

૧ રા. રા. દલસુખરામ ભગવાન રાયગઢ.
૧ રા. રા. હરગોવિંદ ભાઇશંકર દેકાવાડા.
૧ રા. રા. મહાશંકર અંબારામ દેકાવાડા.
૧ રા. રા. મોહનલાલ તુળશી માણેકવાડા.
૧ રા. રા. છોટાલાલ કાળીદાસ કપડવંજ.
૧ રા. રા. પ્રભાશંકર વિ૦ રતનજી ઉપાધ્યાય હળવદ.
૧ રા. રા. મોતીલાલ માહેશ્વર વાડાસડે.
૧ ડાક્ટર રણછોડલાલ ફકીરભાઈ ગઢેચી.
૧ શેઠ નવરોજજી નસરવાનજી જામનગર.
૧ રા. રા. દયારામ રઘુરામ જામનગર.
૧ રા. રા. ત્રીકમલાલ કરૂણાશંકર ,,
૧ રા. રા. લક્ષ્મિચંદ ગોવિંદજી જામનગર.
૧ રા. રા. દુલેરાય છોટાલાલ જામનગર.
૧ રા. રા. લક્ષ્મિશંકર મહાશંકર દેત્રોજ.
૧ રા. રા. હરીભાઈ ગોવિંદજી કતારગામ.

૧ રા. રા. ચતુર્ભુજ સંગજી મોટા ટીંબલા.
૧ રા. રા. મણીલાલ બાળમુકુંદ બીનમાલ
૧ કુમારાશ્રી બળદેવજી ધરમપુર.
૧ ઓદીચ વિદ્યાવર્ધક પુસ્તકશાળાના શેક્રટારી કચ્છ માંડવી.
૧ રા. રા. પ્રેમાનંદદાસ હરીલાલ સાદરા.
૧ રા. રા. મૂળશંકર જેશંકર ચંદ્રકાંતના એડીટર મુંબઈ.
૧ રા. રા. હરગોવન કાળીદાસ ઊંઝા.
૧ શેઠ ફરામજી પેસ્તનજી અમદાવાદ.
૧ રા. રા. મુલજીભાઈ મુલાભાઈ ભાવનગર.
૧ રા. રા. મોતીલાલ છોટાલાલ બોટાદ.
૧ રા. રા. કાળીદાસ નાથજી લુણાવાડા.
૧ રા. રા. છગનલાલ ઠાવર લુણાવાડા.

૧ રા. રા. પીતામ્બર શોભાગ્યચંદ શાહા વીરમગામ.
૧ રા. રા. તલકશી કરમચંદ વીરમગામ.
૧ રા. રા. મગનલાલ બાપુજી વીરમગામ.
૧ રા. રા. રતનચંદ મુળચંદ વીરમગામ.
૧ રા. રા. શાહા હરીલાલ આશારામ મેહેમદાવાદ.
૧ રા. રા. વિઠ્ઠલ જેઠાભાઈ મેહેમદાવાદ.
૧ રા. રા. વિઠ્ઠલ મોતીરામ મેહેમદાવાદ.
૧ રા. રા. કોઠારી કશળચંદ ખેહેચરદાસ પાલારપુર.
૧ રા. રા. મેહનલાલ હેમચંદ અમદાવાદ.
૧ રા. રા. ભોગીલાલ તારાચંદઅમદાવાદ.
૧ રા. રા. ડરસનદાસ નરશીદાસ પાટડી.
૧ રા.રા.હરગોવનદાસખુશાલદાસમુંબઈ.
૧ રા. રા. મુળચંદ ખીજવલભ મુંબઈ.

૧ રા. રા. કેશવલાલ મોરબોધર મુંબઈ.
૧ રા. રા. ભવાનજી ઠાકરશી મુંબઈ.
૧ રા.રા.મહાસુખહરીવલવદાસકપડવંજ.
૧ રા. રા. પ્રેમચંદ ખેહેચરદાસ કપડવંજ.
૧ રા. રા. નરોત્તમ હરજીવન નાંદોદ.
૧ રા. રા. દાજીભાઈ કસીભાઈ વસો.
૧ રા. રા. પુરૂશોત્તમ મુળજીભાઈ વડોદરા.
૧ રા. રા. અમીન છોટાભાઈ બાપુલાલ ભાઈ વડોદરા.
૧ રા. શિવપ્રસાદ મણીલાલ અમદાવાદ.
૧ રા. રા.છગનલાલ પરભાશંકર બોરસદ.
૧ રા. રા. હીરાચંદ માણેકચંદ બોરસદ.
૧ રા.રા.મણીલાલરણછોડદાસઅમદાવાદ
૧ રા. રા. પુનેમચંદ ઝવરભાઈ ઘુણાવાડા.
૧ રા. રા. નિરભેશંકર વિ૦ ત્રીભોવનદાસ ઘુણાવાડા.

૧ રા. રા. જમેતરામ ગણપતરામ મુંબઈ.
૧ રા. રાં. છગન પુનમચંદ લુણાવાડા.
૧ રા. રા. નાનાલાલ થાવરજી લુણાવાડા.
૧ રા. રા. ચુનીલાલ ઝવરદાસ લુણાવાડા.
૧ પરમાર નથુ બાપુજી બાંટવા.
૧ રા. રા. દોલતસિંગ હરિસીંગ બાંટવા.
૧ રા. રા. દૃયાશંકર શામજી અંજાર.
૧ શેઠ કેસ્આદજી દિનશાહજી દારૂવાળા. અમદાવાદ.
૧ રા. રા. મગનલાલ મુળજી કપડવંજ.
૧ સ્કો. હરિલાલ નરસીંરામ અમદાવાદ.
૧ સ્કોલર હરિપ્રસાદ આત્મારામ ,,
૧ સ્કોલર મોતીલાલ હરીભાઈ અમદાવાદ.
૧ સ્કોલર પરભુદાસ દલાભાઈ અમદાવાદ.
૧ સ્કોલર ગુણવંતરામ જીવણરામ ,,

૧ સ્કોલર ઝવેરીલાલ વીરચંદ અમદાવાદ.
૧ સ્કોલર મોતીલાલ જેઠારામ અમદાવાદ.
૧ સ્કોલર સોમેશ્વર નાનકેશ્વર અમદાવાદ.
૧ સ્કોલર છોટાલાલ ત્રીભોવન અમદાવાદ.
૧ સ્કોલર નારણજી દયાળજી અમદાવાદ.
૧ સ્કોલર છગનલાલ રણછોડ અમદાવાદ.
૧ સ્કોલર છોટાલાલ જગન્નાથ અમદાવાદ.
૧ સ્કોલર કેવળચંદ ત્રીભોવન અમદાવાદ.
૧ સ્કોલર હરિભાઈ ભગવાનદાસ ,,
૧ સ્કોલર મૂળજી જગજીવન અમદાવાદ.
૧ સ્કોલર વિશ્વનાથ શિવદાસ અમદાવાદ.
૧ સ્કોલર દેવજીભાઈ વાઘજીભાઈ ,,
૧ સ્કોલર પ્રેમજીભાઈ મોરારજીભાઈ ,,
૧ સ્કોલર દુર્લભરામ કુશળજીભાઈ ,,
૧ સ્કોલર માણેકલાલ પુરભુદાસ ,,

૧ સ્કોલર દલસુખ હરગોવિન્દ અમદાવાદ.
૧ સ્કોલર.રામચન્દ્ર બાપુજીઉ મરેઠ.
૧ સ્કોલર.મગનલાલ નરભેરામ પ્રાંતીજ.
૧ સ્કોલર.લલુભાઈ હરીકીશનદાસ માતર.
૧ રા. રા. મગનલાલ ગોવિંદરામ નાંદોદ.
૧ રા.રા.સોમસિંગ જીવણસિંગલુણાવાડા.
૧ કુમારશ્રી માલુભા વજેસીંહજી વણા.
૧ સંચરામપુર રીડીંગરૂમ.
૧ રા. રા. બાલકૃષ્ણ રામશંકરભાઈ લુણાવાડા.
૧ રા. રા. જગન્નાથ ઝવેરભાઇલુણાવાડા.
૧ રા. રા. છોટાલાલ છગનલાલલુણાવાડા.
૧ ગોસાંઈ નારાયણભારથી યશવંતભારથી પાટણ.
૧ રા. રા. દલસુખ હરિવલ્લભદાસ પીહીજ
૧ રા. રા. મગનલાલ હરિભાઈ ગોધરા.
૧ રા. રા. અંબાલાલ નાથજી ગોધરા.
૧ રા. મુળજી કાશીરામ ગોધરા.
૧ રા. રા. ચંદુલાલ બાપુજી ગોધરા.
૧ રા. રા. ત્રીભોવન લલ્યારામ ગોધરા.
૧ મહુવા નેટીવ લાઇબ્રેરી
૧ પારેખ વનમાળી અંદરજી મહુવા.
૧ રા. રા. હરખજી હરીભાઈ મહુવા.
૧ રા. રા. ત્રીભોવન નારણ વોરા મહુવા.
૧ રા. રા. માનજી સાલેભાઈ મહુવા.
૧ ખોજા હસનઅલી મૂળજી મહુવા.
૧ ખોજા વીરજી દેવજી મહુવા.
૧ રા. રા. અન્દરજી ચત્રભુજ મહુવા.
૧ રા. રા. કમીશન કારકુન માંગરોળ.
૧ રા. રા. વૃજવલ્લભદાસ જેકીશનદાસ લુણાવાડા.

૧ રા. રા. નારાયણરાવ મોરેશ્વર શીરસ્તેદારી લુણાવાડા.
૧ શેઠ દામોદર લખમીદાસ મુંબઈ.
૧ રા. રા. જદુલાલ મોહનલાલ ભુજ.
૧ રા. રા. ભીમજી શામજી ભુજ.
૧ રા.રા. મગનલાલ વખતચંદ કપડવંજ.
૧ રા. રા. અંબાલાલ હરીકીશન કપડવંજ.
૧ રા. રા. કાશીલાલ લાલભાઈ કપડવંજ.
૧ રા. રા. છોટાલાલ કુબેર કપડવંજ.
૧ રા. રા. પ્રાણલાલ અમૃતલાલ ભરૂચ.
૧ રા.રા. કેવળરામ દયારામ અમદાવાદ.
૧ રા. રા. વિજનાથ વિ૦ રઘુનાથજી કચ્છ—ગઢસીસા.
૧ રા. રા. પ્રાણશંકર પૂરણદાસ ,,
૧ રા. રા. ઠકર કુંવરજી ભી ,,
૧ દરજી પ્રેમજીભાઈ નાનજી મુંબઈ.

બાલ કેળવણી રીતિ—દ્વિતીય દર્શન.

એનાભિધાન વાળું ઉપયોગી પુસ્તક થોડા દિવસમાં નીચે સહિ કરનાર તરફથી પ્રકટ થશે. તેમાં પ્રથમ દર્શનની માફક અતિશય વિષયાનુક્રમ પાડી બહુજ સારૂં વિવેચન કરવામાં આવશે. કિમ્મત દશ આના. પોષ્ટેજના બે આના વધારે.. પાછળથી એક રૂપિયો.

☞ પ્રથમથીજ પૈસા મોકલનારને ટપાલ ખરચ માફ.

કિશનલાલ ગોવિન્દરામ દેરાસરી.
અમદાવાદ—ખાડિયામાં.